
વાર્તામેળો-૬
વિદ્યાર્થીઓ અને શિક્ષકોની કલમે વહેતી વાર્તાઓ
સંપાદક
દર્શા કિકાણી

# <u>પ્રસ્તાવના</u>

કોરોનાના સમયમાં પણ વાર્તા-મેળો વાર્તા-સ્પર્ધામાં સહર્ષ સહયોગ આપવા બદલ ભાગ લેનાર શાળાઓ, શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓ, આપ સૌનું સ્વાગત છે. ગયા વર્ષ કરતાં આ વર્ષે વિદ્યાર્થીઓની વાર્તાઓ વધારે સંખ્યામાં આવી છે. ૬૪૨ વાર્તાઓ આપણને મળી છે. શિક્ષકો તરફથી 86 વાર્તાઓ મળી છે. અમદાવાદની ZEBER સ્કૂલમાંથી આપણને 50 વાર્તાઓ મળે છે, તેમણે એક નવો રેકોર્ડ કર્યો છે. ૧૮ શાળાઓમાંથી ૨૦થી વધુ વાર્તાઓ મળી છે. તે શાળાઓ સર્ટિફિકેટના હકદાર પણ બને છે.

આ વખતે આપણે કોરોનાના સમયમાં કુટુંબમાં પરસ્પર પ્રેમ વધે એટલા માટે વડીલો અને દાદા-દાદી પાસેથી વાર્તા સાંભળી વિદ્યાર્થીઓએ પોતાની ભાષામાં વાર્તા લખવાની હતી. એટલે વાર્તાઓમાં લોકવાર્તાઓ, રામાયણ, મહાભારત અને પંચતંત્રની વાર્તાઓ ઘણી આવી છે. શિક્ષકોએ ભારતીય સંસ્કૃતિના વારસાના માહિતી આપતા રસપ્રદ લેખો લખ્યા છે. વાર્તાઓમાં પણ સાંસ્કૃતિક વિવિધતા છે. સંસ્કૃતિ અને આધુનિક ટેકનોલોજીનો સુભગ મિલન પણ છે. વિદ્યાર્થીઓએ અવનવી રીતે શણગારીને વાર્તાઓ મોકલી છે. આ વખતે BAPS રાંદેસણ, શાળામાંથી એક ખૂબ જ નવીન પ્રકારની "કીડી અને હાથીના લગ્ન"ની કંકોત્રી મળી છે જેને આપણે એક વિશેષ પુરસ્કાર આપ્યો.

સાંપ્રત સંજોગોને ધ્યાનમાં રાખીને આ વર્ષનો ઈનામ-વિતરણ સમારંભ આપણે ઓનલાઈન કર્યો હતો. ૩૦ વર્ષનો કોર્પોરેટ ક્ષેત્રનો બહોળો અનુભવ ધરાવનાર શ્રીમતી બીનાબેન હાંડા મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યાં હતાં. તેઓ યુવાનો અને બાળકો સાથે ઘણું કામ કરી રહ્યાં છે. તેમણે વાર્તામેળોની પ્રવૃત્તિઓને ખૂબ વખાણી હતી. શાળા અને કોલેજ સ્તરે ભાષા-શિક્ષણનાં અનુભવી તથા આપણાં નિર્ણાયકોમાંનાં એક શ્રીમતી ગીનીબેન શાહે પણ હાજર રહી આશીર્વચન આપ્યાં હતાં.

આપણે વાર્તા-મેળોની વેબસાઇટ બનાવી રહ્યાં છીએ. આવતા વર્ષથી આપને online submission નો વિકલ્પ પણ મળી રહે એવું વિચારીએ છીએ. સાથે-સાથે આખું વર્ષ વિદ્યાર્થીઓ અને શિક્ષકો પોતાને ગમતી વાર્તાઓ, કવિતાઓ, પ્રસંગો, ચિત્રો, માહિતી વગેરે એક બીજાને શેર કરી શકે, ગમતાનું ગુલાલ કરી શકે, તે માટે આ વેબસાઈટનો ઉપયોગ કરવા આપ સૌને અમારું આમંત્રણ છે. તમારી શાળાની, તમારા ગામ કે શહેરની, નાની નાની ત્રણ-ચાર મિનિટની વીડિયો બનાવી અમને મોકલશો તો બધી સ્કૂલો તેને જોઈ શકશે. એકબીજાનો પરિચય થશે અને વધશે. વળી આપણો વાર્તા-મેળોનો સંઘ ઘણો આગળ વધશે, એવી અમારી ઈચ્છા છે.

આ વર્ષની વાર્તા-મેળો-૬ આપણે E-બુક તરીકે પબ્લિશ કરવાનો નિર્ણય લીધો છે. તે ચોપડીની સાથે સાથે અગાઉની પાંચેય વાર્તામેળોની ચોપડીઓ પણ આપણે E-બુક તરીકે સાઈટ હાજર છે. ફક્ત ગુજરાતના જ નહીં પણ દેશના અન્ય રાજ્યોના તથા અન્ય દેશોમાંથી પણ એન.આર.આઈ. ગુજરાતીઓ,

વાર્તા-મેળો કુટુંબમાં જોડાય એવી અમને ખૂબ-ખૂબ આશા છે. વાર્તા-મેળોની E-સફરમાં આપ સૌ ઉમંગથી જોડાઈ અમારો ઉત્સાહ વધારતા રહેશો તેવી આશા સાથે આપનો આભાર.

આ વર્ષના ઓનલાઈન ઈનામ-વિતરણ સમારંભ માટે બધી જવાબદારી ઉપાડી લેનાર BAPS, રાંદેસણ, શાળાનાં ડાયરેક્ટર સુશ્રી નીતાબહેન શાહ અને તેમની ટીમનો આભાર માનીએ તેટલો ઓછો છે! વાર્તાઓના આકલનના કામમાં મને મદદ કરનાર સ્વેતલ ગજ્જર અને રચનાત્મક ડીઝાઇનના કામ માટે શ્રી દેવપાલ શાહનો આભાર! મારા પતિદેવ શ્રી રાજેશ કિકાણી, કે જેમના સહકારથી જ દર વર્ષે વાર્તામેળો શક્ય બને છે, તેમનો આભાર કેવી રીતે માનું?

દર્શા રાજેશ કિકાણી

27/02/2022

વાર્તામેળો -૬ વિજેતા યાદી (વિદ્યાર્થીઓ)

| • વિજેતા વિદ્યાર્થીઓના નામ | • વાર્તાનું શીર્ષક | • શાળાનું નામ |
|---|---|---|
| સુમેધા ઈશાનભાઈ મહેતા<br>પ્રથમ ક્રમ | ગૌરવનીવાત | ઝેબરસ્કૂલ ફોર ચિલ્ડ્રન –<br>અમદાવાદ |
| રુચિરામાલુસરે<br>દ્વિતીયક્રમ | વિશ્વબંધુત્વ | બરોડાહાઈસ્કૂલ - દંતેશ્વર |
| સચાણિયાનિરાલી રાજેન્દ્રભાઈ<br>તૃતીય ક્રમ | રોટલીબેનઅને પીઝાભાઈ | નવજીવનપ્રા.શાળા - ઉમરાળા |
| પરમારધર્મેન્દ્રસિંહ<br>પ્રોત્સાહન | ખેડૂતનીકાકડી | એન.આર.પટેલસાર્વજનિક<br>વિદ્યાલય-અભરા,કરજણ |
| કરાડવૈદેહી<br>પ્રોત્સાહન | મશીનોનુંશહેર | BAPS સ્વામિનારાયણ<br>વિદ્યામંદિર-રાંદેસણ, ગાંધીનગર |
| હેત્વી વૈદ્ય<br>પ્રોત્સાહન | અંધચિત્રકાર | ઝેબર સ્કૂલ ફોરચિલ્ડ્રન–<br>અમદાવાદ |
| વરિયાપ્રતિક<br>પ્રોત્સાહન | સપનું | બરોડા હાઈસ્કુલ -દંતેશ્વર |
| પ્રજાપતિમાહી પીયુષભાઈ<br>પ્રોત્સાહન | અનોખીભાવાંજલિ | વિકાસ વિદ્યાલય - સાણંદ |
| શ્રેયાહિતેશભાઈ ગોરૈયા<br>વિશેષ પુરસ્કાર | કીડીઅને હાથીના લગ્ન | BAPS સ્વામિનારાયણવિદ્યામંદિર-<br>રાંદેસણ, ગાંધીનગર |

વાર્તામેળો -ક વિજેતા યાદી (શિક્ષકો)

| | | |
|---|---|---|
| વિજેતા શિક્ષકોના નામ | વાર્તાનું શીર્ષક | શાળાનું નામ |
| | | |
| પીયુષજોટાણિયા<br>પ્રથમ ક્રમ | ડિજીટલબુક | ગાવડકાપ્રાથમિક શાળા,<br>તા.અમરેલી |
| મહેશ'સ્પર્શ'<br>દ્વિતીય ક્રમ | કુડુકકુડુક ડુગ્ગુ અને સુપ્પુ | મહાલક્ષ્મીતાલુકા શાળા, ઠાસરા |
| ગોપાલજસાણી<br>તૃતીય ક્રમ | પુણ્યનીલક્ષ્મી | જરાપરા-મુંદ્રા |
| દ્યુતિદહિયા<br>પ્રોત્સાહન | ઉડાન | **C. N.**વિદ્યાલય -અમદાવાદ |
| દવેછાયા ભવાનીશંકર<br>પ્રોત્સાહન | રવિવારનીરાહ | શ્રીમતીએમ.એમ.કન્યા વિદ્યા-<br>પાલીતાણા |
| વિજયસિંહઆર્ય<br>પ્રોત્સાહન | મનેશીખવી ગયા | અનગઢ ગ્રુપપ્રાથમિક શાળા |
| પીયુષકુમારબી. પ્રજાપતિ<br>પ્રોત્સાહન | કુદરતનાખોળે | કે.એસ.બી.વિદ્યાવિહાર -વિરમગામ |
| જીગ્નેશત્રિવેદી , પ્રોત્સાહન | સદાકાળભારત મહાન | આદર્શપીંપણ પ્રા.શાળા |

(1)

વાર્તા નંબર: 573

વિદ્યાર્થીનું નામ – સુમેધા ઈશાન મહેતા

શાળાનું નામ – ઝેબર સ્કૂલ ફોર ચિલ્ડ્રન - અમદાવાદ-59

ધોરણ : ૯ બ

હું બહુ નાની હતી ત્યારથી જ મારા દાદા-દાદી અને માતા-પિતા મને વાર્તાઓ કહી સંભળાવતા. થોડી મોટી થઈ પછી તો હું પોતે પણ સાંભળેલી વાર્તા તેમને કહી સંભળાવતી. નાનપણથી જ મળેલા એ સંસ્કારોને કારણે આજે પરિવારની વચ્ચે બેસીને મારા વિચારો કલમબદ્ધ કરી લખેલી વાર્તા રજૂ કરવાનો આ અવસર મને 'વાર્તા મેળો-6'દ્વારા મળેલો છે, તો એ વાર્તા અહીં રજૂ કરીશ. આ માટે મારા પરિવાર તથા 'વાર્તા-મેળો -6' ની આભારી છું મારી વાર્તાનું શીર્ષક છે ....

## ગૌરવની વાત



ઘણાં વર્ષો પહેલાની વાત છે. એક સુંદર મજાનું ગામ હતું ગામનું નામ માધવપુર હતું. ગામમાં ખૂબ હરિયાળી હતી ઊંચા ઊંચા અને લીલાછમ ઝાડ હતા. ગામના લોકો હળીમળીને રહેતાં અને ગામને પણ ખૂબ સ્વચ્છ અને સાફ રાખતાં.

ગામમાં એક છોકરો રહેતો હતો છોકરાનું નામ કેશવ. કેશવની ઉંમર 12 વર્ષ કેશવ ભોળો અને સરળ સ્વભાવનો હતો. આ બાળકને એક જ વાતનું દુઃખ નામ તેનું હતું કેશવ પણ કેશનો જ અભાવ ! માથે ફક્ત એક જ વાળ ! માતા-પિતાએ ઘરગથ્થુ ઘણાં પ્રયત્નો કર્યા. જડીબુટ્ટીઓ અને જાતજાતનાં તેલનો પણ ઉપયોગ કર્યો પરંતુ કેશવના વાળ ઉગાડવામાં સફળતા ન મળી.


કેશવઆ તકલીફને લીધે આજુબાજુ રહેતાં  બાળકો સાથે હળી મળી શકતો નહીં, રમી શકતો નહીં આથી તેને કોઈ મિત્રો પણ ન હતા.તે સમયે હંમેશાં લાગતું કે બીજા બાળકો મને ચિઢવશે તો? આ વાતથી કેશવ સદાય ચિંતામાં રહેતો. એક દિવસ તેની માતાએ કેશવને તેની તકલીફના ઉપાય માટેબાજુમાં જ રહેતા વિજ્ઞાની ડૉ.દેસાઈ પાસે જવાનું સૂચવ્યું. વિજ્ઞાની પાસે જવાની વાત ના વિચાર સાથે જ રાત્રે કેશવ ઊંઘી ગયો.



સવારે ઉઠીને નજીકમાં જ રહેતા વિજ્ઞાની ડૉ.દેસાઈ પાસે કેશવ પહોંચી ગયો ડૉ.દેસાઈને પોતાની તકલીફ જણાવી. વિજ્ઞાનીએ કહ્યું કે, આ પૃથ્વી પર તો તારી તકલીફ નો ઉપાય નથી, પણ આલ્ફા ગ્રહમાં તારી મુસીબતનો ઉકેલ છે. અહીં

પાસે મ્યુઝિયમમાં એક અવકાશ યંત્ર છે. જેની મદદથી તું આલ્ફા ગ્રહમાં જઈને તારા વાળની તકલીફનો ઉપાય શોધી શકીશ.

બીજે દિવસે બંને જણા મ્યુઝિયમમાં પહોંચી ગયા. અવકાશયાન વિશાળ અને ગોળાકાર હતું. ડૉ.દેસાઈએ બહારથી એક ચાંપ દબાવી ત્યાં તો અવકાશયાન ખૂલી  ગયું અને બંને અંદર પ્રવેશ્યા. અવકાશયાન ખૂબ સુખ સુવિધા વાળું આધુનિક હતું. તેમાં કંટ્રોલ પેનલ અને મોટી ડિસપ્લે પેનલ હતી. વિજ્ઞાની ડૉ.દેસાઈએ કેશવને અવકાશયાન ચાલુ બંધ કરતા અને બીજી સગવડોનો ઉપયોગ કરતા શીખવ્યું.



પછીના દિવસે પોતાની જરૂરિયાતનો સામાન લઈને કેશવ મ્યુઝિયમમાં પહોંચી ગયો. પોતે અવકાશયાન ચાલુ કર્યું અને તે સુપરસોનિક ગતિથી અવકાશમાં ઊડવા લાગ્યું. જોતજોતામાં અવકાશયાન અવકાશમાં પહોંચી ગયું ! રસ્તામાં કેશવે લાલ ગ્રહ, પ્લુટો ગ્રહ અને અનેક ટમટમતા તારાઓ કે જે પોતે કદી જોયા ન હતા તે તેને વાસ્તવિક જોવા મળ્યા.ડૉ.દેસાઈએ અગાઉથી જ આલ્ફા

ગ્રહ સુધીનો રસ્તો અંકિત કરેલો હતો એટલે અવકાશયાન 'આલ્ફા ગ્રહ' પર ઊતર્યું.

ચાંપ દબાવીને કેશવ અવકાશયાનની બહાર નીકળ્યો. આ ગ્રહ સૂરજથી દૂર હોવાને કારણે ત્યાં વાતાવરણ ખૂબ ઠંડુ હતું. ત્યાંની માટી વાદળી રંગની હતી ! ત્યાંની જમીન પર પથ્થર નહીં પરંતુ રત્નો ફેલાવેલાં હતા ! વૃક્ષો 50 મીટર ઊંચા હતા. તેના પાંદડા લાલ રંગના અને સોનેરી મોતીની જેમ કે તેવા ફળફૂલ હતાં. કેશવ ને તો ખૂબ નવાઈ લાગી !

આ ગ્રહ પર ચાલતાં કેશવે એક વિશાળકાય  સાપ જોયો કે જે હવામાં ઊડતો હતો. આ સાપને  ડ્રેગન જેવી વિશાળ પાંખો હતી. તેના માથા પર સુંદર કેશવાળી હતી. કેશવે આ વિચિત્ર પ્રાણીને પૂછ્યું, "તમે કોણ છો ?"સાપે જવાબ આપ્યો કે પોતે આલ્ફા ગ્રહના યુરોપા નામની સાપની પ્રજાતિ છે.સાપની સુંદર કેશવાળી જોઈને કેશવે તેની પાસે થોડા વાળ માગ્યા.યૂરોપાની કેશવાળીના વાળ પોતાના માથા પર ગોઠવીને કેશવ ખુશ થયો. પરંતુ એ વાળ બરડ હતા. કેશવની ટાલ પર ખૂંચવા લાગ્યા સાપના વાળ ત્યાં જ મૂકીને કેશવ હવે આગળ વધ્યો.




ચાલતાં ચાલતાં કેશવને બીજું વિચિત્ર પ્રાણી દેખાયું  આ પ્રાણી દેખાવે એક વૃક્ષ જેવું હતું ! તે બોલી ચાલી શકતું હતું. તેના શરીર પર દસ ફૂટ લાંબા વાળ હતા

વાતચીતથી કેશવ ને ખબર પડી કે આ કોઈ વૃક્ષ નહીં પરંતુ એક એકટોમસ પ્રજાતિનું પ્રાણી હતું. કેશવે તેને પોતાની વાળની મુસીબત કહી સંભળાવી, અને થોડા વાળ  માગ્યા ઓક્ટોમસ પાસેથી વાળ મેળવીને કેશવે  પોતાના માથા પર ગોઠવ્યા પરંતુ આ તો વૃક્ષના વાળ ! થોડીવારમાં તો આવા વાળ સૂકાઈને ખરી પડ્યા!



નિરાશા અને થાકને લીધે કેશવ એક ઝાડ નીચે બેસી ગયો. ઝાડથી થોડે દૂર તેને જમીન પર ચાલતી માછલીઓ જોઈ ! તેના શરીર પર શાહુડી જેવા કાંટા

અને પૂછડીઓ  હતી. પરંતુ તેમાંથી એક માછલી ને પૂંછડી ન હતી અને તે બધાથી અલગ



દેખાતી હતી કે સૌને આ માછલી સાથે વાત કરવાનું મન થયું.માછલી સાથે વાતચિતથી  કેશવને ખબર પડી કે તે એક "ઓરેકસ" પ્રજાતિની માછલી છે એને દાંત પણ નહોતા અને વધારામાં પૂંછડી પણ ન હતી !

કેશવે તેને પૂછ્યું, "તમે તમારામિત્રો કરતા અલગ દેખાવ છો, છતાં પણ તેમની સાથે કેવી રીતે રહો છો? તમને શરમ નથી આવતી?" ઓરેકસે કહ્યું," અરે,ભાઈ ! આમાં શરમ શાની ? અરે, ઉલટાના બધા મને માન આપે છે. હું બધાથી અલગ છું ને ! મારા જેવું કોઈ નથી,એ કંઈ નાનીસૂની વાત છે ?"

કેશવને આ વાત ગળેઊતરી ગઈ. પોતાને એક જ વાળ છે એટલે બીજા કરતાં પોતે અલગ જ છે તે હકીકત એણે સહર્ષ સ્વીકારી લીધી અને પૃથ્વી પર પાછા જવાનું નક્કી કર્યું.

તેણે અવકાશયાન પાસે પાછા જઈને એ ચાલુ કર્યું અને ઘરરરર.....ઘરરરર...... કરતો ઊપડ્યું અને ...અને ....અરે આતો મમ્મીનું મિક્સર ઘરરરર.....ઘરરરર...... ફરે છે !

કેશવ ને સમજાયું કે પોતે ઊંઘમાં સપનામાં આલ્ફા ગ્રહ પર પહોંચી ગયો હતો.પણ આ સપનાએ એને સમજ આપી! માથે ભલે એક જ વાળ હોય - આપણા રામ બધાથી અલગ ! એ તો ઊલટાની ગૌરવની વાત !!

- સુમેધા મહેતા (૯-બ)

(૨)

**વાર્તા નંબર : ૪૭૪**

વિદ્યાર્થીનું **નામ: માલુસરે રુચિરા**

**શાળાનું નામ : બરોડા હાઇસ્કૂલ -દાંતેશ્વર**

**ધોરણ:૯ અ**

## વિશ્વ બંધુત્વ

સાંજના સમયે હું મારા માતા-પિતા અને મારો ભાઈ અમે સૌ ચા મા બિસ્કુટ ડુબાડીને  ખાઈ રહ્યા હતા. ગલીના ઘરના બધા જ બારણાં બંધ હતાં. કોઈ એક ઘરનો પડદો પણ ખુલ્લો નહોતો.કારણકે બહાર કોરોના હતો. બધાના મનમાં ડર હતો કારણકે બહાર કોરોનાહતો..

કેટલાય દિવસોથી ના મારા પપ્પાએ ચમનલાલ દાદાનું મોઢું જોયું હતું અને ના મારી મમ્મીએ તેમના મમ્મી પપ્પાનું. કારણ કે દેશના વડાપ્રધાન દેશમાં સંપૂર્ણ લોકડાઉન લગાવી બેઠા હતા. આવી વિકટ પરિસ્થિતિમાં હું મારા માતા-પિતા અને મારો ભાઈ પહેલાના સુખ  ભરેલા અને આનંદ ઉલ્લાસની વાતો કરી રહ્યા હતા. ત્યાં તો એકાએક મારી મમ્મીના મોબાઈલ ફોનની ઘંટડી વાગી. મમ્મી એ જોયું તો તે મારી નાનીનો  ફોન હતો. મારા મમ્મી નાનીનો અવાજ સાંભળી ખૂબખુશ થયા હતા.વળી મારા નાની હતાં ખૂબ દાનવીર. તેમણે મારા મમ્મીને કહ્યું કે "બે મહિના પહેલા આપણા ઘરની બાજુમાં જે નવા પાડોશી આવ્યા હતાને તેમના ઘરમાં કાલે ખૂબ જ મોટો ઝઘડો થયો હતો." મારા મમ્મીએ  પૂછ્યું કેમ થયો હતો?નાનીએ કહ્યું કે,"લતાબેન અને તેમના મોટા છોકરાની  વહુ નો ઝગડો થયો. જેમાં તેમના મોટા પુત્રએ  તેની પત્નીને સાથ આપ્યો. આવી વિકટ પરિસ્થિતિમાં તેમની વહુએ  તેમને ઘરની બહાર કાઢી દીધા છતાં છોકરો કંઈ ન બોલ્યો".

મમ્મીએ મોબાઈલ ફોન સ્પીકર પર મૂક્યો હતો. તેથી અમે સૌ દાદીની વાતો સાંભળી રહ્યા હતા. ત્યારબાદ મમ્મીએ પૂછ્યું કે આગળ શું થયું? નાનીએ કહ્યું કે તેમની હ્રદયદ્રાવક પરિસ્થિતિને જોઈને તારા પપ્પાને તેમના પર ખૂબ જ દયા આવી. તેમને થયું કે હવે આ ક્યાં જશે અને તેમનું શું થશે?ત્યારે તારા પપ્પા ઘરની અંદર જઈ માસ્ક પહેરીને બહાર આવ્યા અને તેમની પાસે ગયા. તેમજ તેમને પોતાની સાથે રહેવાનું કહ્યું.

તેમણે કહ્યું કે જ્યાં સુધી પરિસ્થિતિ શાંત ન થાય ત્યાં સુધી અમે તમને આશ્રય આપીશું. તારા પપ્પાએ તેમને ખૂબ સરસ વાત કહી કે, અમે તમને આશ્રય આપી તમારા પર કોઈ ઉપકાર નથી કરી રહ્યા, અમે તો પરસ્પર બંધુત્વની ભાવના વિકસાવી રહ્યા છીએ જે આજના સમયમાં સંપૂર્ણપણે લુપ્ત થઈ ગયેલ છે. તેમણે કહ્યું આવ દોસ્ત આવ છેલ્લાંસમયના દિવસો શાંતિપૂર્ણ પસાર કરીએ. તે બંને ઘરની અંદર આવ્યા અને ગલીમાં ચાલતું લોકોનું મનોરંજન બંધ થઈ ગયું. તેથી સૌ પાછા ઘરની અંદર ભરાઈ ગયા.

પાછળથી મારા ભાઈએ જોરથી બૂમ પાડીને નાનીને કહ્યું કે,અરે, નાની આપણાં ત્યાં જો લોકોને મફત મનોરંજન પ્રાપ્ત થતું હોય તો તેમને કોરોના નહીં નડે.પરંતુ જો તેમના બાળકો કોઈ ભિખારી આવી સહેજ રોટલો પણ માંગે તો તેને પોતાના દર્શન પણ નહીં કરાવે,પણ મનોરંજન મળતુ હોય તો ખુરશી નાખીને બારણાં ખોલીને બેસી જશે." નાની કહે એ તો સાચી વાત છે ફરીથી ભાઈએ પૂછ્યું કે, નાની નાના ક્યાં છે? જો તમે અમારી સાથે વાતો કરો છો તો નાના અને મારા નવા દાદા-દાદી ક્યાં છે? નાનીએ એ કહ્યું કે તે ઉપરની ખોલી (રૂમ)માં ચા પીવા બેઠા છે. નાનીએ કહ્યું કે ચાલ બેટા હવે ફોન મૂકું તારા નાના મને બોલાવી રહ્યા છે. ભાઈએ કહ્યું, બાય નાની, ધ્યાન રાખજો".

આ બધી વાતો સાંભળીને મારી મમ્મી તો ચિંતામાં આવી ગઈ તેણે પપ્પાને કહ્યું,"આ લોકોને જરા પણ સમજ નથી કોઈ અજાણ્યા લોકોને આવી રીતે ઘરની અંદર કઈ રીતે લવાય? આ મારા પપ્પાને કંઈ ખબર જ પડતી નથી. એક તો ઉપરથી મારો લાડકો ભાઈ પણ ઘરે નથી. ભગવાન ન કરે પણ અમને કંઈ થઈ

ગયું તો? આવી તે  કોઈ કોરોના કાળની  કારણે પરિસ્થિતિમાં પપ્પાને કઈ બંધુત્વની ભાવના વિકસાવી છે કે જ્યાં પોતાના જ ઠેકાણા નથી ને.” પપ્પાએ કહ્યું કે શાંત થઈ જા મીરા. કોઈને કંઈ નહીં થાય તને તો ખબર છે ને કે તારા પપ્પા ને કેટલું બધું બોલવા લાગે છે. તે બિચારા ઘરમાં બેઠાબેઠા કંટાળી ગયા છે. છો ને તે પોતાની  જ ઉંમરના નવા મળેલા પોતાના મિત્ર સાથે થોડો આનંદ લે. આટલું કહી પપ્પા તોબાલ્કની માં જતાં રહ્યા. પરંતુ મમ્મી તો ખૂબ જ બાવરા થઇ ગયા હતા.મમ્મીથી રહેવાયું નહી અને પાછો સામેથી તેણે  નાનાને ફોન કર્યો. નાના કહે,“એક મિનિટ હું બેટા ! હું મારા નવા મિત્રને પહેરવા માટે નાઈટશુટ  આપી રહ્યો છું.” મમ્મી કહે હેલો... હેલો... પપ્પા કાંઈ સંભળાતું નથી. નાના કહે હેલો બેટા કેમ છે તું?તું શું કરે છે બાળકો અને  જમાઈરાજા? મમ્મી કહે એ બધાને જવાદો પપ્પા મનેકહો કે તમે ત્યાં શું કરી રહ્યા છો? કોઈ અજાણી વ્યક્તિને તમે સહજતાથી ઘરની અંદર કેવી રીતે લઈ લીધા?પછી નાનાએ  જવાબ આપવાનું શરૂ કર્યું તે રોકાયા જ નહીં..નાના  કહે કે અમે તો મસ્ત મજા માણી રહ્યા છે.
જે નવા મારા મિત્ર આવ્યા છે તે અને તેમની પત્ની અમે સૌ કાલે ઘણી બધી વાતો કરી હતી.તેમણે કહ્યું કે તેઓ મૂળ મહારાષ્ટ્રના વતની છે. તેમના પુત્રની ટ્રાન્સફર થવાને કારણે તે ગુજરાતમાં રહેવા આવેલ છે. મારા મિત્રની પત્નીએ કાલે જ એક વાનગી બનાવી હતી જેનું નામ કોથમીર વડી હતું.તે મહારાષ્ટ્રની એક પ્રખ્યાત વાનગી છે તે ખૂબ જ સરસ હતી કાલે તો અમને પહેલાં આ દિવસોની  યાદ આવી ગઈ.

હં... મમ્મી...ઓ.. મમ્મી... કેવી હતી વાર્તા? મે ઉપરોક્ત વાર્તા જાતે બનાવી છે. જેમાં વિશ્વ બંધુત્વની ભાવના વ્યક્ત કરી છે.અમારી શાળામાં વાર્તા લેખન સ્પર્ધા છે. જેમાં મેં ભાગ લીધો છે. મમ્મી બોલ ને કેવી છે વાર્તા? હા બેટા ! સારી છે પણ વાર્તાનો કોઈ બોધ તો આપ. હા મમ્મી એ જ વિચારી રહી છું .

(3)

વાર્તા નંબર : 237

વિદ્યાર્થીનું નામ : સચાણિયા નિરાલી રાજેન્દ્રભાઈ

શાળા : નવજીવન પ્રાથમિક શાળા - લીમડા (હનુભાના)

## રોટલીબેન અને પીઝાભાઈ

એક સુંદર મજાનું નગર હતું નગરમાં સુંદર મજાના રોટલા બેન રહેતા હતા.

નગરના બધા જ લોકો આ રોટલી બેનનેખૂબ જ વહાલ  કરતા હતા. અરે હા.. તેનું ધ્યાન પણ રાખતા હતા.તમને  ખબર છે તેઓ રોટલી બેનનું જતન પણ કરતા હતા. મિત્રો જતન તો કરેજ ને..તે રોટલીબેન તેમના શરીરને જરૂરી પોષકતત્વો આપતી હતી. અને શરીરને એકદમ તંદુરસ્ત પણ બનાવતી હતી .

આમ, રોટલી બેન અને ગામ લોકો વચ્ચે ખૂબ જ ગાઢ સંબંધ હતો. આ સંબંધ તો  ખૂબ વર્ષો જૂનો હતો. આ બંનેને એકબીજા વગર એક દિવસ પણ ન ચાલતું. આથી રોટલી બેન તો ખૂબ જ  ખુશ હતા. એટલા ખુશ કે ફૂલીને દડા જેવા થતાં .. અને ગામલોકોના પાચન તંત્રને પણ ફુલાવતા.

મિત્રો આમ કરતાં કરતાં ઘણા વર્ષો નીકળી ગયા. પછી એક દિવસ દોસ્તો... આ ગામનો એક છોકરો શહેરમાં ફરવા માટે ગયો. શહેરમાં ફરતાં ફરતાં તેમણે કોણ મળ્યું ખબર છે મિત્રો? તેમને મળ્યા પીઝાભાઈ. તે છોકરો આ પીઝાભાઈને પોતાના ગામમાં લાવ્યો.

પછી તો બન્યું એવું દોસ્તો... પીઝા ભાઈએ પોતાના ચટપટા સ્વાદથી બધાં બાળકોના અને યુવાનોના મનને પોતાના કાબુમાં કરી લીધા.અરે...દોસ્તો આ પીઝા ભાઈએ ગામમાં એવી ધૂમ મચાવી કે ગામલોકો રોટલીબેનને ભૂલી જ ગયા.

દોસ્તો બિચારા રોટલી બેન તો ગરમામાં જ પુરાઈ ગયા. તે ગરમામાં  બેઠાં-બેઠાં બાળકોની ચિંતા કરતા હતા કે અરે ! આ પીઝા ભાઈ તો મારા બાળકોના

પેટને બગાડી નાખશે.. એના પાચનતંત્રને બગાડી નાખશે. રોટલી બેન તો એકદમ મૂંઝાઈ ગયા.

મિત્રો આમ કરતાં કરતાં ૧૦થી ૧૨વર્ષ નીકળી ગયા. પીઝા ભાઈનું રાજ તો ચોકે - ચોકમાં હતું.લોકો તેમને ખૂબ પસંદ કરવા લાગ્યાં. રોટલી બેન તો ચૂપચાપ બધું જોયા કરે.

મિત્રો આ પીઝા ભાઈએ તો ધીમે ધીમે લોકોના પેટને બગાડી નાખ્યા. તેમના પાચનને લઈને અનેક બીમારી લોકોને થવા લાગી. બિચારા ગામલોકો તો પેટ પકડીને રડવા લાગ્યાં. રડતાં - રડતાં બધા લોકો ગામના ડોક્ટર સાહેબ પાસે ગયા."ડૉક્ટર સા'બને કહ્યું ડૉક્ટર સાહેબ ડોક્ટર સા'બ અમારા પેટની બીમારી દૂર કરો અમને બચાવો... બચાવો...."

દોસ્તો... ડૉક્ટર સાહેબે કહ્યું,"ગામ લોકો શાંતિ રાખો અને મને કહો તમે શું જમો છો? ગામલોકો તો કહે સા'બ અમેતો ચટપટા પીઝા ખાઈએ છીએ. તમને પણ બહુ ભાવશે..."ડૉક્ટર સાહેબ કહે,"અરે... મારા ભોળા માણસો આ પેટની બીમારીનું મૂળ કારણ આ પીઝા ભાઈ જ છે. શું તમે રોટલી બેનને નથી ઓળખતા? આપણા પાચનતંત્રને તંદુરસ્ત રાખે છે." ગામ લોકો કહે,"અરે... હા ! સાહેબ અમે તો તેને એકદમ ભૂલી જ ગયા આ પીઝા ભાઈના સ્વાદમાં."

"અરે ગામલોકો ચાલો... ચાલો... આપણે રોટલી બેન પાસે જઈએ." બધા લોકોએ રોટલી બેન પાસે માફી માંગી અને કહ્યું, " રોટલી બેન ... રોટલી બેન.... અમને માફ કરો તમે તો અમને હંમેશાં તંદુરસ્ત રાખતા હતા પણ અમે તો અમને હોસ્પિટલ પહોંચાડનાર તે પીઝા ભાઈના વખાણ કરતા, અમને માફ કરો.

મિત્રો પછી તો બધા ગામલોકોને રોટલી ની કિંમત સમજાઈ અને તેઓએ નક્કી કર્યું કે આ પીઝા ભાઈને હવેઆપણાં ગામમાંથી બહાર કાઢી મૂકીએ. તેમને ગામમાં ક્યારેય નહીં આવવા દઈએ. ગામ લોકો પાછા રોટલીબેનને વહાલ કરવા લાગ્યા અને પીઝા ભાઈ ને કાઢી મૂક્યા.

દોસ્તો... તો આપણે આપણા પાચનતંત્રને તંદુરસ્ત રાખવા શું ખાવું જોઈએ?આ રોટલી બેનને કે પછી આપણને બીમાર પાડનાર પીઝા ભાઈને...

મિત્રો તમે પણ વિચારજો આ રોટલીબેન અને પીઝાભાઈ વિશે પછી જ તેમને પસંદ કરજો.

વાર્તા નંબર: **382**

વિદ્યાર્થીનું નામ : પરમાર ધર્મેન્દ્રસિંહ શૈલેન્દ્રસિંહ

શાળાનું નામ:શ્રીમતી એન.આર.પટેલ સાર્વજનિક વિદ્યાલય –હડોદ,અભરા

ધોરણ : **9** (બ)

## ખેડૂત અને કાકડી

એકવાર એક રાજા વેશપલટો કરી રૈયતના સુખ-દુઃખ જોવા નીકળ્યા હતા. ગામની સીમમાં એને એક ગધેડા વાળાને જોયો. ગધેડા પરતાજી કાકડી લાદેલી હતી. રાજાએ પૂછ્યું:"આટલી બધી કાકડી લઈ ક્યાં ચાલ્યા? વેચવા**?**

ગધેડાવાળાએ કહ્યું :" વેચવા નહીં ભેટ દેવા ! ખેડૂત છું કમોસમેઆવો ફક્કડ પાક થયો છે તો મને થયું કે રાજાને ભેટધરું. સાંભળ્યું છે કે રાજાને કાકડી બહુ ભાવે છે!

રાજાએ કહ્યું: "તમે સાંભળ્યું એવું મેંય સાંભળ્યું છે.પણ રાજાને ભેટ ધરવાથી તમને શું ફાયદો**?**

ખેડૂતે કહ્યું : "રાજા છે ખુશ થાય તો હજાર રૂપિયા ઇનામ દઈ દે !

રાજાએ માથું ધુણાવી કહ્યું: " ઊંહું ! કાકડીના કોઈ હજાર રૂપિયા ન દે! તો પાંચસો દેશે ! ઊંહું ! પાંચસોય વધારે છે.'તો ચારસો દેશે, બસો દેશે.કમોસમની કાકડી છે. કેટલા ખાતર પાણી કર્યાં છે. શું રાજા એટલુંય નહીં સમજે**?**'

રાજા દિલનો ભલો છે એવું સાંભળ્યું છે.

સાંભળ્યું છે તે સાચું છે,પણ કાકડીના કોઈ બસો રૂપિયા ન આપે !

તો શું આપશે ! સો કંઈ વધારે નથી. તોય રાજા એ ઊંહું ! ઊંહું ! કર્યું.ત્યારે ખેડૂતે કહ્યું: સો નહીં આપે તો પચાસ તો આપશે ને **?**

કે એટલાય નહીં આપે **?**

રાજાએ કહ્યું: પચાસ પણ વધારે છે ! શું સમજે ? બસ પછી કાકડી બધી છોકરામાં

વહેંચી દઈશ છોકરાં તો રાજી થશે ને ? રાજાએ કહ્યું :'છોકરાં રાજી થશે એની ના નથી પણ તમારો તો માલ મફતમાં ગયો ને'?

ખેડૂતે કહ્યું જો ભાઈ અમે રહ્યા ખેડૂત ! માલ મફતમાં જાય એનો વાંધો નહીં પણ માન રહેવું જોઈએ. બાકી હું પૈસા સારું કાકડી દેવા નથી જતો. રાજા છે રૈયતનો બેલી છે. એટલે એને ભેટ ધરવા આ લઈ જાઉં છું. પણ ખેડૂતની ભેટની રાજાને મન કંઈ કિંમત ન હોય તો એ રાજા એના ઘરનો !

એમ તો હું પણ મારા ઘરનો રાજા છું.

આ સાંભળી રાજા હસ્યો . તેણે કહ્યું ખરું કહ્યું !

ખરું કહ્યું ! દોસ્ત !

પછી બેઉ છૂટા પડ્યા.

રાજા કચેરી ભરીને બેઠો હતો. ત્યાં ખેડૂત ગધેડા સાથે કચેરીમાં દાખલ થયો. રાજાને પ્રણામ કરીને કહ્યું મહારાજ કમોસમે પાકેલી આ કાકડી હું આપને ભેટ ધરવા આવ્યો છું.

રાજા એ કહ્યું : 'કાકડી ?

વાહ ! તો મારે એનું ઈનામ દેવું જોઈએ.

બોલ શું આપું?

ખેડૂતે કહ્યું: એક હજાર રૂપિયા !'

રાજાએ કહ્યું : ઊંહું ! ઊંહું !

ખેડૂતે કહ્યું તો પાંચસો રૂપિયા આપો!

રાજાએ કહ્યું : ઊંહું ! ઊંહું !

દરબારીઓ નવાઈ પામી જોઈ રહ્યા કે કદી કોઈને ઊંહું નહીં કહેનારો રાજા આજે આ ખેડૂતને ઊંહું ઊંહું કેમ કરે છે.ખેડૂતે કહ્યું: તો ચારસો આપો,ત્રણસો આપો,બસો આપો રાજાએ કહ્યું :ઊંહું ! ઊંહું ! ખેડૂતે કહ્યું તો સો આપો! એ કાંઈ વધારે નથી.

રાજાએ કહ્યું: ઊંહું ! ઊંહું !

ખેડૂતે કહ્યું :તો પચાસ આપો.

રાજાએ ગંભીર મોં કરી કહ્યું પચાસ? ઊંહું! ઊંહુ! ફટ દઈને ખેડૂતે હવે ફાળિયું જમીન પર પછાડીને કહ્યું મારી કાકડીને તને કંઈ કિંમત ન હોય તો રહ્યું ! તું રાજા તારા ઘરનો ! હું કાકડી છોકરામાં વહેંચી દઈશ.

આમ કહ્યું ત્યાં રાજા જોરથી હસી પડ્યા. હવે ખેડૂતે તેને ઓળખ્યો.અરે ! આ તો પેલો મને ગામમાં પેસતા મળ્યો હતો એ ! એટલે એણેય જોરથી હસવા માંડ્યું. આખી કચેરી મૂંઢ જેવી બની આ જોઈ રહી.

હસવાની કળા વળી? એટલે રાજાએકહ્યું: મારા રાજ્યમાં આવા ખેડૂતો છે એ જોઈને મને આનંદ થાય છે. ખજાનચી, ખેડૂતના મોંમાંથી જે આંકડો નીકળ્યો, એટલા રૂપિયા એને આપો!

ખજાનચીએ કહ્યું: પચાસ રૂપિયા?

રાજાએ કહ્યું: તેથી વધારે !

ખજાનચીએ કહ્યું: સો રૂપિયા?

એથી વધારે ! ખજાનચીએકહ્યું: બસો રૂપિયા? ત્રણસો રૂપિયા?ચારસો રૂપિયા?

રાજાએ કહ્યું: તેથી વધારે!

પાંચસો રૂપિયા? એથી વધારે!

હજાર રૂપિયા?

રાજાએ કહ્યું: એથી વધારે!

હવે ખજાનચીમૂંઝાયો ખેડૂત એક હજારથી વધારે બોલ્યો નથી તો એથી વધારે શું કહેવું ?

રાજાએ કહ્યું : ખેડૂતને આપો હજાર વતા પાંચસો વતા ચારસો વતા ત્રણસો વતા બસો વતા સો વતા પચાસ રૂપિયા! અઢી હજારને પચાસ રૂપિયા ખેડૂતને આપો આ કાકડીની કિંમત નથી,પણ ખેડૂતના પ્રેમનો નજીવો પુરસ્કાર છે.

આમ કહી એણે એક કાકડી લઈ સભામાં જ એક કરડવા માંડી કહે:“વાહશુંફકક્ડ કાકડી છે ! આવી મીઠી કાકડીમે કદી ખાધી નથી ! લ્યો બધાએ ચાખો.

દરબારમાં બધા કાકડી ચાવવા લાગી ગયા. પોતાની કાકડીનો આવો મહિમા થતો જોઈ ખેડૂત તો ખુશ ખુશ થઈ ગયો.

વાર્તા નંબર : 39

વિદ્યાર્થીનું નામ: કરાડ વૈદેહી હસમુખભાઈ

શાળાનું નામ:BAPSસ્વામિનારાયણ વિદ્યામંદિર – ગાંધીનગર

ધોરણ: ૮

## મશીનોનું શહેર

એક ખૂબ જ મોટું શહેર હતું. શહેરનું નામ "મશીનોનું શહેર"જેવું નામ તેવું જ શહેર. શહેરમાં જ્યાં જુઓ ત્યાં રોબોટ જોવા મળે.ત્યાના શહેરોમાં પણ અમીર માણસો જ રહે.ક્યાંય  પણ ગરીબી જોવા ન મળે. શહેરમાં બધા ઘર ઈમારતો,સ્કૂલ, ઓફિસ બધું જ મોર્ડન **'Full of technology'** બધા જ લોકો એવા ઘરમાં રહે કે જો રિમોટનું બટન દબાવીએ તો ઘર એક જગ્યાએથી બીજી જગ્યાએ જતું રહે.

આ શહેરમાં તો બધી વસ્તુમોર્ડન એક પણ વસ્તું એવી નહીં જે રિમોટથી ન ચાલે આના લીધે શહેરના બધા જ લોકો આળસુ બની ગયા હતા.

ખેડૂતો પહેલા હળચલાવીને ખેતર ખેડતા સખત ગરમીમાં પરંતુ એ જ ખેડૂતોએ ખેતરમાં રોબર્ટ રાખી દીધા. ખેતરમાં બીજ નાખવાથી તે પાક લણવા સુધી બધું જ કામ રોબર્ટ કરે અને ખેડૂતો મસ્ત પોચા પોચા રૂ જેવા સોફા પર બેસી રહે અને કેમેરા દ્વારા બધું જોવે કે રોબર્ટ કામ બરાબર કરે છે કે નહીં.

સ્કૂલમાં પણ એ જ હાલત જે  શિક્ષકો ચોક વડે બોર્ડમાં લખી સમજાવતા તે હવે સ્માર્ટ બોર્ડ માંપી.પી.ટી., વિડિયો દ્વારા સમજાવે અને વળી વિદ્યાર્થીઓ પણ પોતાનું  ટેબલેટ લઈ નેજ સ્કૂલે આવે કંઈક શિક્ષક લખાવે તો પણ તે ટેબલેટમાં જ લખે. પુસ્તક પેનનું તો નામ જ નહીં. બધા બાળકો તો આળસુના પીર થઈ ગયા હતા.

હોસ્પિટલમાં તો ડૉક્ટરોને નિરાંત  લાગી.પોતે ઓપરેશન  ન કરે પરંતુ રોબર્ટ કરે. કોઈ દર્દી બીમાર પડ્યો હોય તો દવા પણ રોબર્ટ જ આપે.ડૉક્ટરો તો મસ્ત મજાની AC વાળી ઓફિસમાં બેસી ચા, કોફી પીવે અને બધું કેમેરામાં જોવે અને રિમોટથી રોબર્ટને હેન્ડલ કરે.

મશીનોના શહેરમાં કોઈપણને ક્યાંય પણ જવું હોય તો એર ફ્લાઈંગ કારથી જ જાય. સાયકલ,બસ, રીક્ષા, બાઈક અથવા સ્કૂટર તો જોવા જ ના મળે.સિવાય એર ફ્લાઈંગ કાર. જેને બહારનું  જમવાનું  જમવું હોય તો તે હોટલમાં કે દુકાને ન જાય પરંતુ ઝોમેટો, સ્વિગી માંથી ઓર્ડર કરે અને એ મજાના ટીવી જોતાં-જોતાં ગરમ ગરમ વાનગી જમે.

ઘરમાં પણ કોઈને પણ કંઈ કામ હોય તો રિમોટનું બટન દબાવ્યું અને કામ થઈ ગયું.કોઈ પણ કંઈ કામ ન કરે બધા જ લોકો દિન-પ્રતિદિન આળસુ થતા જતા હતા.

એક વખત એક રોબર્ટ બગડી ગયો. તેના ઉપર પાણી પડવાથી અને તેણે ધીરે ધીરે કરીને બધા જ રોબર્ટને પણ બગાડી નાખ્યા અને આખા શહેર ઉપર હુમલો કરવા લાગ્યા. આખા શહેરને કાગળની જેમ કચર.....કચર..... કચરી દીધું. ખૂબ જ લોકો મૃત્યુ પામ્યા. ઘણા બધા લોકો ઘવાયા પરંતુ કોઈ પણ કાંઈ ન કરી શકયું.

ડૉક્ટરો પણ બધું જ ભૂલી ગયા હતા.ડૉક્ટરોને એ ખબર ન પડતી હતી કે શું કરવું? ડૉક્ટરોએ બધું જ કામ રોબર્ટને સોંપી દીધું હતું. અને પોતે કંઈ ન કરતા હતા તેથી  તે પોતાની આવડત ભૂલી ગયા હતા. દિવસે દિવસે લોકો મૃત્યુ પામવા લાગ્યા હતા.

રાતદિવસ  લોકો ઘરમાં રહેતા કે હમણાં રોબર્ટ આવશે...હમણાં રોબર્ટ આવશે ! લોકો ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યા ઉપવાસ કરવા લાગ્યા.

બે ત્રણ દિવસ સુધી આવું ચાલ્યું  પછી એક સુપરમેનની એન્ટ્રી થઈ. તે એક નાનો છોકરો હતો પરંતુ તે ભલભલાને કરાવી દેતો હતો. તેની ઉંમર  ૧૫ વર્ષ જેટલી હતી. તે આવ્યો અને રોબર્ટ સાથે યુદ્ધ કર્યું.બધા જ રોબર્ટને  ધીરે ધીરે

નાશ કરી દીધા પછી બધું શાંત થયું અને જો એ શહેરની હાલત જોઈએ તો એવું લાગે અરે રે.. એટલો બધો કચરો.

સુપરમેને શહેરમાં જંતર મંતરના મેદાનમાં મીટિંગ રાખી બધા લોકો ટાઇમસર મીટિંગમાં પહોંચી ગયા. પછી સુપરમેન આવ્યા અને બધાને કહ્યું **"Hello everyone"** મારું નામ સુપરમેન છે. હું માર્સમાંથી આવ્યો છું. મારે તમને બધાને એક વાત કહેવી છે.

શહેરના બધા જ લોકોએ કહ્યું બોલો બોલો તમે તો અમારી જાન બચાવી છે. પછી સુપરમેને કહ્યું આ બધું એટલે થયું કારણ કે તમે લોકો રોબર્ટ મશીન ઉપર નિર્ભર હતા. તમે લોકો ઉભા થઈને પાણી પણ ન પીતા હતા. તમે બધા કામચોર અને આળસું બની ગયા હતા. તમે એ ભૂલી ગયા હતા કે આ પૃથ્વી કેટલી સુંદર છે અને તમે તેમાં રોબર્ટ અને મશીનોથી દશા ફેરવી દીધી.

પછી બધા જ લોકોને પસ્તાવો થયો અને તેઓ માફી માંગવા લાગ્યા. પછી બધા જ લોકો એ બધું સાફ કર્યું. અને વસ્તુ નાશ થઈ ગઈ હતી તેને રીપેર કર્યું અને છોડ વાવ્યા.અને મશીનોના શહેરને ખુશહાલ બનાવી નાખ્યું અને **"green city"** એવું નામ આપ્યું.

વાર્તા નંબર : 611
વિદ્યાર્થીનું નામ : હેતવી રાજીવ વૈદ્ય
શાળા : ઝેબર સ્કૂલ ફોર ચિલ્ડ્રન –અમદાવાદ-૫૯
ધોરણ : ૮ બ

## અંધ ચિત્રકાર

એક બદલાપુર નામનું ગામ હતું.ગામ નાનું હતું પણ મજાનું હતું. ગામના લોકો હળીમળીને રહેતા હતા. બધા પોતપોતાનો વ્યવસાય કરીને પોતાનું ગુજરાન ચલાવતા હતાં. આ ગામમાં એક યુવાન દંપતી રહેતું હતું. તેમના નામ હતા સમર્થ અને કાજલ. બંને પ્રેમાળ હતાં બંને વચ્ચેનો પ્રેમ પણ એવો અદભુત હતો. બંને એકબીજાને સમજે અને સહકારથી જીવન જીવતાં હતા.

સમર્થ એક ખૂબ જ સરસ ચિત્રકાર હતો. તે રાત દિવસ પેન્ટિંગસ કરવામાં મશગૂલ રહેતો હતો. અને આ પેઇન્ટિંગ્સને વેચીને પૈસા કમાતો હતો. આમ તો એ આ પેઇન્ટિંગથી ખાસ કંઈ કમાતો ન હતો. પણ તેને તેના વિના ચાલતું પણ ન હતું. તેના કારણે તે થોડો પાછળ પડી ગયો હતો. ઓછી આવકના કારણે તે કોઈ બીજા નવા કામની શોધમાં નીકળી પડયો.
પરંતુ સમર્થને ક્યાં ખબર હતી કે કાંઈ ભયંકર આગળ તેની રાહ જોઈ રહ્યું હતું. કામના વિચારો કરતાં કરતાં તે ચાલી રહ્યો હતો ત્યારે તેને તેની નજીક આવતી ટ્રકને ન જોઈ અને તેને એક ભયંકર અકસ્માતનો સામનો કરવો પડ્યો. આ અકસ્માતના કારણે તેને એક નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો.સદનસીબે તેના શરીરના બીજા કોઈ અંગમાં એટલું નુકસાન થયું ન હતું, સિવાય કે તેની આંખો. તેની આંખોની રોશની તેણે ગુમાવી દીધી હતી. તે હવે પહેલાંના જેવું જોઈ શકતો નહોતો.ડૉક્ટરે કહ્યું કે જ્યાં સુધી તેને સર્જરી નહીં થાય ત્યાં સુધી તેની રોશની પાછી આવવી મુશ્કેલ છે. અને આ સર્જરી અત્યંત મોંઘી હતી.પત્નીએ કહ્યું

કે તેમની પાસે આટલા પૂરતા પૈસા ન હતા. પરંતુ ડૉક્ટરે હોસ્પિટલના નિયમોનું પાલન કરવું પડ્યું અને કહ્યું કે પછી તમારા પાસે આ સિવાય બીજો કોઈ વિકલ્પ બચ્યો નથી. અને સમર્થની દૃષ્ટિ પાછી લાવવી મુશ્કેલ છે.

હવે આ દંપતીને આર્થિક મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. કાજલે  સમર્થ માટે કામ શોધવા માટે ઘણાં  પ્રયત્નો કર્યા. મિત્રોની મદદ માંગી જોઈ. બેંકમાંથી લોન લેવા માટેના પ્રયાસોકર્યા, પણ બદનસીબે કંઈ ફળ્યું નહીં. મુશ્કિલ સફર હવે શરૂ થવાની હતી. કાજલે તેણે પોતાના અને તેના પતિ માટે એક કાફેટેરિયાની  નોકરી સ્વીકારી લીધી. સમર્થ  બીજાની મદદ વિના પોતાની જાતે કેવી રીતે જિંદગી જીવવી તે અંગેની તકનીકો શીખી રહ્યો હતો. આમને આમ દિવસો અને પછી મહિનાઓ વીતી જતા હતા પણ તેમને કોઈ આશા દેખાતી નહોતી. છેવટે સમર્થે એક દિવસે થાકી, કંટાળીને પરિસ્થિતિ સામે હાર માની લીધી હતી.અચાનક એક દિવસે તેણે  રેડિયો પર સાંભળ્યું કે ૩૦મી જાન્યુઆરીએ **1,00,000** જીતવા માટે એક મોટી સ્પર્ધા યોજાવા જઈ રહી છે જેમાં શહેરની શ્રેષ્ઠ પેઇન્ટિંગ સ્પર્ધા જીતી શકે છે. એ આ સ્પર્ધા માટે એકદમ જ ઉત્સાહિત થઈ ગયો પણ અચાનક જ તેને ભાન થયું કે તેને આંખો ગુમાવી દીધી છે અને તે નિરાશ થઈ ગયો. એટલામાં તેની પાસે તેનો પાળેલો કૂતરો ટોમી આવ્યો અને તેને તેના પેઇન્ટિંગ વિસ્તારની નજીક લઈ ગયો. ત્યાં જઈને સમર્થે બ્રશને સ્પર્શ કર્યો અને તેને લાગ્યું કે તેની બધી યાદો પાછી આવી રહી છે. તેની આંખમાંથી આંસુ વહી રહ્યા હતા.

પણ પછી રંગ જાણ્યા વિના જ તેણે ત્યાં પડેલા રંગો ઉપાડવાનું શરૂ કર્યું. જે ફક્ત પેઇન્ટિંગના રંગનીસુગંધ લેવા માંગતો હતો. તેણે કોઈ પણ રંગ મનફાવે તેમ ઉપાડીને ડ્રોઈંગ બોર્ડ પર લગાવીને પેઇન્ટિંગ કરવાનું શરૂ કર્યું અને જાદુ સર્જાયું.ઘણા મહિનાઓ પછી આ સમયે માનસિક રાહત અનુભવી તે પોતે જ ખૂબ જ અવાચક હતો કે તે આ બધું કેવી રીતે કામ કરી શકે છે અને તે  ખૂબ જ ખુશ હતો.

પછીના થોડા અઠવાડિયામાં સમર્થે વોકિંગ ટેકનીક શીખવાનું શરૂ કર્યું અને બ્રેઇલ લિપિના ક્લાસ શરૂ કર્યા.આમાં તેણે ઘણી ટેકનીક અજમાવવાનું શરૂ કર્યું. અને

તેની કલ્પનાને કેનવાસમાં ચિતરવાનું શરૂ કર્યું .તેણે રંગોને અનુભવવાનું શરૂ કર્યું.અને રંગોને વાચા આપવાનું શરૂ કર્યું. ભલે તે જોઈ શકતો ન હતો પણ તે રંગોથી રંગીન ચિત્ર બનાવતો હતો એક દિવસ જ્યારે તેની પત્નીએ પેઈન્ટિંગ પર ધ્યાન આપ્યું ત્યારે તેણે કહ્યું કે તે ખૂબ જ સુંદર પેઇન્ટિંગને આકાર આપી રહ્યો છે. સમર્થે કહ્યું કે કામ શરુ કર્યા પછી તેનું મન પહેલા કરતાં વધુ રંગીન થઈ ગયું છે. આ સાંભળ્યા પછી કાજલે સ્પર્ધા માટે તેનું નામ નોંધાવ્યું પરંતુ તેના પિતાએ કહ્યું કે તે કરી નહીં શકે. કાજલે કહ્યું કે તે તેમાં ભાગ લઈ રહ્યા છે એ જ ઘણું મહત્વનું છે.

પછી કાજલે કહ્યું કે આપણી પાસે છ દિવસ છે અને આપણે તેને આવતા રવિવારે પેઇન્ટિંગ કરીને તેમને પહોંચાડવાનું છે. કાજલ તેને તે સ્પર્ધા જીતાડવા ઇચ્છે છે જેથી ઈનામની રકમથી તે તેની ગુમાવેલી દૃષ્ટિ પાછી મેળવી શકે. તેનો પતિ જાણતો હતો કે તેની પત્ની આશા રાખે છે પરંતુ તેણે કહ્યું કે તારી આશા વાસ્તવિકતામાં પૂરી થઈ શકવાની નથી. પરંતુ બીજા જ દિવસે તેને પેઇન્ટિંગની પ્રેક્ટિસ કરવાનું શરૂ કર્યું અને તે એક ચમત્કારમાં પરિણમ્યું. એક દિવસ તેણે તેની પત્નીને કહ્યું કે મને આ પેઈન્ટિંગ કરવામાં ખૂબ જ મજા આવી રહી છે. તેની પત્નીએ કહ્યું કારણ કે તમે તમારા જીવનમાં પહેલીવાર પરિણામની કાળજી લેવાનું છોડી દીધું છે.

જેમ જેમ દિવસો વીતતા ગયા તેમ તેમ તેને સમજાયું કે તે માત્ર પેન્ટિંગ જ નથી કરતો પરંતુ તે જે પાર્ટ પેન્ટિંગ કરી રહ્યો હતો તે તેને એક સુંદર મુકામ તરફ લઈ જઇ રહ્યો હતો.અને જેમ કે પહેલાં પાંચ દિવસ વીતી ગયા અને આખરે તેની પેઈન્ટીંગ સ્પર્ધામાં લાવવામાં આવી પરિણામના દિવસે જાહેર થયું કે જે પેઇન્ટિંગને સૌથી વધુ મત મળ્યા છે તે સમર્થની હતી. ન્યાયાધીશોએ સમર્થને સ્ટેજ પર બોલાવ્યા પરંતુ જ્યારે સમર્થને સ્ટેજ પર જોયો ત્યારે તેઓએ જોયું કે તે અંધ હતો.

નિર્ણાયકો અને બીજા સ્પર્ધક રોહન તેને જોઈને ચોંકી ગયા કે એક અંધ વ્યક્તિ આટલી સુંદર પેઇન્ટિંગ કેવી રીતે કરી શકે?રોહને વાંધો ઉઠાવ્યો કે પેઇન્ટિંગ કોઈ બીજા વ્યક્તિ દ્વારા કરવામાં આવ્યું છે. અને તેઓ તેમના એક લાખ રૂપિયા માટે અહીં આવ્યા છે. રોહન વિરોધ કરી રહ્યો હતો અનેનિર્ણાયકોને તેની સાથે રહેવા માટે સમજાવી રહ્યો હતો. સમર્થે સમજાવ્યું કે તેની બાહ્ય દ્રષ્ટિ મર્યાદિત છે પણ તેની આંતરદ્રષ્ટિ મર્યાદિત નથી. જો તમને લાગતું હોય કે મારી વિકલાંગતાને કારણે હું લાયક નથી, તો તમને તમારી ઈનામની રકમ પાછી મળી રહેશે. રોહને તેને બધાની સામે પેઇન્ટિંગ કરવાનો પડકાર ફેંક્યો. અને તેને બધાની હાજરીમાં પેઇન્ટિંગ કરવાનું શરૂ કર્યું અને ત્યાં હાજર રહેલાને બતાવ્યુનિર્ણાયકો,અને ત્યાં બેઠેલા પ્રેક્ષકો તો ચોંકી જ ગયા એક અંધ વ્યક્તિ આટલું સુંદર પેઇન્ટિંગ કરી શકે છે તે બધા માટે આશ્ચર્યની વાત હતી.

રોહને અપરાધની લાગણી અનુભવી. અને તેણે કહ્યું કે તે સમર્થ ખરેખર આઈનામને લાયક છે. જ્યારે બધા ચર્ચા દર્શકો સમર્થને અભિનંદન આપી રહ્યા હતા ત્યારે સમર્થે રોહન પાસેથી કંઈક સાંભળી લીધું તેણે સાંભળ્યું કેરોહનના પિતા હોસ્પિટલમાં દાખલ છે અને તે તેના છેલ્લા દિવસો ગણી રહ્યા છે. અને તેને તેના પિતાની સારવાર માટે પૈસા જોઈએ છે. અને તે તેના પિતાને પાછા જીવાડવા માંગે છે. અને તેને તે પૈસા રોહનને આપી દીધા. તેને ખૂબ જ આઘાત લાગ્યો પણ તેણે તેને વચન આપ્યું. કે એ જરૂર પાછા આપીદેશે. રોહન તરત જ પૈસા લઈને હોસ્પિટલમાં પહોંચ્યો પણ ત્યાં તેણે જોયું કે તેના પિતાનું મૃત્યુ થઈ ચૂક્યું હતું. તે ઉદાસ અને નિરાશ થઈ ગયો.

પણ પછી અચાનક તેને કંઈક સૂઝ્યું. તેને ડૉક્ટરને કહ્યું કે તે ઇચ્છે છે કે તેના પિતાની આંખો તે કોઈને દાન કરવા માંગે છે. અને એક સરસ દિવસે સમર્થને ફોન આવ્યો તેને ફોન ઉપાડ્યો અને સામેની વ્યક્તિએ કહ્યું કે તેમની પાસે કોઈ છે જે તમારા માટે તેની આંખો દાન કરવા માંગે છે.

આ સાંભળ્યા પછી સમર્થ એટલો આશ્ચર્યચકિત અને ખુશ થયો કે આખરે તેને તેની ગુમાવેલી આંખો પાછી મળી શકશે. તે દિવસ પછી તે અને કાજલ હોસ્પિટલમાં

ગયા અને સમર્થનું ઓપરેશન કરવામાં આવ્યુ. આખરે તેને તેની આંખોની રોશની પાછી મળી. પટ્ટી દૂર કર્યા પછી તેને કહ્યું કે તે જોઈ શકે છે તે હવે આ સુંદર દુનિયા જોઈ શકે છે.

પછી તેણે તેની પત્ની કાજલને બોલાવી પરંતુ તેના બદલે રોહન અંદર આવ્યો અને કહ્યું કે હું રહું છું તમે મને આપેલા પૈસા આ રહ્યા તેને તે પૈસા સમર્થને આપ્યા. સમર્થે કહ્યું કે "હું હજી કંઈ સમજી શકતો નથી શું તમને તમારા પિતા માટે આ પૈસાની જરૂર ન હતી?" અને જવાબ આવ્યો જરૂર તો હતી પણ અત્યારે તમે તેમની આંખોથી મને જોઈ રહ્યા છો.

આ સાંભળીનેસમર્થની આંખોમાંથી આંસુ વહી રહ્યા. સ્પર્ધામાં તમે મારા માટે જે કર્યું તેવું મેં પહેલાં ક્યારેય જોયું નથી. તમે મારા પિતાને બચાવવાનો પ્રયાસ કર્યો પણ તેમાં સફળ ન થયા.

ઓછામાં ઓછું એમની આંખો હવે તમારા મન દ્વારા વિશ્વને જોઈ શકે છે.રોહને કહ્યું અને આ જ રીતે આ સુંદર વાર્તાનો અંત આવ્યો. એક વાર્તા છે ઇચ્છા અને નિશ્ચયની શક્તિ શીખવે છે. અને તે જ સમયે અન્ય પ્રત્યે દયા અને કરુણાનું મૂલ્ય શીખવે છે. જો વ્યક્તિ દરેક વસ્તુથી ઉપર માનવતાને પસંદ કરે તો શું ન કરી શકે!





(૭)

વાર્તા નંબર: 467

**વિદ્યાર્થીનું નામ : વરિયા પ્રતીક દિનેશભાઈ**

**શાળાનું નામ: બરોડા હાઇસ્કૂલ,દંતેશ્વર**

**ધોરણ : 9 C**

## સપનું

“કાલે રીમાને એક સપનું આવ્યું, એક વિચિત્ર સપનું એક પક્ષી આકાશમાં મસ્તમોલા પાંખો પસારતું  અને હવાને ચીરતું ઉડતું હતું. કોઈક વખત પક્ષીઓના ટોળા સાથે તો કોઈક વખત એકલું.રીમા છત પર બેઠાં બેઠાં તેની સામે જોતી હતી.ખુલ્લા આકાશમાં બેફિકર થઈને તેને ઊડતા જોઈ રીમાને આનંદ આવતો હતો. થોડી ક્ષણો સુધી રીમાએ તે પક્ષીનું નિરીક્ષણ કર્યું. આટલા મોટા આકાશમાં તે અમુક મીટરના નિશ્ચિત એરિયામાંજ ગોળગોળચક્કરલગાવતું હતું.જ્યારે બીજા

પક્ષીઓના ટોળા આખા આકાશને પોતાનું ઘર બનાવતા હતા. પણ પેલું પક્ષી તે બધાથી અલગ એકજ જગ્યાને જ પોતાનું ઘર સમજી ઊડતું હતું.

થોડા સમય બાદ જ્યારે પક્ષીની પાંખો થોડી થાકી ત્યારે તે રીમાના ઘરની પાસે વળી છત પર જઈને અને પાળી પર બેઠું.રીમા તેને જોવા ઊભી થઈ. કોઈક વ્યક્તિએ તેને બંને હાથે પકડી અને એક પાંજરામાં પૂરી દીધુ. અને તે પાંજરું ઘરની અંદર લઈ ગયો.

બીજો દિવસ થયો. ફરી તે વ્યક્તિએ તે પક્ષીને પાંજરામાંથી મુક્ત કર્યું. અને ખુલ્લું છોડ્યું. તેપક્ષી ફરી આકાશમાં ઊડયું, ફરી થાક્યું અને ફરી પાંજરામાં પુરાઈ ગયું.

થોડા દિવસ સુધી આ નિરંતર ચાલ્યું. પણ આ દિવસોની અંદર રીમાએ એક વાત નોટીસ કરી કે તે પક્ષી તેના અમુક નિશ્ચિત એરિયાથી થોડું થોડું આગળ વધવા લાગ્યું. શાયદ તે તેના નિશ્ચિત ઘરને છોડી આકાશને તેનું ઘર બનાવવા માંગતું હતું. તે પક્ષી થોડું થોડું આગળ જાય અને થાકીને પાછું આવે અને પાંજરામાં પુરાઈ જાય.

એક દિવસ તે પક્ષી ઊડયું અને ત્યારબાદ પાછું ફર્યું જ નહિ. આભમાં ઊડતા ઊડતા ઘણું આગળ નીકળી ગયું. પેલા વ્યક્તિએ સૂરજ આથમવા સુધીની રાહ જોઈ પણ તે પક્ષી પાછું ન આવ્યું .

બીજો દિવસ થયો એ પક્ષી પેલા વ્યક્તિની છતની પાળી પર આવીને બેઠું. તે વ્યક્તિએ તેના માથા પર હાથ ફેરવ્યો પણ પાંજરામાં ન પૂર્યું. અને તે પક્ષી થોડી ક્ષણો બાદ ત્યાંથી ગગનમાં દૂર ક્યાંકઊડી ગયું.સપનામાં થયેલી ઘટના રીમાને તેના માતા-પિતાને કહી.

"તો આમાં વિચિત્ર શું છે?" મમ્મી પપ્પાએ સાથે પૂછ્યું.તે પક્ષી શા માટે જતું રહ્યું? અને દરરોજ તે પક્ષી થોડું થોડું આગળ જતું હતું તો પેલો વ્યક્તિ શા માટેદરરોજ તેને પાંજરામાંથી મુક્ત કરતો. સોળ વર્ષની રીમાનાઆવા સામાન્ય પ્રશ્નોનેસાંભળીને તેના મમ્મી-પપ્પા પણ વિચારમાં પડી ગયા.

રીમા આવા સામાન્ય પ્રશ્નોના જવાબ તો તું ખુદ શોધી શકે છે. એ પક્ષી છે. ભગવાને તેને પાંખો આપી છે તો પાંજરામાં પુરી કુદરતની આ રચનાને શોભા બનાવી શા માટે રાખવી? તે વ્યક્તિએ એવું વિચાર્યું હશે. મમ્મી સમજાવતા બોલી.

પક્ષીનું ઘર ખુલ્લું આકાશ છે પાંજરું નહીં. આ વાત પક્ષીને સમજમાં આવી ગઈ હશે એટલા માટે તે પક્ષી પેલા વ્યક્તિને છોડીને તેની જિંદગી માણવા ઊડી ગયું. પપ્પા પણ રીમાના પ્રશ્નોના જવાબ આપતા બોલ્યા.

" તો તે વ્યક્તિએ પક્ષીને પાંજરામાં પૂર્યું જ શા માટે?" રીમાએ નવો પ્રશ્ન પૂછ્યો. ઘણા કારણો હોઈ શકેજેમ કે તે પક્ષી જ્યારે નાનું હોય ત્યારથી પેલો વ્યક્તિ તેની સારસંભાળ કરતો હોય, અથવા તો પક્ષી ઘાયલ થયું હોય અને તેની ઠીક થવાની રાહમાં તેને પાંજરામાં પૂર્યુંહોય. કે પછી એવું પણ બની શકે કે પેલાં વ્યક્તિને શોખ હોય પક્ષી પાળવાનો.પણ પછી આગળ જતાં સમજાયું હોય કે તે પક્ષીની જગ્યા પાંજરું નહીં, ખુલ્લુ ગગન છે એટલા માટે તેને છોડી દીધું હોય'. પપ્પા સમજાવતા બોલ્યા,"રીમા આજે કેમ આવા સામાન્ય પ્રશ્નો અને વાતો તને નથી સમજાતી? તારાથી નાના બાળકો હોય તેને પણ આ સપનાનો અર્થ સમજાઈ જાય..

મમ્મી ટોકતાબોલ્યા."જો આ વાત આટલી સિમ્પલ જ છે તો તમને કેમ નથી સમજાતી ? પેલો વ્યક્તિ જાણતો હતો કે એક દિવસ આ પક્ષી તેને છોડી પોતાની જિંદગી જીવવા માટે ઊડી જવાનું છે છતાં તેની સારસંભાળ કરતો.એવું તો નહોતું કે તે વ્યક્તિ પેલા પક્ષીને પ્રેમ ના કરતો. તે એટલો જ પ્રેમ કરતો હતો. જેટલો તમે મને અને દીદીને કરો છો. છતાં તે વ્યક્તિએ સમજ્યું કે ભગવાને તેને પાંખો ઉડવા માટે આપી છે. પાંજરામાં પુરાવવા માટે નહીં, ઘરની શોભા વધારવા માટે નહીં. તમે જો દીદીને બહાર બીજા શહેરમાં ભણવાનહીં જવા દો તો એનો મતલબ એમ કે તમે એમને પાંજરામાં પૂરી રાખવા માંગો છો. પેલા પક્ષીને પણ પાંજરામાં પૂરાઈ ને પ્રેમ મળતો જ હતો પણ 'જિંદગી જીવવા માટે ખાલી પ્રેમ પૂરતો નથી. આઝાદી પણ એટલી જરૂરી છે.'

જ્યારે તે વ્યક્તિને એ વાત સમજાય છે ત્યારે તે પક્ષીને તુરંત આઝાદી સોંપી દે છે. પણ તમે જોયું પપ્પા તે પક્ષીને આઝાદી મળ્યા બાદ પણ વ્યક્તિ વ્યક્તિને તે મળવા આવ્યો. કારણ કે આઝાદી આપવાથી ક્યારેય પ્રેમ ઓછો નથી થતો ઊલટાનો પ્રેમ અને રિસ્પેક્ટ વધે છે.રીમાની આ વાત સાંભળીને મમ્મી-પપ્પા કંઈ ન બોલ્યા. બંને બસ એકબીજા સામે જોવા લાગ્યા. થોડી ક્ષણોમાં મૌન પછી મમ્મીએનિશાને અવાજ લગાવી બહાર બોલાવી.

અઢાર વર્ષની નિશા બહાર આવી ત્યાં મમ્મીએતેને પ્રશ્ન પૂછ્યો,"નિશા તારે આગળ ભણવા માટે બીજા શહેરમાં જવું છે કે નહીં? શું વિચાર છે તારો? મમ્મી પપ્પા તમારી મંજૂરી વિના હું ક્યાંય નથી જવાની. જો તમારું મન ના હોય તો હું અહીંયા રહીને કંઈક ને કંઈક આગળ સ્ટડી કરી લઈશ."નિશા સ્થિર અવાજે બોલી.

બેટા તને ખબર છે અમે માતા-પિતા તમારા પર પાબંધી લગાવવા નથી ઈચ્છતા પણ શું કરીએ. અમારી ચિંતા અને સમાજની હાલત જોઈને અમે પાબંધી લગાવીએ છીએ. તમે લોકો આગળ વધો, જીવનમાં કંઈક કરો, કંઈક બનો તો અમારાથી વધુ બીજી કોને ખુશી થાય? પણ આજકાલનો માહોલ જોઈ અમને ડર લાગતો હોય કે ત્યાં બહાર નીકળી અમારી દીકરીઓ અમારાથી દૂર તો નહીં થઈ જાય ને? પણ

અમે મા-બાપ અમારા ડર અને ચિંતાના ચક્કરમાં એ ભૂલી જઈએ છીએ કે, અમારા બાળકોને પણ પોતાની એક જિંદગી છે.જે એમને ખુલીને જીવવાનો પૂરો હક છે. અમે તેમને રોકવાનો હક નથી ધરાવતા બસ વાત પર ટોકવાનો હક ધરાવીએ છે.બાકી તમારી જિંદગી તમારી છે. તમારા નિર્ણય પર અમે સલાહ સૂચન આપી શકીએ પણ પાબંદી ન લગાવી શકીએ ".પપ્પા નિશાના માથે હાથ મૂકતા બોલ્યા.

"અરે તમે શું ગોળ ગોળ વાતો કરો છો?" મમ્મી નિશાની પાસે આવીને બોલી." સીધું કહી દોને કે જો બેટા તારી ઇચ્છા હોય તો તું કોલેજમાં ભણવા બીજા શહેરમાં જઈ શકે છે."

સાંભળતાની સાથે નિશા તેની મમ્મી પપ્પાને ગળે મળતા બોલી પડી, " થેન્ક્યુ સો મચ તમે દુનિયાના સૌથી સારા માતા પિતા છો.

"અને હું વર્લ્ડ બેસ્ટ નાની બહેન." રીમા આગળ આવતા બોલી,"તમે તો અમારા ઘરના દાદીમાં છો રીમાદેવી" કહેતા રીમાને પણ ગળે મળી અને બધા હસવા લાગ્યા.



(૮)

**વાર્તા નંબર : 316**
**વિદ્યાર્થીનું નામ : પ્રજાપતિ માહી પીયુષભાઈ**
**શાળાનું નામ : વિકાસ વિદ્યાલય - સાણંદ**
**ધોરણ : 10**

## અનોખી ભાવાંજલિ

વૈશાખી વાયરા વાતા હતા. સૂર્ય પોતાની સંપૂર્ણ ગરમી પૃથ્વી પર ફેંકી રહ્યો હતો. ધીમે ધીમે તે પણ થાક્યો. સાંજનો સમય થયો. સૂર્ય વિશાળ ગગનચુંબી ઈમારતોની પાછળ સંતાઈ રહ્યો હતો,જ્યારે ઘરમાં સંતાઈ રહેલો માનવ સમુદાય આથમતી સંધ્યાએ બહાર નીકળતો હતો.

તેમાં વળી આજે તો શેઠ ધનસુખરાય મીનાબેનનાં પુત્ર સમીરના લગ્નનું રિસેપ્શન હતું. પાર્ટીપ્લોટ ફુલહાર, લાઇટ, સિરીઝ દ્વારા શણગારવામાં આવ્યો હતો.

ધીમું સંગીત વાગી રહ્યું હતું. જે નવા કપડાંમાં સજ્જ માણસોની વાતોમાં સહેજ પણ ખલેલ પહોંચાડતું ન હતું .

ધનસુખરાય અને મીનાબેન અદભુત સજાવેલાં ગેટ પર કુટુંબીજનો સાથે આવનારાં માયાળું માણસોને પ્રસન્નતાપૂર્વક નિખાલસ હાસ્ય દ્વારા બે હાથ જોડીને અભિવાદિત કરી રહ્યા હતા.

ત્યાંજ રિસેપ્શન ગેટથી 20ફૂટ દૂર ઊભેલાં બે ભાઈઓ એક ગામમાં કુગ્ગા હાથમાં લઈને **20** રૂપિયામાં વેચતો.તેમની પાસે એક જૂનીશાલ,થાળી,વાટકો, તૂટેલો બગલ થેલો તેમજ પાણી ભરવા માટે હતી. એક પ્લાસ્ટિકની બાટલી, બસ બે ભાઈઓની હતી. સંપત્તિ આટલી હા,પણ બંનેના ચહેરા પર પ્રસન્નતા હતી. એકબીજાની મજાક કરતાં "ગલી ગલી તેરી રાહચલી જીયો રે બાહુબલી...." નું ગીત પોતાની ભાષામાં લલકારતા તેમની પાસે નથી પગમાં પહેરવાનાં ચપ્પલ કે શરીર ઢાંકવા માટે પૂરતાં વસ્ત્રો ઘરમાં નથી. બચાવેલી બચત કે નથી દાળ, ચોખા, ખાંડ,કુગ્ગા વેચીને જે કમાશે તેનો જ સીધો -સામાન લાવી ભોજન બનાવી ખાશે.

લગ્નના ધીમા સંગીત સાથે તેઓ પોતાના લાંબા સૂરને પણ રેલાવતા.20 રૂપિયામાં એક કુગ્ગો લઈ જાઓ. રંગબેરંગી કુગ્ગા...આકાશને આંબતા કુગ્ગા ..લાંબી દોરી સાથે બંધાયેલા કુગ્ગા ...માત્ર ૨૦ રૂપિયામાં એક લઈ જાઓ....

આમેય,આમંત્રિત મહેમાનોના બાળકોને ભોજન કરતાં કુગ્ગાથી રમવાની ઘેલછા વધુ જ હોય. એકસાથે અનેક બાળકો કુગ્ગા લેવા આવી પહોચ્યાં. "મને લાલ.. મને ગુલાબી ...મને બદામી ...મને વાદળી.... કુગ્ગો આપોને ..."બંને છોકરાનાં ચહેરાની પ્રસન્નતા અસીમ હતી.ધનપતિ કુબેર આજે બન્ને ભાઈઓ પર મહેરબાન થયાં હોય તેમ લાગતું હતું. "લે ભાઈ ! તું આ બધાં કુગ્ગા પકડ ...હું તને તારો મનગમતો ગુલાબી રંગનો કુગ્ગો કાઢી આપું." તેણે થોડા પ્રયત્નથી તે કુગ્ગા સાથે જોડાયેલી દોરીને કાઢીને ૨૦ રૂપિયા લઈને,તે ગુલાબી કુગ્ગો બાળકનાં

હાથમાં આપ્યો. પણ આ શું? તે બાળકે તો પોતાનો ફુગ્ગો હાથમાં આવતા જ પેલા ૯૮ હાથમાંથી છોડીને રિસેપ્શન તરફ દોટ મૂકીને પેલા ૯૮ ફુગ્ગાએ આકાશ તરફ..."અરે ...ઊભો રે...અરે ઓ ...હે ભગવાન ! અરે ઊભો રે...છોકરાં... તે આ શું કર્યું?ગેસના ૯૮ ફુગ્ગા નારાજ થયેલો વિદ્યાર્થી શાળામાંથી જે ત્વરાથી ભાગે તે ત્વરાથી આકાશ તરફ દોડવા લાગ્યા.

બીજીબાજુ વરરાજાનું આગમન થતાં આકાશમાં રંગબેરંગી ફટાકડા ફૂટવા લાગ્યા.બધાં જ આમંત્રિત મહેમાનો આતિશબાજી જોવામાં મગ્ન થઈ ગયા.ઢોલ, નગારાં, શરણાઈ વાગવા લાગી. ડી.જે.ના તાલે જાનૈયા ઝૂમવા લાગ્યા.આ કલરવ માં બે બાળકોની કરૂણ ચીસ કોઈને પણ ન સંભળાઈ ડ્રોન કેમેરાથી ખૂબ જ નજીકથી આતિશબાજીનું શૂટિંગ થઈ રહ્યું હતું.

આ આતિશબાજીમાં ગેસનાતે ફુગાઓએ પણ શોભામાં વધારો કર્યો. મહેમાનોએ તો આમતેમ ઊડતા ફૂગ્ગા જોઈને જોશભેર આનંદની કીકીયારીઓ પાડી. તેમજ આકાશમાં ફુગ્ગા ઊડાડી વરરાજાનું અભિવાદન કરવાની નવી પરંપરાની પ્રશંસા કરી.

પણ એમને ક્યાં ખબર છે? કે તે તેમના જ એક ધનવાન પુત્રની 1 ભૂલને કારણે એક ગરીબ પરિવારનું સાંજનું ભોજન આ ફુગ્ગા સાથે આકાશમાં ઊડી રહ્યું છે. આનંદના કિલ્લોલમાં બે હતાશ ચહેરા એકબીજાને દોષ આપતા હતા.અને આકાશમાં ઊડતી પોતાની મૂડીને નિશાશા નાખીને જોઈ રહ્યા હતા. બન્નેની આંખો આજે ભીની હતી. ગેસનો બાટલો ભરેલો હતો. ફાટેલા થેલામાં જૂની શાલ અને થાળી વાટકો મૂકી પાણીની બાટલી ને 20રૂપિયા સાથે આકાશ તરફ જોતાં જોતાં પોતાની ઝૂપડપટ્ટી તરફ ચાલવા લાગ્યા. થોડા સમય પહેલાં જ પ્રસન્નતાથી "ગલી ગલી તેરી રાહ ચલી"ગીત ગાતા બે બાળકો આજે ગલી ગલીની ઠોકર ખાતા ચાલવા લાગ્યા.

શેરબજારમાં કરોડોનું નુકસાન થવાથી કદાચ હર્ષદ મહેતાને પણ આટલું દુઃખ નહીં થયું હોય. એ સાંજે રિશેપ્શનનું ભોજન પણ મને રસહીન લાગ્યું. મને રાત્રે

ઊંઘ પણ ન આવી મને મનમાં થયું કે “મેં થોડા પૈસા આપ્યા હોત તો સારૂં. તે બે અનાથ બાળકો નું ચિંતન આખી રાત કર્યા કર્યું.

લગ્નની સીઝન હતી.હું બીજા દિવસે તે જ પાર્ટી પ્લોટ પાસે બે બાળકોની હાલત પૂછવા ગયો. આજે ફરી પાછો સૂર્ય વિશાળ ગગનચુંબી ઇમારતોની પાછળ સંતાઈ રહ્યો હતો. બંને બાળકો પોતાના મેલાં કપડાં પહેરી ગેસના બાટલા સાથે રિસેપ્શન ગેટથી 20ફૂટ દૂરની જગ્યાએ ગોઠવાઈ ગયા હતા.

ગઈકાલની ઉદાસીના વાદળે તેમના ચહેરા પર પ્રસન્નતાનો સૂર્ય હજી પણઉગવા દીધો ન હતો. આજે ગેસથી ફુલાવેલા તે ફુગ્ગા ગેસની બોટલના હેન્ડલ સાથે મજબૂત બાંધ્યા હતા. ખરેખર દૂધનો દાઝ્યો છાશ પણ ફૂંકી ફૂંકીને પીવે.” મારા ચહેરા પર એક હાસ્યની લહેરખી આવી ગઈ.ધીમા સંગીત સાથે જ અવાજ 20રૂપિયામાં એક ફુગ્ગા ને 30 ના બે ફુગ્ગા  લઈ જાઓ.. રંગબેરંગી ફુગ્ગા આકાશને આંબતા ફુગ્ગા  લાંબી દોરી સાથે બંધાયેલા ફુગ્ગા ....  લઈ જાવ ગઈકાલની નુકસાની ભરપાઈ કરવા આજે ઓછા નફાથી વધુ ધંધો કરવાની ઘેલછાવાળા તે ભાઈઓની બુદ્ધિ ચતુરાઈ જોઈને હું ખુશ થયો.

જરૂર ન હોવા છતાં દસ રૂપિયા બચાવવા પોતાના બાળકોને ૩૦ ના બે ફુગ્ગા લઈ આપનાર માતા-પિતાના ચહેરા પર પ્રસન્નતા હતી. હા પણ તેમનાથી પણ વધુ પ્રસન્નતા તે બે બાળકોના ચહેરા પર છલકાઇ રહી હતી.

કુગા માટે પડાપડી થવા લાગી. લગભગ બધાં બાળકો બે હાથમાં બે ફુગ્ગા સાથે જ રિસેપ્શનમાં જતા હતા. તે બંનેના ચહેરા પરથી ઉદાસીના વાદળો દૂર થયાં. અને ધીમે ધીમે પૂનમનો ચંદ્ર સોળે કલાએ નીખરવા  લાગ્યો. હવે તે ધીમા સંગીતમાં એક ભયંકર અવાજ સંભળાયો.“ગલી ગલી તેરી રાહ ચલી, જીઓ રે બાહુબલી.

પ્રસન્નતાનો તે સૂર મારા હૃદયને આનંદથી તરબોળ કરી ગયો. હું પણ તે ગીત ગણગણવા લાગ્યો. ૧૦૦ફુગ્ગા તો તે બંનેએ એક કલાકમાં જ વેચી માર્યા.10 ફુગ્ગા  જ બાકી હતા ને ઓફિસથી મોડા આવનાર મહેમાનો હજુ રિશેપ્શનની

શોભામાં સભામાં વધારો કરી રહ્યા હતા. હું દૂર મારા બાઈક પર બેઠો બેઠો તે બંનેની  ધંધાની કળાને નિહાળતો હતો.
ત્યાં અચાનક જ તે ફુગ્ગા વાળો નાનો ભાઈ મારી પાસે આવીને બોલ્યો.“સાહેબ ! આજે ખૂબ જ ઘરાકી છે બીજા ૧૦૦ ફુગ્ગા બજારમાંથી લાવવા છે. મને બાઈક પર બેસાડી ફુગ્ગા લેવડાવી આપો ને સાહેબ ! તમારી મહેરબાની થશે.”
પરોપકારની આ અણમોલ તક મારા ગઈકાલનાં દુઃખને હડસેલી ગઈ. હું ખૂબ જ ઝડપથી તેને બાઈકમાં બેસાડી બજારમાં લઈ ગયો.૧૦૦ ફુગ્ગા સાથે તરત પાછો ફર્યો. બમણા વેગે જાહેરાત કરીને લગભગ બધા જ ફુગ્ગા તેમણે વેચી માર્યા.
માત્ર બે ફુગ્ગા વધ્યા બાટલામાં થોડોક ગેસ.બંને બાળકો મજાક-મસ્તી કરતાં કરતાં મારી પાસે આવ્યા. મને એક ફુગ્ગો આપ્યો અને કહ્યું,“સાહેબ આ ફુગ્ગો તમારા બાળક માટે લઈ જાઓ”મેં પૈસા આપ્યા તો લેવાની સોગંદ ખવડાવી ના પાડી.

હજુ એક ગુલાબી ફુગ્ગો તેમની પાસે વધેલો. બંને ભાઈઓએ એકબીજા સામે જોયું. નીચેના હોઠ ને દાંત વડે દબાવી આંખના ઈશારા કર્યા અને તે ગુલાબી ફુગ્ગાને જાણીજોઈને હવામા તરતો મૂક્યો. મને નવાઈ લાગી મેં કહ્યું,અરે અરે શા માટે વીસ રુપિયાનું નુક્સાન કરો છો? ત્યારે તેમણે કહ્યું સાહેબ આ નુકસાન નથી અમારી માતા ગઈ સાલ કોરોના થવાથી મૃત્યુ પામી સ્વર્ગમાં ગઈ છે તેને ગુલાબી રંગ ખૂબ જ પ્રિય હતો. તો આ ગુલાબી રંગનો ફુગ્ગો તેને અર્પણ કર્યો. આકાશમાં ઉડતા તે ગુલાબી ફુગ્ગાને ગર્વથી પ્રસન્નતાપૂર્વક જોતાં તે બાળકોની આ અદભુત ભાવ અંજલીને હું સમજી ન શક્યો .તેમની આંખોમાં શબ્દોમાં વર્ણવી ન શકાય તેટલો સમય સંતોષ અને આનંદ દેખાઈ રહ્યો હતો. હું પણ મુક્ત મને વિહરતા તે ગુલાબી ફુગ્ગાને અનિમેષ નયને જોઈ રહ્યો.



(૯)

વાર્તા નંબર : 60

વિદ્યાર્થીનું નામ: શ્રેયા હિતેશભાઈ ગોરૈયા

વિશેષ પુરસ્કાર

BAPSસ્વામિનારાયણ વિદ્યામંદિર – ગાંધીનગર

## કીડી અને હાથીના લગ્ન

પાત્રો : હાથી

કીડી (ટીટૂં)

ચૂટકી

પેરી

એક હતી કીડી એક વખત બહાર ફરતી હતી. એ સમયે કીડીએ જોયું કે એક મોટું જાડું પાડું સુંદર પ્રાણી પસાર થાય છે.કીડી વિચારવા લાગી કે આ કોણ છે, આટલું સુંદર જાડું  પાડું?

કીડીથી તો રહેવાયું જ નહીં તેણે પૂછ્યું પણ તેનો અવાજ સંભળાય જ નહીં. જેમ પ્રાણી નજીક આવ્યું કે ધરતી ધમ ધમ થવા લાગી. કીડીહીંચકા માં બેઠી હતી અને તે પડી ગઈ.કીડી ફટાફટ ઘરમાં ગઈ અને અંદર જઈને કશુંક શોધવા લાગી, પણ મળ્યું નહીં. પછી કીડી પાછી આવી અને સ્માર્ટફોનમાં એ પ્રાણીનો ફોટો પાડી લીધો. પછી ટીટું કીડી વિચારવા લાગી કે આ છે કોણ? બે-ત્રણ દિવસ વિચાર્યું પણ તેને ખબર ના પડી.

પછી તેને વિચાર આવ્યો કે આવડું મોટું શહેર છે તો કદાચ ભગવાન હોઈ શકે. શું એ સાથે ભગવાન છે તો મારા જેવી નાની ટીટુંની પ્રાર્થના સાંભળશે?

ટીટું આ બધા જ પ્રશ્નોના જવાબ લેવા માટે ચૂટકીના ઘરે જાય છે. ચૂટકી તેની સખી હતી. ટીટું થોડી જ વારમાં ઘરે પહોંચી જાય છે. ત્યાં જઈને ચૂટકીને શોધે છે ચૂટકી.... ચૂટકી...... ક્યાં છે તું? ટીટું ચૂટકી ને ઘણું શોધે  છે પણ એ નથી મળતી તો ચૂટકીને **whatsapp**માં મેસેજ કરીને પૂછે છે કે," તું ક્યાં ગઈ છે?"

થોડા સમય પછી ચૂટકીએ મેસેજ જોયો. ચૂટકીએ કહ્યું કે, થોડીવાર શાંતિ રાખ. હું હોટલમાં જમવા આવી છું થોડીવારમાં આવું છું.ટીટું કહે છે 'હું તારા ઘરે આવી છું તું જલ્દી આવજે રાહ જોવ છું.'

ચૂટકી કહે છે,'આવું જ છું હું  રસ્તામાં છું. પણ મારી સ્કૂટીનું ટાયર પંચર થઈ ગયું છે, તો તું મને લેવા આવને !'

પછી ટીટું ચૂટકી ને લેવા જાય છે. બંને ઘેર આવે છે અને પછી ટીટુંચૂટકીને કહે છે કે, મેં બે-ત્રણ દિવસ પહેલાં એક મોટું કદાવર પ્રાણી જોયું હતું. તે બહુ સુંદર હતું .ચૂટકી, શું ! તે ભગવાન તો નહીં હોયને? એ કોણ હતું ક્યાંથી આવ્યું? એ મને કાંઈ ખબર નથી પડતી .

અચાનક ટીટું કહે છે કે ચૂટકી સાંભળ જો મારી પાસે એનો ફોટો છે. કે ટીટું ચૂટકીને એનો ફોટો દેખાડે છે. ચૂટકી કહે છે, તો તું આ પ્રાણીની વાત કરતી

હતી.આ તો હાથી છે.ટીટુંબોલે છે હાથી ? આ વળી હાથી કોણ છે? ભગવાન તો નથી ને? મારી પ્રાર્થના તો સાંભળશે ને?ચૂટકી કહે છે," અરે ! અરે ! શાંત થઈ જા તને બધું જ કહું છું."

પછી ચૂટકી કહે છે,“ જો આ હાથી છે, આપણા જેમ જ એક પ્રાણી છે. કોઈ ભગવાન નથી.તારે વળી કઈ પ્રાર્થના કરવી છે એને? ટીટું જરા શરમાઈ ને કહે છે,“મને તે બહુ ગમી ગયા છે. મારે તેની સાથે લગ્ન કરવા છે.”ચૂટકી કહે છે,“શું તારે હાથી જોડે લગ્ન કરવા છે?”તું હોશમાં છો ને ?તારું કદ જો અને પહેલા હાથીનું કદ જો.તો ટીટુંકહે છે,” તો તેમાં શું થઈ ગયું ?”

પછી થોડીક વાર ચૂટકી એ ટીટુંને સમજાવી પણ એકની બે ન થઈ પછી થોડીક વાર રહીને ટીટું ચુટકી ને કહે છે કે, “ચૂટકી, તું મને વિચારો આપને મારે કેવી રીતે હાથી જોડે વાત કરવી ? ચૂટકી કહે છે,“અરે, હા, યાદ આવ્યું કે બધા હાથી તળાવમાં રોજે પાણી પીવા જાય છે ત્યાં મળી શકીએ.”

બીજા દિવસે જ્યારે હાથીઓ તળાવમાં પાણી પીવા જાય છે ત્યારે ટીટું અને ચૂટકી બંને તળાવ તરફ જાય છે. જતાં જતાં રસ્તામાં ચૂટકીને કાંટો વાગે છે. તો તે ત્યાં જ રહી જાય છે અને ટીટું ને કહે છે, “જા તું જઈને આવ, તો

ટીટુંતો કંઈ જ પણ વિચાર કર્યા વગર આગળ વધે છે. ત્યાં જઈને બહુ બૂમો પાડે છે. એ હાથી.....હાથી.....હાથી...પણ નાની કીડીની વાત હાથીને સંભળાય ખરી? તે તો કંટાળીને પાછી આવે છે. પોતાનો પહેલો પ્રયત્ન નિષ્ફળ ગયો.તેથી તે દુઃખી હતી પછી તેને યાદ આવ્યું કે હવે એડ્રેસ ની જરૂર નથી હું તેને પત્ર લખી દઉ .

બીજા દિવસે ફરી લેટર લખ્યો અને લઈને ગઈ તો ફરી એ પ્રોબ્લેમ કારણકે, કીડી નો લેટર કીડી જેવડો જ હતો એ તો હાથીને દેખાયો પણ નહીં. ફરી આજે પોતાનો બીજો પ્રયત્ન નિષ્ફળ થવા માટે દુઃખી હતી. ત્યાં તો ફરી એક વિચાર આવ્યો કે, હું લેટરને પતંગ પર લખીને ઉડાવું તો તે હાથીને જરૂર દેખાશે .

બીજા દિવસે તેણે એવું કર્યું કે આમાં તેણે હાથી જોડે પતંગ ઉડાવી.હાથીએ જોઈ પણ ખરી પણ કીડીના અક્ષર કીડી કરતા પણ નાના એટલે હાથીને કાંઈ ખબર ના પડી.એમાંય હાથીને ચશ્મા હતા. તો ફરી એકવાર આજે પોતાનો ત્રીજો

પ્રયત્ન નિષ્ફળ થયો એટલે વધારે દુઃખી થઈ ગઈ કે મારી જોડે જ કેમ આવું થાય છે. મહેનત કરવા છતાં કેમ ધાર્યું પરિણામ મને નથી મળતું.

પછી જ્યારે ચૂટકી સાજી થઈ ત્યારે તે ટીટુંના ઘરે ગઈ. તેને પૂછ્યું,"બોલટીટું, તું હાથીને મળી કે નહીં?" ટીટુંએ ઉદાસ મોં એ જવાબ આપ્યો કે,"ક્યાંથી મળી? મારા ભાગ્યમાં જ નથી અને સારું કામ મારાથી થતું જ નથી.ચૂટકીએ તેને આશ્વાસન આપતા કહ્યું,"અરે ! ના એવું નથી, જો તું પ્રયત્ન તો કરે જ છે તો તને એક દિવસ સફળતા મળશે જ.

અચાનક જ એક પરી પ્રગટ થઈ અને તેણે ટીટુંને એવો અવાજ આપ્યો કે તે હાથીને સંભળાય. હજી બીજા દિવસે એ તળાવ પાસે હાથી જોડે વાત કરવા ગઈ પણ હાથીએ કહ્યું કે,"તારું કદ જો અને મારું કદ જો લગ્ન કેવી રીતે કરીશું?ટીટું ને દુઃખ તો થાય છે પણ તેને સમજાય છે.



(1)

વાર્તા નંબર-86

શિક્ષકનું નામ :પીયુષ જોટાણિયા

શાળાનું નામ: ગાવડકા પ્રાથમિક શાળા- અમરેલી

## ડિજીટલ બૂક

લોકડાઉનના સમયમાં શાળાઓ બંધ હતી. ગણિતનો ઓનલાઈન ક્લાસ પૂરો કરીને દિશા ફેસબૂક જોવા લાગી. ખરેખર તો ઓનલાઈન ક્લાસના બહાને દિશા આખો દિવસ સોશિયલ મીડિયામાં જ વ્યસ્ત રહેતી હતી.

દિશા સોશિયલ મીડિયામાં મશગૂલ હતી ત્યાં જ પ્રીતનો ફોન આવ્યો.

"હેલ્લોદિશા, તું અત્યારે શું કરે છે ?"

"હુંસોશિયલમીડિયામાંચેટીંગકરુંછું."

"એમાંટાઇમવેસ્ટકરવાનુંમૂકીનેજલ્દીમારાઘરેઆવીજા. મારાપપ્પા એક સરસ મજાની ડિજીટલ બૂક લાવ્યા છે."

"પ્રીત,મને બૂક્સમાં જરાપણ રસ નથી. મને ફેસબૂકમાં મજા આવે છે."

"દિશા, આ કોઈ સામાન્ય બૂક નથી. તું જલ્દી આવને પ્લીઝ."

"ઠીકછે."એમબોલીનેમોઢુંબગાડતીદિશાપ્રીતનાઘરેપહોંચી.

આકાશ, કોમલ, ઓમ અને ઈશા પ્રીતના ઘરે જ બેઠાં હતા.

"હેલ્લોફ્રેન્ડસ."

"હેલ્લોદિશા." બધા મિત્રોએ દિશાને આવકારી.

"પ્રીત, હવે તો દિશા પણ આવી ગઈ. હવે તો તારી ડિજીટલ બૂક બતાવ."

ઉતાવળી ઈશા બોલી.

"હવેતોઅમારીધીરજખૂટીગઈછે. જલ્દીડિજીટલબૂકબતાવ."બધામિત્રોએવિનંતી કરી.પ્રીત દોડીને કબાટમાંથી એક બોક્સ લઈ આવ્યો. બધા મિત્રોને આંખ બંધ કરવા કહ્યું."વન..ટુ..થ્રી...ઢેણટેણેણણણ.......ચાલોઆંખોખોલો."

બધા મિત્રો બૂક જોવા લાગ્યા. પ્રીતની નવી નક્કોર ડિજીટલ બૂક જોઈને બધાની આંખો પહોળી થઈ ગઈ.

"ભારતનોભવ્યસાંસ્કૃત્તિકવારસો. આછેમારીડિજીટલબૂક."

"વાઉ...સુપર્બબૂક..."ઓમઉત્સાહમાંઆવીગયો.

"ફ્રેન્ડસ, આ કોઈ સામાન્ય બૂક નથી. આ બૂક સાથે એક ડિજીટલ પેન છે. જેની મદદથી બૂકમાં લખેલું સાંભળી પણ શકાય છે."પ્રીતેરહસ્યખુલ્લુંકર્યું.

"એટલેકેઆબોલતીબૂકછેએમને?"ઈશાબોલી.

બોલતી બૂકની વાત સાંભળીને બધા વિચારમાં પડી ગયા.

"ઈમ્પોસીબલ. બોલતીબૂકક્યારેયહોયજનહિ."કોમલેશંકાવ્યક્તકરી.

"મનેખબરછેકોમલ, તું સાબિતી વિના ક્યારેય કોઈ વાત માનતી નથી."

"હુંસાયન્સસ્ટુડન્ટછુંએટલેપ્રૂફવિનાવિશ્વાસનકરું."કોમલેછણકોકર્યો.

"મિત્રો, તમે બધા જાતે જ જોઈલો મારી ડિજીટલ બૂકનો મેજીક."

પ્રીતે બૂકનું પહેલું પાનું ખોલ્યું. ડિજીટલ પેનની લાઈટ ચાલુ કરીને બૂકના ટાઈટલ ઉપર અડાડી. "ભારતનોભવ્યસાંસ્કૃત્તિકવારસો."ડિજીટલપેનમાંથીરોબોટજેવોઅવાજ સંભળાયો.બધા મિત્રો દંગ રહી ગયા. એકબીજાની સામે જોવા લાગ્યા.પ્રીતે પેન આગળ ચલાવી. ડિજીટલ પેન બોલી : "આપુસ્તકમાંતમેભારતનાભવ્યસાંસ્કૃતિકવારસાવિશેમાહિતી મેળવશો.""અરે વાહ ! અમારી શાળામાં આવતા અઠવાડિયે આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત 'ભારતનો ભવ્ય સાંસ્કૃત્તિક વારસો' વિષય ઉપર નિબંધ સ્પર્ધા થવાની છે. તો મને આ બૂક ખૂબ ઉપયોગી થશે." આકાશ ખુશ થઈ ગયો.

પ્રીતે બૂકનું પ્રથમ પ્રકરણ ખોલ્યું. 'ભારતનો પરિચય' લખેલા વાક્ય ઉપર પેન અડાડી. ડિજીટલ પેનમાંથી માહિતી બોલવાની શરૂ થઈ.

"ભારત.....ભવ્ય અને દિવ્ય ભારત....બહાદુર બાળક ભરતના નામ ઉપરથી આપણા દેશનું નામ ભારત પડ્યું છે. સાંસ્કૃતિક વૈવિધ્ય ધરાવતો ભારત દેશ ખરેખર અનોખો અને અદભૂત દેશ છે. ભૂતકાળમાં 'સોને કી ચીડિયા' તરીકે ઓળખાતો દેશ અનેક બાહ્ય આક્રમણો પછી પણ આજે વિશ્વમાં અડિખમ અને અગ્રેસર ઊભો છે. ભારતને પુષ્કળ પ્રમાણમાં પ્રાકૃત્તિક સંપદા મળી છે. ભારતની ઉત્તરે ઊંચો હિમાલય છે, તો દક્ષિણે વિશાળ હિંદ મહાસાગર હિલોળા કરે છે. પશ્ચિમે અફાટ રણ છે, તો પૂર્વમાં હરિયાળો વિસ્તાર છે. વળી, ધાર્મિક દૃષ્ટિએ જોઈએ તો ભગવાન શ્રીરામ, શ્રી કૃષ્ણ, ગૌતમ બુદ્ધ, મહાવીર સ્વામીએ ભારતમાતાના ખોળે જન્મ લીધો છે. સંત, શૂરવીર અને દાતાઓ આ ભારતભૂમિની ઓળખ છે. વૈદિક જ્ઞાન અને ભવ્ય સંસ્કૃતિ

ધરાવતો ભારત દેશ આજે એકવીસમી સદીમાં પણ વિશ્વગુરુ બનવા જઈ રહ્યો છે. સર્વધર્મ સમભાવ, શાંતિ અને સહિષ્ણુતાથી દુનિયાને વિશ્વશાંતિનો માર્ગ ચીંધી રહ્યો છે. આમ, ભારત દેશ સાંસ્કૃતિક, પ્રાકૃતિક, ધાર્મિક અને સામાજિક રીતે ભરપૂર સમૃદ્ધિ ધરાવે છે."

ભારતનો ભવ્ય પરિચય સાંભળીને બધા મિત્રો ગર્વ અનુભવવા લાગ્યા.

અજયે ઉત્સાહમાં આવીને પૂછ્યું : "પ્રીત, અમારા સમાજિક વિજ્ઞાન શિક્ષકે હમણા જ એક વાત કરી હતી તે હું કહું?"

"હા..હા..જરૂર.."

"વર્ષોપહેલાદમાસ્કસથીઆવેલાપારસીઓગુજરાતનાસંજાણબંદરેઊતર્યાહતા. તેમણેઆશરોઆપવામાટેસંજાણનારાજાનેવિનંતીકરી. રાજાએદૂધથીછલોછલભરેલોએકપ્યાલોમોકલીનેકહ્યુંકે,'અમારું રાજ્ય આ દૂધના કટોરાની જેમ લોકોથી ખીચોખીચ ભરેલું છે. તમને સમાવી શકાય તેમ નથી."

"તોપછીપારસીલોકોપાછાચાલ્યાગયા?" ઈશાએ રસ દેખાડ્યો.

"ના..ના..પારસીએદૂધથીભરેલાએપ્યાલામાંથોડીકસાકરભેળવીનેપોતાનોજવાબમોકલ્યો. "દૂધમાંસાકરભેળવવાનોશોઅર્થ? તેમને ગળ્યું દૂધ જોઈતું હતું ?" ઈશાએ ફરી ડહાપણ વધાર્યું.બધા મિત્રો હસવા લાગ્યા.

"પારસીલોકોકહેવામાંગતાહતાકે, અમને આશરો આપશો તો અમે તમારા લોકો સાથે 'દૂધમાં સાકર'ની ભળી જઈશું. આથી  સંજાણના રાજાએ ભારતીય સંસ્કૃત્તિ મુજબ ઉદાર દિલથી પારસીઓને આશરો આપ્યો. આજે પણ ગુજરાતમાં પારસીઓ 'દૂધમાં સાકર'ની જેમ આનંદથી રહે છે."અજયેપોતાનીવાતપૂરીકરી.

ઓમ બોલ્યો : "સાચેજ, ભારતીય સંસ્કૃતિ મહાન છે. ભારતના લોકોએ હંમેશા સૌને પ્રેમપૂર્વક આવકાર્યા છે, સ્વીકાર્યા છે અને વિકસાવ્યા છે. 'વસુધૈવ કુટુમ્બકમ'ની પરંપરાને સાર્થક કરી બતાવી છે. સંસ્કૃતમાં શ્લોક છે કે-

"અયંનિજ: પરોવેતિગણનામલઘુવેતસામ
ઉદારચરિતાનાં તું વસુધૈવ કુટુમ્બકમ"

ઓમે કોમલને ખિજવવા પૂછ્યું : "કેમકોમલ, હવે તો ડિજીટલ બૂકનો મેજીક માની ગઈને ?"

"ના..હુંહજીનથીમાનતી. મનેભારતનીપ્રાચીનગુરુકુળવ્યવસ્થાવિશેમાહિતીમળેતો હું સાચું માનું." કોમલે મોં મચકોડ્યું.

પ્રીતે અનુક્રમણિકા જોઈને ચોથું પ્રકરણ ખોલ્યું. ડિજીટલ પેન ચાલું કરીને લખેલી માહિતી ઉપર પેન અડાડી.ડિજીટલ પેનમાંથી રોબોટ જેવા અવાજે માહિતી મળવાની શરૂ થઈ.

"ભારતનીપ્રાચીનગુરુકુળવ્યવસ્થાખૂબઉત્તમહતી. હજારોવર્ષોપહેલા સાંદીપનિ, વશિષ્ઠ, વિશ્વામિત્ર, અત્રિ, યાજ્ઞવલ્કય જેવા અનેક ઋષિઓના આશ્રમો હતા. વિદ્યાર્થીઓ આઆશ્રમમાં રહીને વિદ્યાભ્યાસ કરતા હતા. વિદ્યાર્થીઓને વેદપુરાણ, ઉપનિષદ, ખગોળવિદ્યા, આયુર્વેદ વગેરેનું શિક્ષણ આપવામાં આવતું હતું. વિદ્યાર્થીઓનાજીવન કૌશલ્યોનો વિકાસ થાય તે માટે આશ્રમના બધા કામ જાતે કરતા હતા. ઋષિઓ ધનુર્વિદ્યા, તલવારબાજી, આકાશદર્શન, યજ્ઞ વગેરેનું પ્રાયોગિક કાર્ય પણ કરાવતા હતા."

પ્રીતે પૂરક વાત ઉમેરતા કહ્યું : "મિત્રો, આપણા ઋષિઓ ખૂબ જ જ્ઞાની અને સંશોધક હતા. તેઓ જ્યોતિષ, ચિકિત્સા, આયુર્વેદ વગેરેમાં નિપુણ હતા."

અજય બોલ્યો : "મારાદાદાજીકહેતાહતાકે, પ્રાચીન સમયમાં યુદ્ધમાં વિવિધ હથિયારોનો ઉપયોગ કરવામાં આવતો હતો. આધુનિક મિસાઈલની શોધ તો હમણા થઈ હશે, પરંતુ આપણા પૂર્વજો અગ્નિબાણ, વર્ષાબાણ, શબ્દવેધી બાણ જેવા અનેક હથિયારોનો ઉપયોગ કરતા હતા.

ઉતાવળી ઈશા બોલી "મેંપણરામાયણમાંજોયુંછેકેરાવણપાસે'પુષ્પક' વિમાન હતું જે આકાશમાં ઊડતું હતું."

"હામિત્રો, વાત એકદમ સાચી છે. આપણા પૂર્વજો ગણિત અને વિજ્ઞાનમાં પણ ખૂબ હોંશિયાર હતા. તેઓ ખગોળીય ઘટનાઓનીસચોટ આગાહી કરી શકતા હતા."પ્રીતેનવીવાતજણાવી.

"પ્રીત, આ શેનું ચિત્ર છે? તેના વિશે કંઈક માહિતી આપને."ઉતાવળીઈશાએવચ્ચેથીજપૂછીલીધું.

"ઓહોહોહો...તુંતોભારેઉતાવળીહો."

પ્રીતે આપેલા ચિત્ર ઉપર પેન અડાડી.

"આભારતનીવિશ્વવિખ્યાતનાલંદાવિદ્યાપીઠછે. પ્રાચીન ભારતમાં નાલંદા, તક્ષશીલા, વલ્લભી, વિક્રમશીલા, વારાણસી, શારદાપીઠ એમ કુલ તેર પ્રખ્યાત વિદ્યાપીઠો હતી. દસમી સદીમાં ચીની પ્રવાસી હ્યુ-એન-સાંગે નાલંદા વિદ્યાપીઠની મુલાકાત લીધી હતી. તે સમયમાં ત્યાં ૧૦ હજાર નિવાસી/વિદ્યાર્થીઓ, ૧૫૧૦ શિક્ષકો અને લગભગ ૨૦૦૦ જેટલા કાર્યકરો હતા. આ વિદ્યાપીઠમાં 'રત્નસાગર','રત્નનિધિ','રત્નરંજન' નામના ત્રણ પુસ્તકાલયો હતા. જેમાં ત્રણ

લાખથી વધુ પુસ્તકો હતા. કોરિયા, જાપાન, ચીન, ઈન્ડોનેશિયા, તુર્કી વગેરે દેશોમાંથી વિદ્યાર્થીઓ અભ્યાસ માટે અહીં આવતા હતા."

"ઓહમાયગોડ ! અનબીલીવેબલ !"ઓમના મોઢામાંથી ઉદગાર સરી પડ્યા.

"આટલીમોટીવિદ્યાપીઠવિશેમેંક્યારેયસાંભળ્યુંનહતું. ખરેખરઅદભૂતકહેવાય."

"પ્રાચીનભારતનીઆવીવિશાળશિક્ષણવ્યવસ્થાવિશેજાણવાનીખૂબમજાઆવી. વિશ્વવિખ્યાતવિદ્યાપીઠોપરમનેગર્વથાયછે." આકાશની છાતી ગજગજ ફૂલતી હતી.

સૌ મિત્રોએ તાળીઓ પાડી.

ડિજીટલ બૂકના આગળના પ્રકરણમાં આર્યભટ્ટનો ફોટો હતો. પ્રીતે આર્યભટ્ટના ફોટા ઉપર ડિજીટલ પેન અડાડી. 'ભારતના સંશોધકો'નું પ્રકરણ શરૂ થયું.

"ગણિત અને વિજ્ઞાન ક્ષેત્રમાં ભારતમાં અનેક શોધખોળ થઈ છે. જેમકે આર્યભટ્ટે શૂન્યની શોધ કરી હતી. હજારો વર્ષો પહેલા વિવિધ ઔષધિઓના ઉપયોગ દ્વારા ચરક અને શૈલ્ય ઋષિ લોકોની સારવાર અને ઓપરેશન કરતા હતા. આપણા પૂર્વજો સૂર્યમંડળ અને ગ્રહોનું જ્ઞાન તથા ખગોળીય ઘટનાઓ વિશે પણ ઊંડું જ્ઞાન ધરાવતા હતા. આપણા પૂર્વજો જળ, વાયુ, અગ્નિ, આકાશ અને પૃથ્વી એમ પંચતત્ત્વોની મહત્તા સમજતા હતા. તેઓવિવિધઔષધિય વનસ્પતિઓનું જ્ઞાન ધરાવતા હતા. તથા પ્રકૃતિનું રક્ષણ કરાવા માટે વૃક્ષોને દેવ તરીકે પૂજતા હતા. આમ, પ્રાચીન ભારત અનેક શોધખોળમાં પણ ખૂબ આગળ હતું."

"કેમકોમલ, હવે તો તું ડિજીટલ બૂકની વાત માની ગઈને ?" આકાશે ટહુકો કર્યો.

"હામિત્રો, મને આજે ભારતના ભવ્ય સાંસ્કૃત્તિક વારસાની વાત સાંભળવાની ખૂબ મજા આવી. આવી ભવ્ય અને દિવ્ય ભારતભૂમિ ઉપર ગર્વ થાય છે. મને ભારતની ધરતી ઉપર જન્મ મળ્યાનું ગૌરવ અનુભવું છું. હું ભારતમાતાને બે હાથ જોડીને શત શત વંદન કરું છું."કોમલેભારતમાતાનેવંદન કર્યા.

"કોમલ. ફક્તતુંજનહિ, ભારતનો દરેક નાગરિક ભારતના સાંસ્કૃત્તિક વારસા ઉપર ગર્વ અનુભવે છે. અમે બધા ભારતમાતાને વંદન કરીએ છીએ."

બધા મિત્રોએ ઊભા થઈને ભારતમાતાને વંદન કર્યા.

ડિજીટલ બૂકમાંથી અવાજ આવતો હતો "જયહો, ભારતભૂમિની જય હો...ભારતીય સંસ્કૃત્તિની જય હો..."

(2)

વાર્તા નંબર :

શિક્ષકનું નામ : મહેશ‘સ્પર્શ’

શાળાનું નામ :મહાલક્ષ્મીતાલુકાશાળા,ઠાસરા

## કુડુકકુડુક, ડુગ્ગુઅનેસુપ્પુ

કુડુકકુડુકકાગડાનેઓળખોછોતમે?

નથીઓળખતા? તોડુગ્ગુડોગીનેતોઓળખોછોને?

નક્કો...!

એનેયનથીઓળખતા?

પણ, સુપ્પુસિંહનેતોઓળખતાજહશો.

અરર! સુપ્પુસિંહનેયનથીઓળખતા?

કશોવાંધોનહિ. ચાલો, એમનાવિશેએકવાતકરીનેએમનીઓળખાણકરાવડાવું

તમને.

છેનેકુડુકકુડુક,ડુગ્ગુઅનેસુપ્પુપાક્કાદોસ્તહતા. પણત્રણેયનાહાડકાંહરામથઈ

ગયાહતા.ત્રણમાંથીએકેયનેમહેનતકરવાનુંજરાયગમતુંનહીં.

એકદિવસનીવાતછે. ઉનાળાનીબપોરહતી. ગરમીનીતોવાતથાયએમનહોતી.નેપાછુંડુગ્ગુનેકકડીનેભૂખલાગીહતી. પણછેને,'આવીગરમીમાંરસોઈનુંકામકરાતુંહશે?'

એમકહી, એણેઓનલાઈનઓર્ડરકરીપિઝામંગાવીલેવાનુંવિચાર્યું. પછી, ખુશીથીસ્માર્ટફોનપરઆંગળીઓફેરવવાલાગ્યો. પણછેને, પિઝાનોઓર્ડરકરીશક્યાંનહિ. બિલચૂકવવાદસરૂપિયાઓછાપડ્યા! ડગ્ગુનેભૂખ્યારહેવાનોવારોઆવ્યો. નવરાબેસીરહેવાથીતોભૂખનાજવિચારોઆવતાહતા. છેવટેડગ્ગુલીમડાનાઝાડનીચેઊંઘીગયો. ઊંઘમાંયએનેતોછેને, પિઝાજદેખાતાહતા. ડગ્ગુએપિઝાખાવામોંફાળ્યુંત્યાંજ...

'કાં... કાં,'કાં... કાં'

લીમડાનીડાળીપરબેઠેલોકુડુકકુડુક 'કાં... કાં' કરવામાંડયો.

તેનોકર્કશઅવાજસાંભળીડગ્ગુજાગીગયોઅનેતેનુંસપનુંઅધૂરૂંરહીગયું.

"ચાલ, ભાગઅહીંથીકુડુકકુડુકિયા. તારાલીધેમનેપિઝાખાવાનામળ્યાં. કમસેકમસપનામાંતોમારીભૂખઓછીથાત!"

ડગ્ગુએતોકુડુકકુડુકનેરીતસરનોખખડાવીજનાખ્યો.

"કાં... કાં... કાં...ડગ્ગુભાઈ! છેને, એમાંવાંકમારોનથી.આસુપ્પુદાદાનોજદોષછે."

લીમડાથીથોડેદૂરવડનાઝાડનીચેસુઈરહેલાસુપ્પુસિંહતરફઆંગળીચીંધીનેકુડુકકુડુકેકહ્યું.

એસાંભળીડગ્ગુફરીવારતાડુકયો,

"અલ્યાતારુંદિમાગતોઠેકાણેછેને? ભૂલતારીનેવાંકસુપ્પુદાદાનોકાઢેછે!"

કુડુકકુડુકેવાતનોફોડપાડતાકહ્યું,

"છેને, ડગ્ગુભાઈ! વાતએમછેકે, તમારીજેમમનેયકકડીનેભૂખલાગીહતી. મનેયસપનામાંરસગુલ્લાનાપહાડદેખાતાહતા."

એટલુંકહી, મોમાંથીટપકતીલાળનેરોકવાડગ્ગુએજરીકમોબંધકર્યું. પછી, આગળવાતકરતાકહ્યું,

"રસગુલ્લાખાવામોખોલ્યુંએજવખતેસુપ્પુદાદાએત્રાડપાડી, નેરસગુલ્લાનાપહાડગાયબ!"

એટલુંકહીકુડુકકુડુકેમોબગાડ્યું. એ આગળબીજુંકશુંકહે એ પહેલાં જ...

"મૂરખાઓ! બંધકરોતમારોબકવાસ.નહિતર,કાચાનેકાચાખાઈજઈશ."

સુપ્પુનીત્રાડસંભળાઈ.

કુડુકકુડુકઅનેડુગ્ગુતોડરીજગયા.

"માફકરશોદાદા! પણ, અમારોગુનોશું?"

ડરતાડરતાડુગ્ગુએપૂછયું.

સુપ્પુએકહ્યું,

"ડુગ્ગુડિયાછેને,તારાભસવાથીબર્ગરનોવરસાદઅટકીગયો."

"હેં... બર્ગરનોવરસાદ? દાદા! કંઈસમજાયએવુંકહોને."

ડુગ્ગુએઆશ્ચર્યવ્યક્તકર્યું.

"મનેસપનુંઆવ્યું'તું. આહા...હા..બર્ગરનોવરસાદથતોહતો. પણ, તારાભોં.. ભોં.. થીઆંખખુલીગઈને..."

એટલુંકહીતેડુગ્ગુભણીબેડગલાંઆગળવધ્યો.

આજેતોઆવીજબન્યું. એમવિચારીડુગ્ગુથરથરકાંપવાલાગ્યો. બેડગલાંપાછળખસીતેણેકહ્યું,

"શાંતથાવદાદા! આપણાત્રણેયનીએકજસમસ્યાછે. એટલેએકબીજાનેદોષઆપવાનેબદલેસાથેમળીતેનોહલશોધીએ."

"હા, બરાબરછે."

કુડુકકડુકેપણસૂરપૂરાવ્યો."

થોડીવારવિચારીડુગ્ગુએકહ્યું,

"આપણેત્રણેયફરીસુઈજઈએ.એજસપનુંસાથેજોઈએ.
આવખતેઆપણેએકબીજાનેનડતરરૂપનહિથઈએ. ચુપચાપપોતાનેભાવતીવાનગીખાઈલઈશું."

સુપ્પુનેપણઆવાતયોગ્યલાગી. પછીત્રણેયફરીથીસુઈગયા.
ભૂખ્યાપેટેસપનુંપણફરીભોજનનુંજઆવ્યું.

ડગ્ગુપિઝાનાપહાડજોઈહરખાયો. મોફાડીએકસાથેચારપાંચપીઝામોંમાંભરીલીધાં. પણઆશું?

"થૂં..થૂં.." કરીતેણેપિઝાથૂંકીનાખ્યાં. એનીઆંખખુલીગઈહતી. મોઢુંકાંકરાથીભરાઈગયુંહતું.

કુડકકુડકપણબૂમોપાડીગામગજવવાલાગ્યો

"કાં.. કાં..ઑયમા...ઑયમા"

એનીચાંચધૂળથીભરાઈગઈહતી. થોડીતૂટીપણગઈહતી. વાતએમછેકે,
એનાસપનામાંરસગુલ્લાઆવ્યાહતા.
રસગુલ્લાખાવાએણેચાંચમારીએવીજભોંયપરજોરથીપછડાઈઅનેઆદશાથઈ.

એટલામાંસુપ્પુનીત્રાડસંભળાઈ.
એનુંગોબરવાળુંમોંજોઈકુડકકુડકપોતાનુંદુઃખભૂલીગયો.ડગ્ગુપણહસવાનુંરોકીશક્યોનહિ..
બંનેમનમાંનેમનમાંકહેવાલાગ્યાકે,

"સુપ્પુદાદાએપણઆપણીજેમજબર્ગરખાધાલાગેછે."

સુપ્પુથોડોઝંખવાણોપડીગયો. ગુસ્સેભરાયોપણ,
કુડકકુડકઅનેડગ્ગુનામોંજોઈએપણખડખડાટહસીપડ્યો.

પછી, ત્રણેયભેગામળીફરીવારભૂખદૂરકરવાનાકિમીયાશોધવાલાગ્યા.

ખાસ્સીવારશાંતરહ્યાપછીકુડકકુડકબોલ્યો,

"આમબેસીરહેવાથીપેટનહિભરાય. ચાલોબબ્બનપાસેજઈએ.
એનીપાસેથીજમવાનુંજરૂરમળીરહેશે."

"હા, દાદા! કુડકકુડકનીવાતસાચીછે. તમેસાથેહશોતોએનાપણનહિપાડીશકે."

ડુગ્ગુએસુપ્પુનેપાણીચડાવ્યું. એટલેસુપ્પુએકહ્યું,

"એમ? તોચાલો, બબ્બનપાસેપહોંચીજઈએ."

કશુંકખાવામળશેએવાવિચારેએમનાપગઝડપથીઉપડવાલાગ્યાં. થોડીજવારમાંતેઓબબ્બનબળદનાખેતરેઆવીપહોંચ્યા.

બબ્બનખેતરખેડીરહ્યોહતો.

"આવો, બેસો. છાંયામાંતમેઆરામકરોત્યાંસુધીહુંથોડુંકામપૂરુંકરીલઉં."

ત્રણેયનેઆવકારતાબબ્બનબોલ્યો.

સુપ્પુનેતોછેને, બબ્બનનીનમ્રતાખૂબજગમીગઈ.

ખેતરખેડતાખેડતાબબ્બનેઉમેર્યું,

"પછીમારીસાથેજમશોતોમનેઆનંદથશે."

ડુગ્ગુએકુકુકકુકુકનીસામેજોયું. આંખમીચકારીકહ્યું,

"અલ્યાઆતોભાવતું'તુંનેવૈદેકીધું."

પણ, કુડુકકુડુકનેતોચિંતાહતીકે, ભાંગેલીચાંચવડેબરાબરખવાશેકેનહીં?

સુપ્પુનેમનમાંથયું,

જોબબ્બનનુંકામવહેલુંપતેતોજમવાનુંવહેલુંમળે.એમવિચારીસુબ્બુએડુગ્ગુઅનેકુડુકકુડુકનેકહ્યું,

"આળસનાસરદારો! ઊઠો. હવેતોસુધારો? ચાલોહવેઆપણેબબ્બનનેખેતરખેડવામાંમદદકરીએ."

સુબ્બુનોઆદેશકેમકરીટાળીશકાય? કમનેયકુડુકકુડુકઅનેડુગ્ગુએકામમાંજોતરાવુંપડ્યું.

ચારેયેસાથેકામકર્યુંએટલેકામઝડપથીપતીગયું.

પછીછેને, ચારેયખેતરનાશેઢેગયા. રાયણનાઝાડનીચેજમવાબેઠા.

બાજરાનોરોટલો, ગોળ, કાંદાનુંકચુંબરનેછાશજોઈનેત્રણેયનામોંમાંપાણીઆવીગયું. બબ્બનેઆગ્રહકરીકરીનેત્રણેયનેભાવથીભોજનકરાવ્યું.

કામકર્યાપછીસુપ્પુનેતોછેને, બાજરાનોરોટલોબહુમીઠોલાગ્યો. ડુંગગુનેગોળખાવાનીમજાપડીગઈ. કુડુકકુડુકતોછેને, છાશપી-પીનેધરાઈગયો.

"મહેનતનોરોટલોખરેખરકેટલોબધોમીઠોલાગેછે!"

સુપ્પુએપોતાનામનનીવાતકરી.

ડુગ્ગુઅનેકુડુકકુડુકનેપણસુપ્પુનીવાતસાચીલાગી.

પછી, સુપ્પુએબબ્બનનોઆભારમાનતાકહ્યું,

"તમેઅમનેપ્રેમથીજમાડ્યાએબદલતમારોખૂબખૂબઆભાર! પરસેવોપાડ્યાપછીભોજનકેટલુંમીઠુંબનીજાયછે, એઆજેઅમનેસમજાયું."

ડુગ્ગુઅનેકુડુકકુડુકપણકહેવાલાગ્યાકે,

"છેને, આજથીઅમેપણ, મહેનતનોજરોટલોખાઈશું."

વાર્તા નંબર: 82

શિક્ષકનું નામ : ગોપાલ જસાણી ઝરપરા – મુન્દ્રા

શાળાનું નામ : જરાપરા – મુંદ્રા

## પુણ્ય લક્ષ્મી

જર્જરિત થઈ ગયેલ જૂના પુરાણા મકાનના દરવાજાની નાનકડી તિરાડમાંથી જેમ વહેલી સવારનો તડકો ઘરમાં પ્રવેશે તેમ મારા ઓરડામાં એ પ્રવેશી. હું પુસ્તક બંદ કરું ત્યાં તો એ સામે ઊભી હતી. હું અવાક થઇ ગયો. મારી આંખમાં અપ્રતિમ દ્રષ્ટિ આવી હોય એવું લાગ્યું. આજથી સત્યાવીશ વર્ષ પહેલા જેમ એણે મારા ઘરમાં ગૃહપ્રવેશ કર્યો હતો. એમ આજે એ જાણે ફરી ગૃહપ્રવેશ કરી રહી હોય એવી અનુભૂતિથી હું ભરાઈ ગયો. ફરક માત્ર એટલો જ છે કે સત્યાવીશ વર્ષ પહેલા એ મારા ગામમાં,મારા વતનમાં જે ઘટના ઘટી હતી તે આજે પરદેશની ભૂમિ પર ! કેટલાય પ્રશ્નો, કેટલીય ફરિયાદો એના ચહેરા પર સ્પષ્ટ દેખાતી હતી. મારા રૂમની નાની વસ્તુથી લઇ અને સજાવટ સુધ્ધા સ્વદેશી છે. આ બધું અવલોકન કર્યા પછી મારી સામે જોઈ એણે ગંભીર સ્વરે કહ્યું,

"તારા ઓરડામાં ભારતની સુગંધ છે પણ 'શું તું ભારતીય નથી ?'

'હતો હવે નથી.'

હું એની આગળ મારી જાતને છુપાવવાનો પ્રયત્ન કરું છું અને એ કેવું મહારહસ્ય છે, કેવું અપાર આશ્ચર્ય છે, - આજે એના સમગ્ર અસ્તિવ વડે એ મને ફરી ઓળખી રહી છે.

'ખોટું બોલતાં તું હજી અચકાતો નથી ? હું તારી અંદર એ સંસ્કૃતિની ધરોહરને ધબકતી જોઈ શકું છું.એમ જ જેમ ઓગણીસ વર્ષની વયે તું એના રંગે રંગાયેલો હતો. હું તને મળવા કે લેવા નથી આવી, હું માત્ર તને જગાડવા આવી છું. કર્તવ્યથી વિમુખ થયા પછી કંપી ઉઠેલા તારા કાળજાને ટેકો દેવા આવી છું. તું અવાસ્તવિક જગત ખડું કરી એમાં વસે છે એ તારા ગાંડપણમાંથી તને ઊભો કરવા હું આવી છું. મારા વિરાટ પતિની દુર્બળતા હું જાણું છું એટલે જ મારું કર્તવ્ય હું નથી ચૂકી અને એજ કર્તવ્ય મને અહીં લઇ આવ્યું છે. તારી પાસે આજે હું તારી પત્ની નથી કે નથી તારી પ્રેયસી. હું માત્ર ભારતીય નારી છું...આજે હું માત્ર ભારતીય નારી છું.

'જો તું ધારે તો અપાર યશ અને માનનો અધિકારી થઇ શકે તેમ છે. જન,સમાજ અને દેશ બદલવાની તારી ખુમારી આજે ક્યાં ગઈ ? આજે આપણી સંસ્કૃતિ દંભ, ઈર્ષ્યા અને પ્રલોભનનો ભોગ બની છે. સંસારના પરિવર્તનના નિયમો એ એનું માથું શરમથી નીચું કરી એના સમ્માન અને પ્રતિષ્ઠાને વિનાશના આરે લઈ આવ્યા છે.'

"હું સમજુ છું, મેં તો શબરીની પ્રતીક્ષા અને અહલ્યાની સ્થિરતા ઝંખીતી. પણ મારા અથાગ પ્રયત્નોમાં સતત મળતી નિષ્ફળતા મને અહીં લઈ આવી."

'ઘણી વેદનાઓ એવી છે જે આપણને એકલાને જ સહેવાની છે, લોકો ઉપર તેની અસર નથી થવાની.જેમ મા વિહોણા બાળકો આક્રંદ કરે એમ ભવિષ્યમાં આપણને ચારેબાજુથી આક્રંદ સંભળાશે સંસ્કૃતિ વિહોણી ધરાનો.આંખ બંદ કર જો ઈતિહાસ પુરાવો આપશે સંસ્કૃતિના જતનમાં ઘણું ત્યાગવું પડશે. ત્યેન ત્યકત તેન ભુજીથા ....'

ઈશ્વરે માનવ જાતને એક અમૂલ્ય ભેટ આપી છે અને એ ભેટ સ્ત્રી છે એ હું આજે ગર્વથી કહી શકું છું આટલા વર્ષો પછી કોઈ મારા અંતર મનમાં પ્રેમ પુરતું હતું.લડીને પડી ભાંગવાને બદલે એ ઉપર ઊઠે છે. એ પોતાની અંદર જ એક બીજા અસ્તિત્વનું સર્જન કરે છે. અને આજે એ મારી અંદર મારા સ્વરૂપનું મારી સંસ્કૃતિનું સર્જન કરી રહી હતી.

'શું વિચારે છે ?'

'આટલા દિવસ જે વિચાર ચૂકી ગયો હતો એ જ વિચારું છું. વિકૃતિનો ભોગ બની હું પરદેશમાં રહેવા આવ્યો,

'તો ચાલ પાછો, હવે મોડું ન કર. છોડી દે બીજી બધી જ વાતો નહિતર વિચારોના ગાઢ કળા વાદળ આપણા મનને ઢાંકી દેશે'

એક અપાર પુણ્યવતી માતા મારી ભીતર સંસ્કારોને પ્રજવલિત કરી રહી હતી. મારા મનનો ખૂણો જ્યાં અવિશ્વાસનો ઘોર અંધકાર જામેલો છે ત્યાં પ્રકાશ પડી રહ્યો છે. મારી ક્ષુદ્ર જીવનનૌકા હવે મારા વતન તરફ, મારી ભુલાઈ ગયેલી સંસ્કૃતિ તરફ ગતિ કરી રહી હતી. મારો વારસો તો સત્યમ શિવમ સુંદરમનો છે તો મારી અંદર આટલા વર્ષો સંદેહ શા માટે રહ્યો ?

વેદોમાં પણ કહ્યું છે 'બધું મધુ છે, વાયુમાં પણ મધુ છે'. ક્યાં ગયું એ મારું શાસ્ત્રોનું જ્ઞાન ? ક્યાં ગયું એ મારું વેદોનું જ્ઞાન ? એ હું ન સમજી શકયો.

એક ક્ષણ માટે અતીતમાં સરી જતા,

છેલ્લા સત્યાવીસ વર્ષ થયા એ મારા પરિવારને સાચવે છે, ઘરે આવી ત્યારથી જ એને જવાબદારીનો પોટલો માથે ઉપાડી લીધો હતો. ગામમા કોઈ ભણેલો નહીં એટલે બાળકોને સાંજે ઘરની ચાલીમાં ભેગા કરતી અને અક્ષર જ્ઞાન આપતી. ગામના કોઈ પણ બાળકમાં કુસંસ્કારની અસર ન પડે એની કાળજી લેતી. ગામનો દરેક બાળક ગામના વિકાસનો વિચાર કરે એવી સમજના બીજ એણે દરેક બાળકમાં રોપી દીધા હતા.રાત્રે મારા માતા પિતાને ગીતાનો પાઠ સંભળાવી પછી જ જમતી. ગામના સરપંચ નાનજી કાકા કહેતા હતા "તું જતન કરીશ આપણા વારસાને જીવતો રાખીશ. દરેક યુવાનમાં માનવ માનવ વચ્ચે વધતાં અંતરોને જોડતી કડી બનીશ. સમાજને સત્યનો સ્વીકાર કરાવીશ. ભોય પર આવી પડેલ પ્રજાને સંમાનના આસને લઈ જઈશ."

શ્રીના માતા-પિતા કોણ છે ? એ કોઈ નથી જાણતું. એક સવારે ગામના ખેતરોમાં ભસતાં કૂતરાનો અવાજ સાંભળી તપાસ કરતા મણીબેનને શ્રી ખેતરની વચ્ચેથી મળી આવેલી.વિચાર કર્યા વગર એ દયાવાન ગ્રામીણ વૃધ્ધાએ એને ઘરે લઈ આવેલા. થોડા દિવસ તો મણીબેને ગામમાં અને આજુબાજુના ગામોમાં પૂછ પરછ કરી પણ બાળકીને સ્વીકારવા કોઈ તૈયાર ન હતું. એકલવાયું જીવતા મણીબેને ઈશ્વરનું વરદાન સમજી સ્વીકારી લીધું. દાયકામાં એ વર્ષે પહેલી વખત ગામમાં વરસાદ સારો થવાથી સરપંચે એનું નામ પુણ્યશ્રી એટલે કે પુણ્યની લક્ષ્મી એવું પાડયું એ પછી એ આખા ગામની દીકરી બની રહી. ગામમાં કોઈ માંદો પડતો તો શ્રી સૌથી પહેલા પહોચી જતી. એ સાચુકલો જીવ સૌ ને આનંદ આપતું.

જયારે અમે એને પહેલી વખત ગામમાં શ્રીને જોવા ગયા હતા ત્યારે આખું ગામ શ્રીના પક્ષે હાજર રહ્યું. ગામનો શ્રી ઉપર આટલો પ્રેમ જોઈ મારા માતા –પિતા એના કુળ કે અતીત વિશે કોઈ પણ વિચાર કર્યા વગર એને પસંદ કરેલી. એટલા સંસ્કાર એ ક્યાંથી કેળવી આવી ? ભારતીય સંસ્કૃતિ કુળ કરતા ગુણને વધારે પ્રાધાન્ય આપે છે. મારા પરિવારને શ્રીની જીવનશૈલી આકર્ષી ગઈ.મારી ઉમર ત્યારે ઓગણીસ વર્ષની હશે.મારા જીવનની વાત કરું તો હું મારી

જાતને લોકસેવામાં સમર્પિત કરવા માંગતો હતો. વન્ય વિરાસતને સાચવવું, હું એક ફરંદો હતો. એટલે સાંસારિક જીવન પ્રત્યે મને રસ ઓછો. માતા પિતાના ખૂબ આગ્રહથી મારા લગ્ન નક્કી કરવામાં આવ્યા હતા. લગ્ન પહેલા મેં મારી બધી વાત શ્રીને સ્પષ્ટ કહી દીધી અને શ્રી એ મારા વિચારોમાં સાથ પૂર્યો. હું આજેય નથી ભૂલ્યો જયારે એણે મને કહ્યું હતું. 'કોઈ પણ કાર્ય બે હાથે સારી રીતે થઇ શકે છે, જો તમે મને બીજો હાથ સમજો તો'.

ગામ બહુ મોટું નહી. પણ સીમ ખેતરો એટલાં સુંદર કે જાણે કુદરતને કોઈ અંગત સંબંધ હોય ગામથી એવું લાગતું. તળાવ કાંઠે સ્ત્રીઓ સાથે બે ચાર ટાબરિયા બેફીકરા થઈ નહાતા હોય, વડલાની વડવાયું અનોખો ઈતિહાસ કહેતી હોય. પાદરમાં બકરાં, વાછરડાં અને ગલુડિયાંથી રમતાં બાળકો એટલા ખુશ જણાતાં કે જાણે સ્વર્ગનાં ગંધર્વ હોય.

એ જ ગામમાં એક સમયે પશ્ચિમી પવન ફૂંકાયો. ગામની પડતર જમીનમાં કારખાનાં નાખવાના નિર્ણય સાથે મારું સમસ્ત ગામ તેમજ આજુબાજુના ગામના લોકો તૈયાર થઈ ગયા.ધીરે ધીરે ગામમાં મતભેદ સાથે મનભેદ થવા લાગ્યા જાણે ગામ વાવાઝોડામાં સપડાઈ ગયો હોય. આદિકાળથી મારા પૂર્વજોએ જેને દીકરા સમાન સાચવ્યું એ ગામ લોભના અતિરેકની ઝાપટમાં આવી ગયું છે.મારા અથાગ પ્રયત્ન છતાં કોઈ સમજી ન શક્યું.આંજી નાખતી સુવિધાઓના પ્રલોભનો પાછળ ભવિષ્યનો વિનાશ કોઈને દેખાતો ન હતો .મને તો નજર સમક્ષ ધુમ્માડિયા નગરમાં ટળવળતી ભવિષ્યની સંસ્કૃતિ દેખાઈ રહી હતી .ગામે એવો બુદ્ધિજીવી વર્ગ ગુમાવી બેઠો જે અયોગ્ય સામે અડગ રહી શકે.

એક દિવસ સાંજે મનેલાગ્યું મારું મન જંપી ગયું છે અને મારી હિંમત ખરી રહી છે.હું મારા અસ્તિત્વથી વિખૂટો પડી ગયો.સાવ અસ્વસ્થ માણસ બની ગયો. મારી મનની સમજણ અસ્ત થતી જણાઈ મને.

'આટલા દિવસ આટલી હિંમત તો અત્યારે તું કેમ ભાંગી પડે છે ?'.

એ સવાલથી હું ઝબકી ગયો.

‘હું નિરાશાવાદી નથી, તેથી જ અત્યાર સુધી મારા ભાંગેલા હ્રદયમાં આશાનું એક નાનું સરખું પંખી પાંખો તૂટી છતાં પડયું પડયું છેલ્લા શ્વાસ લેતું હતું.પણ હવે એ આશા અને માયાથી મુક્ત મહાપંખી મને અજ્ઞાત મહાપ્રદેશ તરફ ખેંચી રહ્યું છે’.

બીજા દિવસે વહેલી સવારે હું નીકળી પડયો. નવો દેશ, નવું શહેર અને અજાણ્યા ચહેરાની વચ્ચે હું ખોવાઈ ગયો.આજે આટલા વર્ષો પછી એ મારા ભૂલાઈ ગયેલા વારસાને,મારી ચૂકાઈ ગયેલી ફરજને મારી સામે બતાવવા મારા બારણે ઊભી છે ફરી પછી લઇ જઈ રહી છે. મારી સંસ્કૃતિ તરફ.કહી રહી છે "હજી કાઈ મોડું નથી થયું."

(4)

વાર્તા નંબર : 85

શિક્ષિકાનું નામ : દ્યુતિબેન ડી દહિયા

શાળાનું નામ : શેઠ સી.એન.વિદ્યાલય

## ઉડાન

'રેવા' જાણે એના નામમાં જ તોફાન. એટલીચંચળ કે ન પૂછો વાત. ઘરમાં સૌથી નાની એટલે સૌની ખૂબ લાડકી.તેણે પ્રેમ સિવાય જાણે કશું જ જોયેલું જ નહીં. તેથી જ પ્રેમ આપવા  સિવાય વધુ કશું શીખી પણ નહીં. માતા-પિતા અને બંને ભાઈઓની  એટલી લાડકી કે જાણે એમનોજીવ.રેવાને જ્યારેપરણાવી  ત્યારે જીવનમાં પહેલીવાર તેના પિતા ધ્રૂસકે ને ધ્રૂસકે રડેલા. પિયરમાં સૌથી નાની એક કુદતી, ઉછળતી રેવાસાસરી પક્ષમાં સૌથી મોટી વહુ.તેના લગ્ન એક પ્રતિષ્ઠિત પરિવારના દીકરા - સંયમ જોડે થયેલા. ઘરની પહેલી વહુ એટલે સૌની અપેક્ષાઓ ખૂબ વધારે. તો રેવા પણ દરેક પરીક્ષામાંથી પાર ઊતરે તેવી .....

રેવાને લગ્ન પહેલાં જ સરકારી નોકરી મળી ગઇ હતી.રેવા  ઘર અને નોકરીની તમામ જવાબદારીઓ સુપેરે નિભાવતી. સાસુનો સ્વભાવ ખૂબ જ કડક. કામમાં જરા પણ આઘું -પાછું  ન ચલાવે. પિયરમાં લાડકોડથી ઉછરેલી રેવાસાસુની દરેક રીતમાં પણ ઢળી ગઈ. વહેલી સવારથી માંડી  રાત સુધી સતત કામ કરતી. ઘરના તમામ કામ પૂરા કરી નોકરી કરવા જતી. નોકરી પર ખડે પગે કામ કરતી અને થાકીને આવે તો પાછી ઘરની જવાબદારીઓ. આટલું કરવા છતાં ઘરમાં રહેવાની ગણતરી નહીં. સાસુ ગમે ત્યારે કામ બાબતે રેવાસાથે ઝઘડી પડે.તેમના શબ્દો રેવાને ઉભે ઊભી ચીરી નાખતાં. સંયમ ક્યારે મમ્મી સામે બોલેલો નહીં એટલે રેવાનો પક્ષ પણ ન લે. પોતાના રૂમમાં જઈ ચોધાર આંસુએ રડતી હોય. કોને કહે? જ્યારે દુઃખ સહન ન થાય ત્યારે પોતાની માને ફોન કરી

લેતી,રડી લેતી, મન હળવું કરી લેતી. સામે પક્ષે રેવાની એક જ ફરિયાદ રહેતી,"હું તો ના જ પાડતી હતી આ સંબંધ માટે. આપણી રેવાકેવી હતી અને કેવી થઈ ગઈ ..." આ ફરિયાદનો તો જવાબ આપવો?એ પ્રશ્ન સામે તેના પિતા મૌન થઈ જતા. રેવાસ્વભાવે નિખાલસ એટલે સૌને સામેથી બોલાવે.પણ આ નિખાલસતા પણ શંકામાં ફેરવાઈ જાય. તેવી રહેવાની સમજણ નહીં.રેવાને ગરબા રમવાનો ખૂબ શોખ. સરસ તૈયાર થઈ રેવાઅને સંયમ પોતાની જ સોસાયટીમાં ગરબા રમવા જતા.સંયમ એના નામ પ્રમાણે જદરેક બાબતમાં સંયમી તેથી તેને રેવાની નિખાલસતા ખટકતી. ઘણીવાર ગરબા રમીને પાછા વળતાં સંયમ રેવાને ફરિયાદ કરતો,"મને તારી આ બધા સાથે બોલ બોલ કરવાની ટેવ બિલકુલ પસંદ નથી. પુરુષો સાથે બોલવાનો તને બહુ શોખ છે. ગરબા રમતી વખતે પણ તારી નજર ફરતી હોય છે....."રેવાના પગ નીચેની જમીન ખસી ગઈ.... ખૂબ જ સહજ ભાવે જીવનારી રેવાની સહજતાનો આવો અર્થ? તે રાત્રે રેવાખૂબ જ રડી. સંયમ તો હંમેશાંની જેમ પડખું ફેરવીને સૂઈ ગયો.રેવાસંયમને એ સમજાવવા હંમેશાં પ્રયત્ન કરતી કે તેનો ભાવ ખૂબ જ પવિત્ર હોય છે.

પણ એ સાંભળવા કે સમજવા માટે સંયમ ક્યારે તૈયાર નહોતો.રેવાની ઓફિસમાંથી ક્યારેક જરૂરી કામ માટે રેવાના ફોન પર કૉલ આવે તો પણ ઘરમાં ઝઘડો થઈ જતો.સંયમના શબ્દો "પુરુષોને તારા કામ પડે છે. ઓફિસમાં બીજી સ્ત્રીઓ નથી. તને જ "કેમ બોસનો ફોન આવે છે? બહુ હોશિયારી દેખાડવાની જરૂર નથી. જે કરવાનું છે તે કરી ખાઓ."કોઈ સહજ કામ માટે આવેલો ફોન પણ રેવાના ચારિત્ર્ય પર જ હંમેશાં પ્રશ્ન ઉઠાવતો હતો.રેવા આ તમામ બાબતોથી કંટાળી જતી હતી.રેવા પોતાની જાતને સંકેલવા લાગી.તેણે બધા સાથે બોલવાનું ઓછું કરી નાખ્યું. પોતાની સહજતા તેને શ્રાપ જેવી લાગવા માંડી. ઘરમાં પણ જરૂર પૂરતું જ બોલતી. ઓફિસમાં પણ રેવા જાણે પોતાના વ્યક્તિત્વથી વિરોધી વર્તન કરવા લાગી.

રેવા ધીમે ધીમે નીરસ થવા લાગી ...... ઉદાસીનતા રેવા પર એટલી હાવી થવા લાગી કે રેવાને દવાઓનો સહારો લેવો પડતો. મનોચિકિત્સક રેવાને ખુશ રહેવાનું

કહેતા. તેને ગમે તેવી પ્રવૃત્તિઓ કરવાનું કહેતા. પણ જ્યાં રેવાની ખુશીઓ જ મરી ચૂકી હતી ત્યાં વળી પ્રવૃત્તિઓ કેવી?

રેવાની ઓફિસમાં નવી વ્યક્તિઓની ભરતી કરવામાં આવી. એ બે ચાર વ્યક્તિઓમાં એક યુવાનનું નામ હતું 'સૌમ્ય'.સૌમ્ય આવતાની સાથે જ ઓફિસમાં સૌ મિત્રો સાથે ભળી ગયેલો. સૌ ને બોલાવતો, હસાવતો.રેવા સાથે પણ સામેથી વાત કરતો પણ રેવાહંમેશાં ટૂંકમાં જવાબ આપી વાતને પૂરી કરી દેતી.સૌમ્ય હંમેશાં દોડતી રેવાને ધ્યાનથી નિહાળતો .“બને એટલું ચૂપ રહેતી, મોં પર ના ભાવને પ્રસન્ન રાખવા મથતી, જવાબદારીઓ નિભાવતી રેવા. તો બીજી બાજુ ઉદાસ,નિરસ અને પોતાની જાતને સમેટતી, સુકાતી રેવા.”

સૌમ્ય પોતાના સ્વભાવ અનુસાર બધાને અનુકૂળ થઈ ગયો હતો.બધાને ધ્યાનથી સાંભળતોઅને સમજતો. જ્યારે લંચ બ્રેક પડતો ત્યારે બધા બોલતા હોય, હસતા હોય સિવાય રેવા પોતાનું ટીફીન કોઈની સાથે શેર ન કરતી. ચૂપચાપ એકલી નીચી નજરે પોતે જે બનાવીને લાવી હોય તે જમતી.

સૌમ્યને આ બાબત પસંદ ન હતી. તે ઈચ્છતો કે રેવા પણ તેમની બધાની સાથે હસે.અને આનંદ કરે. સૌમ્યએ બધાની સાથે મળીને નક્કી કર્યું કે જો રેવા તેમની પાસે તેમની સાથે નથી ભળતી તો આપણે સામેથી એની પાસે જઈશું. હવે જેવો લંચ બ્રેક પડતો સૌપોતાના ટિફિન લઈને રેવાની ટેબલની આસપાસ ગોઠવાઈ જતા.

સૌમ્ય તો ખાસ. ઇરાદાપૂર્વક જમતી વખતે એવી વાતોની ચર્ચા કરતો કે રેવા સહિત હસી પડતા. રોજ નવી નવી જોકના ખજાના સાથેસૌમ્ય તૈયાર રહેતો. અને એ જોકને રોજબરોજની વાર્તામાં એવી વણી લેતો કે ગમે તેવો ઉદાસ માણસ પણ થોડીવાર તો હસી જ પડે.“**Feminism women empowerment**”એવા ટોપીક લઈને રોજ સૌમ્ય ચર્ચાઓ છેડતો. સૌ જોડાતા હસતા અને વળી પાછા કામે લાગી જતાં.રેવા પણ બધાની સાથે ફરીથી થોડી સરળ થઈ ગઈ હતી. હસતી થઈ. તેને સૌમ્યની વાતો, તેની બૌદ્ધિક ક્ષમતા, સ્ત્રીઓ સાથેનો તેનો નમ્ર વ્યવહાર ગમતો.

રેવા ધીમે ધીમે ફરીથી જીવંત બની. ઓફિસમાં બધા સાથે બોલતી થઈ.રેવાએ તૈયાર થવાનું લગભગ છોડી દીધું હતું. ઓફિસ જાય તો બહુ જ સામાન્ય કપડાં પહેરી, જેમ તેમ તૈયાર થઈને નીકળી જતી. હવે જાણે કે રેવાને ફરીથી તૈયાર થવાનું થોડું મનથતું. પોતાની જાતને અરીસામાં નિહાળી એક સમયની અરીસા સામેથી ખસે નહીં એવીરેવા જાણે પોતાની જાત સામે જોતાં જ ભૂલી ગઈ હતી. વળી પાછું રેવામાં જાણે જીવનનો સંચાર થતો જતો હતો. ઓફિસે જવાની એને મજા આવતી.

કોણ જાણે કેમ રેવા જો થોડી પણ તૈયાર થઈને ઓફિસ જાય તો સંયમનો 'શંકાનો કીડો' સળવળી ઉઠતો.રેવા ઓફિસ જવા તૈયાર થાય એવું જસંયમનું બોલવાનું શરૂ થઈ જતું."ઓફિસમાં જવા માટે વળી તૈયાર શું થવાનું? કોઈને બતાવવા માટે તૈયાર થાય છે કે શું ? મારે એક વખત તારી ઓફિસે આવવું તો પડશે જ..."ઓફિસ જતી રેવાની આંખોમાંથી આંસુ નીકળી જતા પણ એ આંસુ રેવાના પાલવમાં ક્યાંય લૂછાઈ જતાં.

સૌમ્યને કારણે રેવા ઘણી બદલાઈ ગઈ હતી. હવે તે પોતાની જાતને થોડું મહત્વ આપતી થઈ હતી. થોડી તૈયાર થતી, ગીતો સાંભળતી,થોડું પોતાને ગમે તેવું જીવતી. પણ રેવાની આ સહજતા પણ સંયમના મનમાં શંકાઓ જ ઊભી કરતી. તેને મનોમન એવા વિચારો આવતા જાણે કે રેવા ઓફિસમાં કોઈની સાથે વધુ પડતું ઝૂકી રહી છે.તે રેવાનો ફોન ચેક કર્યા કરતો. કોઈ અજાણ્યો નંબર દેખાય તો રેવાનો ઉધડો લઈ લેતો. કોની સાથે વાતો કરે છે? મારું બધું ધ્યાન છે. રેવા તેને કશું જવાબ ન આપે. એ જાણતી હતી કે તે ગમે તેટલી સાચી હોવા છતાં સંયમને ક્યારેય તેના પર વિશ્વાસ નહીં જ આવે.

એક દિવસે સંયમે હદ પાર કરી. બરાબર લંચ બ્રેક વખતે જ રેવાની ઓફિસે અચાનક આવી ચડયો.આનાથી બિલકુલ અજાણ રેવા,સૌમ્ય,અને સાથી મિત્રો સાથે બેસીને હસી મજાક કરતા હતા. સંયમે રેવાને સૌમ્ય સાથે વાતો કરતી જોઈ. કશું જ વિચાર્યા વિના તે રેવા પાસે ગયો અને તેના ગાલ પર એક તમાચો લગાવી દીધો. એક જ સેકન્ડમાં જાણે ઓફિસમાં સમશાનવત શાંતિ છવાઈ ગઈ .

ઓફિસમાં કામ કરવા નહીં પુરુષો સાથે હસવા બોલવા આવે છે. એમ બોલતાં જ સંયમે રેવાનો હાથ પકડ્યો અને તેને પોતાની તરફ ખેંચી.રેવાના આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી. એના પગ નીચેથી જાણે જમીન ખસી ગઈ. તેણે પોતાનો હાથ સંયમનાં હાથથી છોડાવીને બરોબર તેની સામે ઊભી રહીરેવાથી સહન ના થાય એટલો ગુસ્સો જાણે કે તેના પર હાવી થઈ રહ્યો હતો. તે  કશું જ બોલ્યા વિના ઓફિસની બહાર નીકળી ગઈ. એક બાજુ આંસુઓથીથી ભરેલો ચહેરો અને બીજી બાજુ ગુસ્સાથી તડપતી રેવા ઓફિસની સામેના એક બંધ મકાન તરફ ચાલવા લાગી. આજે રેવા ને પોતાની લાચારી પર એટલો  ગુસ્સો હતો કે એ ધારે તો સંયમને  પણ એક તમાચો લગાવી દેત. બંધ મકાનની બાજુમાં નાની એક ગલીમાં જઈને રેવા  જાણે નીચે ફસડાઈ પડી. તેણે ગુસ્સામાં ને ગુસ્સામાં એક મોટી ચીસ પાડી. જાણે પોતે સ્ત્રી હોવાને કારણે પોતાની  જાતને કોસતી  હોય તેમ તે પોતાના પર જ ગુસ્સો કાઢીને ચીસો પાડીને રડવા લાગી. તે દિવસે રેવા ખૂબ રડી. લગભગ બેથી ત્રણ કલાક ત્યાં ને ત્યાં જ સૂનમૂન બેઠી રહી.

સાંજનો સમય થયો.રેવા એમને એમ ચૂપચાપ જમીન પર ઝાડને ટેકે બેઠી હતી. ઝાડ પરના પંખીઓ સાંજ થતાં પોતાના માળા ભણી પાછા વળ્યાં. અને જાણે આખોએ વડપક્ષીઓના કોલાહલથી ગાજી ઊઠ્યો. આ અવાજથી રેવા થોડી થોડી સ્વસ્થ થઈ તે ઉભી થઈ.ચહેરા પર થોડી સ્વસ્થતા કેળવી તેણે પોતાના ઘરતરફ રીક્ષા પકડી.

ઘરે જઈને ચૂપચાપ કશું બોલ્યા વિના એણે પોતાનો સામાન પેક કર્યો અને કોઈને પણ કશું કહેવાની હવે જરૂરનથી તેવું માનીને ઘરની બહાર નીકળવા દરવાજો ખોલ્યો. ત્યાંજ સંયમે તેને પૂછ્યું,” ક્યાં જાય છે?”રેવાનો જવાબ હતો,

'પીંજરાની બહાર.’સંયમસમજી ગયો તેણે કહ્યું,“જો ઘરની બહાર પગ મૂકીશ તો આ ઘરનાં દરવાજા ફરી ક્યારેય  તારા માટે નહિ ખૂ...લે તો ઉડતાં  પહેલાં વિચારી લેજે!”

રેવા ઘરના દરવાજાને બંધ કરી આગળ વધતા બોલી ," પંખી પોતાના માળે પાછું ફરે પાંજરે નહીં......"

વાર્તા નંબર: ૯

શિક્ષકનું નામ : છાયાબેન ભવાનીશંકર દવે

શાળાનું નામ : શ્રીમતી એમ એમ કન્યા વિદ્યાલય નગરપાલિકા - પાલીતાણા

## રવિવારની રાહ

રવિવારનીસવારની અમે ત્રણેય ભાઈબહેન આતુરતાથી રાહ જોતા. રવિવારની સવારે મારી બા મેલા કપડાંનું પોટલું બાંધતા અને મારા બાપુજી ટીફિન ભરતા. સાયકલના પાછળના કેરિયરમાં કપડાંનું પોટલું અને સાયકલના હેન્ડલમાં ટીફિન લગાડીને અમારી સવારી શાનથી નીકળી પડતી.

ગામનાં પાદરથી થોડે દૂર આવેલ પટેલની વાડીમાં અમારો મુકામ થતો. વાડીમાં આવેલ કૂવાના થાળાની પાળ પર બેસાડીને બા વારાફરતી અમને ત્રણેને નવડાવતાં પછી મેલા કપડાંને સાબુ લગાડવા બેસતા. જ્યાં સુધી કપડાંના સાબુ લગાડીલે ત્યાં સુધીનો અમારો સમય શિયાળો હોય તોકુમળા તડકામાં અને ઉનાળો હોય તો ઘટાદાર પીપળાના વૃક્ષ નીચે પિતાજી સાથે વિતતો.

બાપુજી અમને આપણી વૈદિક સંસ્કૃતિની આપણાં સાંસ્કૃતિક વારસાની અનેઆપણાં ધર્મગ્રંથો અને ધર્મશાસ્ત્રોની અંદર આવતાં જુદા જુદા પ્રસંગોને વાર્તા રૂપે સંભળાવતા. કદાચ આજે પણ એ જ કારણ છે કે મહાભારત, રામાયણ, ભાગવત ગીતા શિવપુરાણ જેવા ધર્મગ્રંથોના પ્રસંગોની વાતો સ્મૃતિપટ પર અકબંધ સાચવાઈ રહી છે.

કપડાને સાબુ લાગી ગયા બાદ બા બૂમ પાડતાં અને બાપુજી બાને મદદ કરવા જતાં. અમે પણ અમારાં નાના હાથ વડે બાની મદદ કરવા તત્પર રહેતાં.બાએ ધોયેલા કપડાં વાળીના ઝાંખરા પર સૂકવવા કરવામાં અમે મદદ કરતાં. ક્યારેક તો એવું પણ થતું કે પહેલા કપડું હાથમાંથી નીચે માટીમાં પડી ફરી

વખત ગંદું  થઈ જતું અને બાનું કામ વધી જતું. ત્યારે મીઠાં છણકાથી બા તે કપડાંને ફરી ધોતા અને કડક સૂચના સાથે એક કપડું એને જ શસુક્વવાનું કરવાનું રહેતું કે જેનાથી તે નીચે પડી ગયું હોય. ક્યારેક બાપોતાના નિરીક્ષણ નીચે તે નીચે કપડું અમારી પાસે પણ ધોવડાવતાં. અમે ત્યારપછીકામ કરવામાં વધારે ચીવટ રાખતા. આવા નાના- નાના અનુભવોથી જો કોઈ કામ કરવામાં ભૂલ થાય તો તે ભૂલને ધીરજથી કેમ સુધારવી એવા પાઠ પણ અમે ભણતા .

બાળપણની આ સ્મૃતિઓ આજે પણ માનસપટ પર એવીને  એવી જ તાજી છે. પરંતુ આ બધા સમયમાં અમને તીવ્ર તાલાવેલી એ વાતની રહેતી કે બાપુજી આજે કઈ વાર્તા કહેશે ?

તો ચાલો આજે તમને મારા બાપુજીના સ્વમુખે કહેવાયેલી આવી જ એક વાર્તાનો રસાસ્વાદ કરાવું--

મહાભારતમાં અનેક રસપ્રદ કથાઓ છે કે જેઆપણને જીવન જીવવા માટે માર્ગદર્શન પૂરું પાડે છે. મહાભારતમાં મત્સ્યવેધ કરીને અર્જુન દ્રૌપદીનો સ્વયંવર જીતી જાય છે પરંતુ ત્યારબાદ માતા કુંતીના ભોળા ભાવે અપાયેલ આશીર્વાદના કારણે દ્રૌપદી પાંચે પાંડવોની પત્ની બનેલ છે. પાંચે ભાઈઓ વચ્ચે દ્રોપદીના કારણે કોઈ અંતર થાય એટલે સર્વ સંમતિથી એવો નિયમ ગણવામાં આવે છે કે જ્યારે કોઈ પણ એક પાંડવ દ્રોપદીના કક્ષમાં હોય ત્યારે બીજાએ કક્ષમાં પ્રવેશ ન કરવો અને આ નિયમનું ઉલ્લંઘન કરનારને સજા રૂપે વનવાસ સ્વીકારવો.

એક વખત એવું બન્યું કે મહારાજા યુધિષ્ઠિર દ્રૌપદીના મહેલમાં હતા ત્યારે જ કેટલાક લૂંટારાઓએ ઈન્દ્રપ્રસ્થના ગૌધનને લૂંટી જવાનો પ્રયત્ન કર્યો. અર્જુન ગાયોને બચાવવા માગતો હતો પરંતુ તેનું ધનુષ્ય ગણપતિના મહેલમાં હતું અને જો તે દ્રોપદીના મહેલમાં અત્યારે જાય તો તેણે વનવાસ વેઠવો પડે. તેણે ઘડીભર કર,વિચાર્યું કે જો મેઘ ધનુષ્ય લેવા જશે તો વનમાં જવું પડશે... અને જો નહીં જાય તો ગાયોનું રક્ષણ નહીં થાય.

અર્જુન થોડી ક્ષણો અવઢવમાં રહ્યો પરંતુ તુરંત જ તેને નિર્ણય કરી લીધો કે ગાયોને બચાવવી એ મારો ક્ષત્રિય ધર્મ છે. તે દ્રોપદીના મહેલમાંથી પોતાનું

ધનુષ્ય લઈને ગયો ને આવ્યો. ત્યારબાદ પૂર્વ શરત મુજબ તે વનમાં જવા ઉપડ્યો. જો અર્જુને ધાર્યું હોત તો તે દલીલ કરી શક્યો હોત કે તેણે તો પરોપકાર માટે નિયમ તોડ્યો હતો. પરંતુ અર્જુન જેનું નામ ! 'નિયમ એટલે નિયમ' જાણે કોઈ જ દલીલ ના કરી અને સ્વેચ્છાએ જ વનવાસ સ્વીકારી લીધો. વનમાં આગળ વધતાં વધતાં અર્જુનનો મણીપુર રાજ્ય અને તેની સીમામાં પ્રવેશ થયો.

ત્યાં તેની મુલાકાત રાજા ચિત્ર વાહનની રાજકુમારી ચિત્રાંગદા સાથે થઈ. રાજા ચિત્ર વાહનની વિનંતીને ગ્રાહ્ય રાખીને અર્જુનને રાજકુમારી ચિત્રાંગદા સાથે વિવાહ કર્યા. વનવાસ દરમિયાન કોઈ સ્થાને વધારે રોકાઈ શકાય નહીં.આવા નિયમાધિન અર્જુને પોતાની પત્ની ચિત્રાંગદાની રજા લીધી'આ વાતને વર્ષોના વ્હાણા વહી ગયા અર્જુનના માનસપટ પર તો આ સ્મૃતિ પણ ઝાંખી પડી ગઈ હતી.

ત્યારબાદ જ્યારે મહારાજા યુધિષ્ઠિર હસ્તિનાપુરની ગાદી પર બિરાજમાન થયા. ત્યારે તેમણે શ્રીકૃષ્ણના કહેવાથી અશ્વમેધ યજ્ઞ કર્યો. મહારાજા યુધિષ્ઠિર નો 'અશ્વ મેધ યજ્ઞ'માં એક અશ્વ એક ફરમાન સાથે છૂટ્ટો મૂકવામાં આવ્યો કે –" આ અશ્વ જે જે રાજ્યોમાંથી પસાર થાય તે રાજ્યના રાજાઓએ અશ્વમેધ યજ્ઞના યજમાન મહારાજા યુધિષ્ઠિરનું આધિપત્ય સ્વીકારવું. જો કોઈ રાજા,મહારાજા યુધિષ્ઠિરના અશ્વને આંતરે તો તેણેઅશ્વની રક્ષા માટે રહેલ મહારાજા યુધિષ્ઠિરના લશ્કર સાથે યુદ્ધ કરવું પડે. યુદ્ધમાં પરાજય થાય તો પણ તે રાજાએ મહારાજા યુધિષ્ઠિરનું આધિપત્ય સ્વીકારવું પડે."

આ અશ્વના રક્ષણ માટે સાથે રહેલ સૈનિકો અર્જુનના નેજા હેઠળ આગે કૂચ કરતા હતા.હસ્તિનાપુરથી નીકળેલો અશ્વરોકટોક વગર જ એક પછી એકરાજ્યમાંથી પસારથતાં મણીપુર રાજ્યની સીમામાં પ્રવેશ્યો અત્યાર સુધી અશ્વ ને કોઈપણ રાજાઓએ આંતર્યો ન હતો. અત્યારે પણ અશ્વ થોડા સૈનિકો સાથે વિહરી રહ્યો હતો. અર્જુન થોડે દૂર એક છાવણીમાં આરામમાં હતો.

અશ્વ મણીપુર રાજ્યની સીમામાં પ્રવેશ્યો તો ત્યાંના રાજકુમારની નજર અશ્વ પર પડી. અશ્વ સાથેનું ફરમાન વાંચતા જ તે હર્ષાવેશમાં આવી ગયો કે,"ઓહ! આતો મારા પિતાશ્રી અર્જુનના રાજ્ય હસ્તિનાપુરનો અશ્વ છે."

તેણે પોતાના મિત્રોને બોલાવ્યા.અશ્વને આરામ કરવા અને પાણી આપવા એક ઝાડ સાથે બાંધ્યો.અશ્વની  રક્ષા માટે તેની સાથે માત્ર થોડા સૈનિકો હતા. તેઓ વિચારતા હતા કે"મહારાજા યુધિષ્ઠિરનો અશ્વ છે અને અર્જુનખુદ તેની રક્ષા કરી રહ્યો છે એ જાણીને પછી મોતને કોણ આમંત્રણ આપવા માટે તેને આંતરશે?

પરંતુ તેઓના આશ્ચર્ય વચ્ચે આ નવયુવાન રાજકુમાર યજ્ઞના અશ્વને આંતર્યો. રાજકુમારે અશ્વને બાંધ્યો હતો.તેનું નામ બબ્રુવાહન હતું. તેણે તો અશ્વ પોતાના પિતાશ્રીના રાજ્યનો છે એમ વિચારીને બાંધ્યો હતો.આંતર્યો નહોતો. પરંતુ સૈનિકો હસ્તિનાપુરના એટલે થોડાં અભિમાનની તો હોવાના જ ! વળી તેમને ગેરસમજ થઈ કે અશ્વને રોક્યો છે, એટલે તેઓએ સીધા જ બબ્રુવાહન પર આક્રમણ કરી દીધું.

બબ્રુવાહન પણ મહારથી અર્જુનનો પુત્ર હતો.યુદ્ધ માટે તેને કોઈ લલકારે તો એ પાછો શાનો પડે? તો યુદ્ધ શરૂ થયું અને હસ્તિનાપુરના બહાદુર સૈનિકો ટપોટપ મરવા લાગ્યા.

થોડા સૈનિકોએ દોડતા જઈને છાવણીમાં અર્જુનને આ સમાચાર આપ્યા. અર્જુન તાબડતોબ યુદ્ધનાં સ્થળે દોડી આવ્યો. તે ઘડીભર તો આશ્ચર્યચકિત થઈ ગયો કે એક લબરમૂછિયો યુવાનએકલા હાથે હસ્તિનાપુરના બહાદુર સૈનિકોને ભાજીમૂળાની માફક વાઢી રહ્યો હતો. અર્જુનને  તે યુવાનની મર્દાનગી અને યુદ્ધકળા પર માન થઈ આવ્યું.

પરંતુ ત્યાં જ તેને પોતાના કર્તવ્યનું ભાન થયું એટલે તેણે તે યુવાનને લલકાર્યો ."એ રાજકુમાર ! કદાચ તું જાણતો નથી કે નાદાનિયતમાં  તે મહારાજા યુધિષ્ઠિરના 'અશ્વમેધ યજ્ઞ'ના અશ્વને આંતર્યો છે. આ યુદ્ધ બંધ કરી અશ્વને મુક્ત કર અને મહારાજા યુધિષ્ઠિરનું આધિપત્ય સ્વીકાર.તારી ઉંમર હજુ હસવા - રમવાની છે યુદ્ધ કરવાની નહીં. માફી માગીલે  અને અશ્વને  મુક્ત કરી દે."

અર્જુનના અભિમાનથી ભરેલા શબ્દો સાંભળીને બબ્રુવાહનને વધારે ગુસ્સો આવ્યો. તે આવેશથી બોલ્યો –"વડીલ તમે જે  કોઈ હોય તે પરંતુ તમે મહારાજા યુધિષ્ઠિરના રાજ્યમાંથીઆવો છો એટલે તમને પ્રણામ. સાચો ક્ષત્રિય યુદ્ધના

આહવાન પછી પાછો ફરતો નથી. કાં તો તે યુદ્ધમાં વિજય ને વરે  છે. કાંતો વીરગતિ પામે  છે પરંતુ યુદ્ધના મેદાનમાંથી ભાગતો નથી. અર્જુન બોલ્યો "તારા શબ્દો પરથી લાગે છે કે તું કોઈ વીર યોદ્ધાનો પુત્ર છે પણ તું છે કોણ ?તારો પરિચય તો આપ!"

બબ્રુવાહને ગર્વથી કહ્યું-"હું મહારાજ યુધિષ્ઠિરના નાનાભાઈ મહારથી અર્જુનનો પુત્ર બબ્રુવાહન છું." આ સાંભળીને અર્જુન ચોંક્યો.તેની સ્મૃતિમાં આ નામનો કોઈ પુત્ર પોતાને હોય તેવું યાદ ન આવ્યું. એટલે ક્રોધથી તે બોલ્યો-"તારી તારી કોઈ ગેરસમજ થઈ લાગે છે કુમાર ! તારા જેવો કોઈ પણ એમ પોતાને અર્જુનના પુત્ર તરીકે ઓળખાવે તેથી તે અર્જુનનો પુત્ર ના બની જાય. નક્કી તારી માતા તારા પિતાનું નામ તમને જણાવવા યોગ્ય નહીં હોય. એટલે તું અર્જુનનો પુત્ર છો એવું જૂઠાણું ચલાવ્યું હશે !જા જઈને તારી માતા પાસેથી તારા સાચા પિતાનું નામ પૂછી આવ.."

અર્જુન દ્વારા અત્યંત તિરસ્કાર પૂર્વક પોતાની માતાના ચરિત્ર પર લગાડવામાં લાંછનભર્યા શબ્દો વેણ સાંભળતાં જ બબ્રુવાહનને એટલો ક્રોધ આવ્યો કે તે સીધો જ અર્જુન સામે ધસી આવ્યો અર્જુન અને બબ્રુવાહન વચ્ચે ભીષણ યુદ્ધ થયુ. અને બબ્રુવાહને અર્જુનો વધ કરી નાખ્યો. બીજી તરફબબ્રુવાહને સીમાડે મહારાજા યુધિષ્ઠિરના સૈનિકો સાથે યુદ્ધ આદર્યું છે એ સમાચાર મળતા જ રાણી ચિત્રાંગદા ત્યાં આવવા નીકળ્યા પરંતુ તે યોજના સ્થળે પહોંચ્યા ત્યારે બબ્રુવાહને અર્જુનનો વધ કરી નાખ્યો હતો.

પોતાની માતાને અર્જુન મૃતદેહ બતાવતા બબ્રુવાહન બોલ્યો–"મા !  આ માણસે તારાં ચારિત્ર્ય પર કલંક લગાડ્યું હતું. મેં તેને તેના આ કૃત્યની સજા આપી દીધી છે."

ચિત્રાંગદાએ રડતાં રડતાં  અર્જુનના મસ્તકને ખોળામાં લીધું અને બોલી- "આ તે શું કર્યું પુત્ર? તે' તારા જ હાથે તારા પિતાનો વધ કરી પિતૃ હત્યાનું મહાપાપ કરી નાખ્યું?"બબ્રુવાહનને સત્યનું ભાન થતાં તે બોલ્યો-"માતા મારાથી અજાણતાં જ અપરાધ થઈ ગયો છે. પરંતુ મારા પિતાએ પણ અપરાધ તો કર્યો જ હતોને?

તેમણે તમારા ચારિત્ર્ય પર કલંક લગાડ્યું તેથી ક્રોધના આવેશમાં આવીને તેમનો વધ કર્યો.

વળી હું ક્યાં તેમને ઓળખતો હતો?" ચિત્રાંગદા બોલી –"એમ તો તેઓએ પણ તને ઓળખ્યો નહિ હોય તેથી જ આવું બોલ્યા હશે પુત્ર. પરંતુ હવે તું જ તારા પાપનું પ્રાયશ્ચિત કરી તેને સજીવન કર."

બબ્રુવાહન નાગલોકમાં જઈ માતા ઉલુપી પાસેથી નાગમણી લઈ આવ્યો . ઉલૂપી પણ અર્જુનની પત્ની જ હતી. નાગમણીના સ્પર્શે અર્જુનને જીવનદાન મળ્યું.અર્જુને ચિત્રાંગદાને જોઈ એટલે તે બંનેને ઓળખી ગયો. તેણે ચિત્રાંગદા અને બબ્રુવાહનની માફી માંગી. બબ્રુવાહને પણ પિતાજી ની માફી માંગી આમ ખાધું પીધું ને રાજ કર્યું કહીને બાપુજીએ વાર્તા પૂરી કરી.

પછી દરવખતની માફક વાર્તા નો બોધ કહેતા બોલ્યા: " જીવનમાં ત્રણ વાત હંમેશાં યાદ રાખજો .

1. ક્યારેય કોઈ સ્ત્રીના ચારિત્ર્ય પર કલંક ન લગાડવું
2. કલંક લગાડનારને સજા થવી જોઈએ પછી ભલે તે ગમે તે હોય.
3. જ્યારે કોઈ વ્યક્તિ પોતાની વાત કે પક્ષ રાખતી હોય ત્યારે તેની વાત શાંતિથી પૂરેપૂરી સાંભળવી જોઈએ અને સત્યતા ચકાસ્યા પછી કોઈ નિષ્કર્ષ પર આવવું જોઈએ.'

આજની વાર્તા પૂરી થતા અમે આવતા રવિવારે કઈ વાર્તા સાંભળવા મળશે એ વિચારોમાં ખોવાઈ જતાં.

**વાર્તા નંબર :16**

**શિક્ષકનું નામ : વિજયસિંહ આર્ય**

**શાળાનું નામ : અનગઢ ગ્રુપ પ્રાથમિક શાળા – તા.વડોદરા**

## મને શીખવી ગયા...!

મધ્ય ગુજરાતની પૂર્વ પટ્ટીના અંતરિયાળ વિસ્તારોમાં શિક્ષકોની હંમેશાં ઘટ જ રહે અને તેથી નવી ભરતીમાં સૌથી વધારે જગ્યાઓ ત્યાં જ ભરાય નવી નિમણૂંક પામેલા શિક્ષકો મને-કમને પાંચ દસ વર્ષ કાઢી પોતાના વતનની વાટ પકડે.

ઈસ ૨૦૦૫ની સાલમાં થયેલી ભરતીમાં મારી નિમણૂંક પણ વડોદરા જિલ્લાની પૂર્વપટ્ટી (તેવખતે છોટાઉદેપુર જિલ્લો ન પડયો હતો) અને ગુજરાતની પણ મધ્યપ્રદેશને અડધી સરહદે આવેલા અંતરિયાળ વિસ્તારમાં થઈ. કુદરતે છૂટા હાથે પાથરેલું અહીંનું પ્રાકૃતિક સૌંદર્ય જોઈ હું તો ગાંડો ઘેલો થઈ ગયો !ખળખળ વહેતા ઝરણા, પર્વતોની હારમાળા, વૃક્ષોની લીલીછમ વનરાજી.... બધું જ અદભુત ! સાથે નયનરમ્ય નિસર્ગ જેવા જ નિર્મળ મનના નિર્દોષ લોકો. મારા જેવી સંવેદનશીલ વ્યક્તિને તો જાણે સ્વર્ગ મળી ગયું ! શહેરના ઘોંઘાટિયા,ધમાલિયાઅને પ્રદૂષિત વાયુઓની ગૂંગળામણમાંથી જાણે છૂટ્યો અને શુદ્ધ ઓક્સિજનના વાતાવરણમાં આવી ગયો. હું ખૂબ આનંદથી અને પ્રમાણિકતાથી ત્યાં નોકરી કરવા લાગ્યો.

જો કે મારા જેવી મજા બધાને ન આવી કારણ.... ઘણાને રળિયામણા પર્વતોમાં સૂકા પર દેખાયા ! તો ઝરણા ઝંઝટ ! શહેરની ચમકદમકથી અને બાહ્ય ઠઠારાથી અંજાયેલી આંખોને પ્રકૃતિનું આ અફાટ સૌંદર્ય ક્યાંથી દેખાય? મને ખબર છે આવી દૃષ્ટિ વાળા આમાંના ઘણા તો 'સરકારી નોકરી' છોડી જતા રહ્યા કેમ કે તેઓ કહેતા...'અહીં સમય જ જતો નથી. અહીં કેમનું રહેવાય?'

તેમનો આ જવાબ સાંભળી મને મનમાં થતું,આમને ‘ભારત મારો દેશ છે’કહેવાનો પણ અધિકાર છે કે ? તો ઘણાં ત્યાંથી 40- 50કિલોમીટર દૂરથી અપડાઉન કરવા લાગ્યા. બાકી રહી ગયો એક અપવાદ જેવો હું.

મારી શાળા ઊંચા ટેકરા પર, પાછળ હરિયાળાં ખેતરો, કલબલાટ કરતા પક્ષીઓ, અને મારા બાળ પુષ્પો... બસ આનંદ જ આનંદ ! વસ્તુથી મળે છે સુખ અને વસ્તુ વગર મળે તે આનંદ. હું તો આવું સુંદર સ્થળ મળવા બદલ ભગવાનનો આભાર માનવા લાગ્યો અને ત્યાંના નિર્ભય બાળકોમાં,ત્યાના આહ્લાદક વાતાવરણમાં ભળી ગયો- ખોવાઈ ગયો. જ્યારે ‘મોસ્ટ પ્રેક્ટીકલ લોકો ‘માત્ર સુખાર્થી અર્થદાસો)મને મૂર્ખ ગણવા લાગ્યા.... અને મને કહેતા કે....‘અહિયાંછે શું ? what is life?હું તેમને કહેતો કે.....અહિયાં જે છે તે આપણાં શહેરોમાં ક્યાં છે?સાચો પ્રેમ, લાગણી, એકબીજા માટે મરી મીટવાની ભાવના,ઉદારતા,દયા... શું નથી અહિયાં ? અને સાથે તેમને કવિ મકરંદ દવેની ધોરણ આઠમાં આવતી કવિતા પણ સંભળાવી દે તો કે.....

“ નોટ ને સિક્કા નાખ નદીમાં
ધૂળિયે મારગ ચાલ”

મને સાતમું ધોરણ આપવામાં આવ્યું. આમ તો મારો આખો વર્ગ ખૂબ જ શાંત અને સમજું માત્ર અજય અને મિથુનની બેલડી વગર...! આ બેલડીને ભણ્યા સિવાયની બધી જ પ્રવૃત્તિમાં ઉત્સાહ ! શિક્ષક વર્ગમાં ન હોય એટલે આખા વર્ગમાં મસ્તીની માથાકૂટ તેમની ધમાલી સક્રિયતા આખા વર્ગને હેરાન - પરેશાન કરી નાખે ! શિક્ષકા બહેનોને તો ગાંઠે જ નહીં !

અને જો કોઈ સાહેબ તેમને શિક્ષા કરે તો આ બેલડી તેમની ખુરશીને કુવેચ (જે આપણા શરીરને લાગે તો ખૂબ જ ખંજવાળ આવે તેવી વનસ્પતિ )લગાડી દે.બિચારો શિક્ષક શરીરે વલૂરી – વલૂરી (ખંજવાળી – ખંજવાળી ) લાલ થઈ જાય’.પેલા બંને હસી - હસીને હાફ સી.એલ. મૂકી જતા શિક્ષકને પાછા આવજો તો કહે અને ધીરેથી તેમને કહે કે ‘હવે અમને મારશો કે? આવી બેલડીની પૂરી પ્રોફાઈલ મને આચાર્યશ્રીએ વર્ગનો ચાર્જ લેતા જ આપી. તો સાથી મિત્રોએ

તેમનાથી સાવધ રહેવાની સલાહ. હું મારા તમામ શાસ્ત્રોને (બુદ્ધિના)ધારદાર કરી પૂરી માનસિક - શારીરિક સજ્જતા સાથે જાણે યુદ્ધના મેદાનમાં જતો હોઉં તેમ વર્ગમાં પ્રવેશ કર્યો.

હું જેવો વર્ગમાં પ્રવેશ્યો કે આખા વર્ગે ઊભા થઈ મારું અભિવાદન કર્યું. બધા બેસી ગયા.મેં જોયું તો બોર્ડ પર મારું હાસ્યાસ્પદ કાર્ટૂન દોરેલું હતું.મેં કહ્યું ,"વાહ! મારું આટલું સરસ ચિત્ર કોણે દોર્યું છે?" તરત જ પેલી નિર્ભિક રીતે ઊભી થઈ મને કહ્યું," સાહેબ અમે દોર્યું છે." મેં તેમને આગળ બોલાવી તાળીઓ પડાવી અને તેમને પૂછ્યું કે દોસ્તો તમારું નામ શું છે**?** કેવા રૂડા રૂપાળા છો... જાણે અશ્વિનીકુમાર....!'

તે થોડા મૂંઝાયા કારણ તેમને હતું કે સાહેબ આપણને સજા કરશે...વર્ગની બહાર અંગૂઠા પકડાવશે અને વર્ગની બહાર નીકળ્યા કે મઝાજ મઝા .....! પણ તેમના પાસાં ઉલટા પડ્યાં. મેં તેમને કહ્યું કે....તમારું ડ્રોઈંગ ખૂબ સરસ છે! હવે તમારે આ બોર્ડ પર રોજ તારીખ, વાર, સુવિચાર બાળકોની હાજરી અને બોર્ડની ત્રણે બાજુ તમને ગમે તેવી, આવડે તેવી ડીઝાઇન દોરવાની બરાબર?

આજથી આ કામના તમે મોનિટર ઓ.કે.પોતાની 'ખામી' ને ખૂબીમાં ફેરવાતી જોઈ તે બંનેશાંત થઈ પાછલી પાટલી પર બેસી ભણવા લાગ્યા. તેવામાં આચાર્યશ્રી મારા વર્ગમાં આવ્યા.(મારી હાલત જોવા)'બદરી' અને 'બુધ' જેવી તોફાની ઝંઝાવાતને શાંત મુદ્રામાં બેઠેલી જોઈ આચાર્યશ્રીના મુખમાંથી સ્વગત જ બોલી જવાયું કે...'અહો આશ્ચર્યમ્' અને મારી પીઠ પર હાથ મૂકી જતા રહ્યા જાણે મને 'મૂક સ્પર્શ શાબાશી' આપતા ન હોય...!

બસ પછી તો સમજો ને કેમારી વર્ગ પીએચ.ડી.નો વિષય જ અમે વિદ્યાર્થીઓ બની રહયા. રાત-દિવસ મારા દિલોદિમાગમાં અજય અને મિથુન જ છવાયેલા રહેતા. સમજોને આગ બંને તરફ એક સરખી જ હતી.

એટલે કે મારા પક્ષે તેમને સુધારવાની તો તેમના પક્ષે હેરાન કરવાની જાણે કે હોડ લાગી...!.

જૂનથી શરૂ થયેલ પ્રથમ સત્ર ઓક્ટોબર-નવેમ્બરમાં પૂરું થયું.પ્રથમ સત્ર દરમિયાનમાનોને અમારી 'ટોમ એન્ડ જેરી'ની દોડધામચાલુ રહી. હું તેમને ભણતરનાઅભ્યાસના પાઠ શીખવવા માંગતો તો તેમને 'પાઠ ભણાવવા' માંગતા.સત્રાંતે મેં આનું સરવૈયું કાઢ્યું તો મને મારું પલ્લું ભારે લાગ્યું.

નવેમ્બરના છેલ્લા સપ્તાહથી બીજું સત્ર શરૂ થયું... સાથે ફૂલગુલાબી ઠંડીની પણ હળવેથી શરૂઆત થઈ. ડિસેમ્બર આવતાં તો ઠંડીએ પણ પોતાના વિકાસની તેજ રફતાર પકડી ને હવે તે 'ગુલાબી'માંથી 'કાતિલ' બની રહી હતી અને તેમાંય વનાછિતને ડુંગરાળ પ્રદેશ...! પછી પૂછવું જ શું...! જાણે કાળો કેર વર્તાવતી.

આવા જ હિમ ભર્યા વાતાવરણમાં દર શનિવારે શાળા સવારે સવારની હોય! પહેલા બે તાસ **MPT** (સમૂહ કવાયતના હોય) હોય. અમે અમારી શાળાની પાછળ આવેલા મોટા મેદાનમાં કસરત માટે જતાં. મેદાનમાં જતાં જ શરૂઆતમાં બાળકો સહિત અમે શિક્ષકો પણ મેદાનના પરિઘમા ચક્કર મારી ઠંડી ઉડાવતા.પછી ડ્રમના લયબદ્ધતાલે કસરતના દાવ. પછી સૂર્યનમસ્કાર, દોરડાકૂદ, અને લાંબીકૂદ,ઊંચીકૂદ ચાલે.. મેદાનમાં મોડા આવનારને મેદાનના બેચક્કર વધારે. આમ અમે ઠંડી ભગાડવાના અને સાથે શરીરને સુદ્રઢ અને તંદુરસ્ત કરવાના પ્રયાસ કરતા પણ ઠંડી,તાપણાં વગર કંઈ ઊડે ખરી?

એટલે અમે મેદાનના એક ખૂણે તાપણું સળગાવતાં. સાથે તેમાં બે પાંચ કિલો બટાકા પણ નાખી દેતાં. જેનાથી ઠંડી તોઉડતી જ સાથે સવારનો બ્રેકફાસ્ટ પણ થઈ જતો.વળી અમારા સ્ટાફમાં દક્ષિણ ગુજરાતના એક-બે શિક્ષક હોવાથી કોઈ વાર ત્યાંની ફેમસ 'ઉંબાડિયું' જેવી વાનગી પણ બનતી.બાળકોને નિત નવું ખાવાની મજા આવતી. બધું પત્યા પછી પાણીની ડોલથી તાપણું બુઝાવી અમે અભ્યાસાર્થે શાળામાં પાછા આવતા. શનિવારની આ અમારી દિનચર્યા.

એકવાર આવી જ 'જોયફૂલ' શનિવારની સવારે તાપણું કર્યું. આજે તો બાજુના ખેતરમાંથી લીલા ચણા લાવીને શેક્યા હતાં.બધું પતી ગયા પછી પાણી લેવા ગયેલા બાળકોએ સમાચાર આપ્યા કે નિશાળની પાણીની મોટર બળી ગઈ છે. તેથી પાણી આવતું નથી. હવે પાણી વગર આપણે તાપણું બુઝાવવું કેમ? વળી

તેને ખુલ્લું  પણ ન છોડાય  કારણ આજુબાજુ ખેતરો,ઘાસ  લાકડાં અને વનસ્પતિની વાડ........! સાથે વસંતના વાયરા પણ શરૂ થઈ ગયા હોવાથી આગ પ્રસરાવવાનું જોખમનું  હવે શું કરવું ?

છોકરાઓએ થોડી માટી લાવી  લાવી નાખી પણ તે પવનમાં ઊડવા લાગી. અમે મૂંઝાણા સમય સરતો હતો, તેથી મેં બાળકોને એક ‘શહેરી શોર્ટકટ’ સૂચવ્યો  કે સળગતા દેવતા પર ‘લઘુ શંકા’ કરી તેને ઠારી દો.

છોકરા માટે આ નવું હતું પણ તે તો સાહેબ કહે તેજ કરવાના....! પણ છોકરાં સાહેબની આ આજ્ઞાનું પાલન કરે તે પહેલાં તો... અજય- મિથુનની બેલડી ત્યાં આવી પહોંચી અને આમ કરતાં બાળકોને અટકાવ્યા અને ધમકાવતા કહ્યું કે...’ તમે આ શું કરો છો? સાહેબે ભલે કીધું પણ તમને તો ખબર છે ને કે આ દેવતા છે. અગ્નિ દેવતા છે તેમના પર આવું ગંદુ કરાય?હું આ સાંભળી અવાચક રહી ગયો! સાથે જ મારી પણ ટ્યુબલાઇટ ઝબકી કે અરે હા...આ તો માત્ર તાપણું નથી પણ પંચમહાભૂતોમાંનું એક પરમ તત્વ અગ્નિ દેવતા છે.

મારા મનમાં થયું હું શું આ બાળકોને સાંસ્કૃતિક મૂલ્યો શીખવું?  જળને પણ જળદેવતા માની સૌચક્રિયામાં તેનો ઉપયોગ ન કરનાર તથા પ્રકૃતિના દરેક તત્વને  દેવમાનનારા લોકો મને શીખવી રહ્યા છે. આજે મને આ બંને ગુરુ જેવા લાગ્યા. ગુરુ દત્તાત્રેયે કરેલા કરેલા 24ગુરુનું સ્મરણ મનમાં થઈ ગયું. કદાચ તેમણે આમ જ કંઈક નવું અને  જીવનને ઉદાત્ત બનાવતા શિક્ષણ આપતા દરેકને ગુરુ બનાવ્યા

હશે ...!

મને પણ અનૌપચારિક રીતે સાંસ્કૃતિક મૂલ્યો પ્રત્યે સભાન કરનાર અજય, મિથુનને મારાથી મનોમનગુરુપદ અપાઈ ગયું. સાચે જ જ્ઞાન અને ઉંમર સાથે કોઈ લેવાદેવા નથી. તેમણે તેમના ઘરેથી પાણી લાવી તાપણું બુઝાવ્યું.

“બે  મિત્રો ની જોડી કોઈ શકે ના તોડી
હર સમસ્યા ઉકેલે, દરેક વિઘ્નોને તોડી.”

ઘટના નાનકડી હતી પણ તેમાંથી સ્પંદિત થતાં સાંસ્કૃતિક મૂલ્યો બહુ મોટા હતા. મને લાગ્યું... શહેરમાં રહીને ભણી- ગણીને, ફેશનેબલ વસ્ત્રો પરિધાન કરી હું આધુનિક બનીને કેટલા સાંસ્કૃતિક મૂલ્યો સાચવ્યા?જયારે ગામડામાં હજુ પણ એ શાશ્વત મૂલ્યો પેઢી-દર-પેઢી કંઠોપકંઠ સચવાઈ રહ્યા છે. અને માટે જ કોઈ કવિએ ગીત રચ્યું છે કે ......“ગાજે જે ગીત જ્યાં હેતના, જે રે રંગ ભર્યું નાનું રૂપાળું મારું ગામડું ...!”અને આપણે તેમને ‘ગામડીયા’‘અભણ’ માનીએ છીએ. મને તો લાગે છે કે ખરા અર્થમાં તે આપણા માટે ગમ (બુદ્ધિ) દીયા (આપનાર) અને આપણને આ (સાંસ્કૃતિક વારસો)ભણ એમ કહેનાર છે. તમને શું લાગે છે?

(**2011**-12 ના શૈક્ષણિક વર્ષમાં બનેલી સત્યઘટના ને આધારે)

વાર્તા નંબર : 21

**શિક્ષકનું નામ: પ્રજાપતિ પિયુષ કુમાર બાબુભાઈ**
**શાળાનું નામ : કે એસ બી વિદ્યા વિહાર -ઉપરદલ**

## કુદરતના ખોળે

જામનગર પાસેનું એક નાનકડું પણ સુંદર ગામ. પટેલ ભાઇઓની વસ્તી ધરાવતું સુરેશ પટેલ નામના એક પ્રતિષ્ઠિત ખેડૂત તળાવની પાસે વિલાયતી નળિયાથી યુક્ત બાપદાદાનાં મકાનમાં પોતાનાં પરિવાર સાથે રહેતાં હતાં. સમૃદ્ધિ વધારે ન હતી, પણ મહેનત કરીને આનંદપૂર્વક પોતાનું જીવન પસાર કરતા હતા. પ્રકૃતિની સુંદરતામાં વધારો કરતાં પાંચ વૃક્ષો તેમનાં ઘરઆંગણામાં હતાં, જે ઘરની અમૂલ્ય શોભા વધારતાં ગુલમહોર,આંબો,રાયણ, લીમડો અને ચીકુડી. જે ગણો તે ખેડૂતની અમૂલ્ય સંપત્તિ આ હતી. પાંચ પાંડવ સમાનઆ પાંચ વિશાળ વૃક્ષોની છાયા તળે આખો પરિવાર આનંદપૂર્વક જીવન પસાર કરી રહ્યો હતો. થોડીક, ક્યારેક વિઘા જેટલી જમીન હતી. જેમાં સુરેશભાઈ પોતાની પત્ની રમા સાથે તનતોડ મહેનત કરી પરિવારનું ગુજરાન ચલાવતાં હતાં.તેમને એક માત્ર દીકરો હતોમયુર.

વિદ્યાભ્યાસમાં મયુર હોંશિયાર હતો. મયુરને ધોરણ-10ની પરીક્ષામાં ૮૦ ટકા આવ્યા હતા. ડિપ્લોમા મિકેનિકલનો કોર્સ કરી તે જામનગરની પ્રખ્યાત કંપનીમાં નોકરી કરતો હતો. શરૂઆતનો પગાર માત્ર દસ હજાર હતો પણ ખેડૂત પરિવાર માટે આ એક મોટી મૂડી હતી. સમય હાથમાંથીનદીની રેતીની જેમ પસાર થવા લાગ્યો. આજે મયુર સાત વર્ષ પછી તેની સાથે નોકરી કરતી ફોરમ સાથે પ્રેમલગ્ન કરી લે છે. માતા-પિતા છેવટે પોતાના સમાજની દીકરી છે તેમ માની સ્વીકારી લે છે. બંને માણસ નોકરી કરીને મહિને રૂપિયા 70,000 કમાય છે.

તેમના ત્યાં સમયાંતરે એક બાળકનો જન્મ થાય છે. થોડાક મહિના બાદ જન્મદિવસની પાર્ટી માટે તે બન્ને સાથે નોકરી કરતા મિત્રોને પોતાના ઘેર આવવા

માટે આમંત્રણ આપે છે. નાનકડા ઘરમાં થોડી ભીડભાડ  લાગે છે. ઊઠવા બેસવાની તકલીફ જોઈ ફોરમનાં ચહેરાના ભાવ થોડા બદલાય છે. શહેરની સુખસાયબીમાં ઉછરેલા મિત્રને ગામડાની સરળતાં થોડી ઓછી પસંદ પડે છે.

તે તેમના ચહેરાના હાવભાવ પરથી સ્પષ્ટ દેખાતું હતું. નજીકના બે ત્રણ મિત્રોએ ઘરે પરત ફરતી વખતે મયુરને કહ્યું પણ ખરું કે, "મયુર ! આટલો સરસ પ્લોટ છે એક મોટું સરસ મજાનું  મકાન બનાવી દે." ફોરમના મનમાં રહેલી ઇચ્છા આજે મિત્રો દ્વારા જાહેર થઈ ગઈ. મયુર અને ફોરમે નવું વિશાળ મકાન બનાવવાનો મનમાં  નિર્ધાર કર્યો સમય પસાર થવા લાગ્યો. એક દિવસ મયુર પોતાની ઓફિસથી પાછાં ફરતાં  એક એન્જિનિયરને પોતાની સાથે લેતો આવે છે.

વૃક્ષોનાં છાયાંમાં  ખાટલાં  નાખીને બેઠેલાં  સુરેશભાઈ અને રમાબેન મયુર સાથે આવેલા એન્જિનિયરને જુએ છે. મયુર કોઈની પણ સંમતિ લીધા વિના મકાન બનાવવા માટે પ્લોટની માપણી કરાવવાની શરૂઆત કરે છે.

એક મેજરટેપનો છેડો પોતાનાં  હાથમાં રાખી એન્જિનયર કેટલા બાય કેટલાનું મકાન બનાવવું  છે તેનો નકશો બનાવવા લાગ્યો છે.પરંતુ એન્જિનિયર અચાનક અટકી જાય છે. મયુરને  કહે છે, " કે જુઓ મયુર ભાઈ ! તમારે મોટું મકાન બનાવવું હોય તો આ પાંચ વૃક્ષો કાપવા પડશે. નહિતર આજે મકાન છે તેટલું જ બનશે.બાકી, જો આખા પ્લોટનું માપ લઈને વૃક્ષોને કાઢી નાખીને મકાન બનાવીશું તો ફોર બી.એચ.કે.નો સુંદર બંગલો તૈયાર થશે." એની વાત સાંભળી મયુર નિર્દયતાપૂર્વક કહે છે,- " તો રાહ કોની જોવાની? ઉખાડી નાખો જડમૂળમાંથી માંથી આ વૃક્ષો !" ખાટલામાં બેઠેલા માતા-પિતા સ્નેહપૂર્વક વૃક્ષોને જુએ  છે અને મયુરની  સામે નજર કરે છે. પોતાનાં  જ આંબાની કેરીનો રસ કાઢતી માતાના હાથ ધ્રુજવા લાગે છે.તરત જ પિતાજી કહે છે,"ના,મયુર! તારી ઇચ્છા હોય તો જામનગરમાં મોટો બંગલો ખરીદજે પણ મારા આ વૃક્ષો કાપવાની વાત ન કરતો."

ફોરમ તરત જ બોલે છે કે "તો શું અમારે આ નાનકડા ખોબા જેવડા ઘરમાં જ રહેવાનું? મિત્રોની આગળ ગરીબ છીએ,કંજૂસ છીએ એવો દેખાવ કરવાનો? ના,ના

મયુર આપણે તો અહીંયા જ મકાન બનાવવાનું છે." માતા-પિતાની આંખમાં આંસુ વહે છે મયુર અને ફોરમ ઘરનાં વડીલોની વાત સાંભળવા તૈયાર થતાં નથી.

બીજા દિવસે નિત્યક્રમ પ્રમાણે પિતાશ્રી ખેતરે જાય છે. આ તકનો લાભ લઈ મયુર ગામમાંથી ૫,૬ મજૂરોને કુહાડી સાથે બોલાવી જડમૂળમાંથી ઝાડ કપાવવા લાગે છે. તેની માતા આજીજી કરી વિનંતીપૂર્વક ના પાડે છે."મયુર! રહેવા દે બેટા ! આ વૃક્ષો તારા બાપ દાદાની ઓળખાણ છે તેમાં તારા પપ્પાનો જીવ રહેલો છે. રહેવા દે મયુર, રહેવા દે." પણ મકાનની ઘેલછાને પત્નીને પ્રસન્ન રાખવાની ઇચ્છા આગળ રડતી માતાનું કંઈ જ ન ચાલ્યું. છેવટે જીવતાં વૃક્ષો મૃતઃપ્રાય થઈને જમીન પર પડ્યાં. માતાની આંખમાંથી ગંગાજમના સતત વહેવા લાગી. સમય તેનું કામ કરવા લાગ્યો.

પિતાશ્રી ખભા પર પાવડા સાથે ઘર તરફ પાછા ફર્યા. પણ આ શુ? પોતાના જીવ સમા પાંચવૃક્ષો આજે ધરતી પર ધરાશયી થઇને પડયા હતા. તેમનાં મુખમાંથી એક કરુણ ચીસ નીકળી ગઈ. "અરે, મયુર ! ભલામાણસ અમારો થોડોક તો વિચાર કરવો હતો. તે આ શું કરી નાખ્યું? આ વૃક્ષો તો અનેક પશુ,પંખી જીવજંતુ,મનુષ્યનાં આશ્રયસ્થાન હતાં.તારો સ્વાર્થ,પૈસા પાછળની આંધળી દોટ તને ક્યાં લઈ જશે?થોડોક તો વિચાર કરવો હતો કે અમારું શું થશે?આપણાં ઘરના સભ્યો સમાન,સંજીવની સમાન આ પાંચ વૃક્ષો પાડતાં તને સહેજ પણ દુઃખ ન થયું? આજે મયુર તે વૃક્ષ કાપ્યા નથી. પરંતુ માવતરનાં હૈયા કાપ્યા છે. આજ પછી હું તારા આલીશાન બંગલામાં પગ નહીં મૂકુ." પ્રત્યેક વૃક્ષને બાથ ભરીને સુરેશભાઈ તેમજ રમાબેન ખૂબ રડ્યાં.તે આ શું કરી નાખ્યું ? તે આ શું કરી નાખ્યું? મારી સંપત્તિ ગણો કે જે કંઈગણો તે આ વૃક્ષો જ હતાં... તેમનાં વલોપાતને શાંત રાખનાર રમાબેન સિવાય તેમની આજુ-બાજુ કોઈ ન હતું. મયુર અને તેની પત્ની ઘરકામમાં પરોવાઈ ગયા. જાણે કંઈ બન્યું જ ના હોય તેમ.

સુરેશભાઈ અને રમાબેને ઘર છોડી ખેતરમાં જ રહેવાનો નિર્ધાર કર્યો. ખેતરમાં એક નાનકડી ઓરડી હતી જ.પોતાનાં કપડાં,ઘરવખરી, સીધું -સામાન ગાડામાં ભરી એ જ દિવસે તે બંને ખેતરમાં પહોંચી ગયા. પિતાશ્રીએ તે ખેતરની ઓરડી

આગળ બીજા દિવસે આંબો, ગુલમોર, લીમડો, રાયણ અને ચીકુડી આ પાંચ વૃક્ષો વાવ્યા. તેનું જતન કરવાની શરૂઆત કરી.સમય પસાર થવાં લાગ્યો.વાવેલાંવૃક્ષો ધીમે ધીમે મોટાં થવા લાગ્યા. હા,પણ બમણાં વેગથી બે માળવાળો મયુરનો આલીશાન બંગલો ગામની શોભામાં વધારો કરવાં લાગ્યો. બે વર્ષ બાદ આજે ફરીથી મયુરના પુત્ર ધ્રુવનો જન્મદિવસ હતો. મયુરે ઓફિસના બધા જ મિત્રોને પોતાનાં ઘરે આમંત્રણ આપ્યું હતું. માત્ર માતા-પિતાને આમંત્રણ આપ્યું ન હતું.
એક બાજું શહેરમાં કોરોનાનો ભયંકર કહેર વ્યાપ્યો હતો. છતાં પોતાનો આલિશાન બંગલો બતાવવાની ફોરમ અને મયુરની ઝંખનાએ મિત્રોને આવવામાટે મજબૂર કર્યા. લગભગ **40- 50** મિત્રો ભેગા થયા. કેક કાપી. દરેક મિત્રોએ આલિશાન બંગલાની પ્રશંસા કરી ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા. આજે મયુર અને ફોરમની ખુશીનો પાર નહતો કારણ કે પાંચ વૃક્ષ ન કપાવ્યા હોત તો આટલી પ્રશંસા મિત્રો તરફથી ન મળી હોત.
મોડી રાત્રે ભોજન કરી મિત્રો પોતપોતાને ઘેર ગયા. કોરોનાનો કહેર સમગ્ર શહેરને ગામડામાં પણ જોવા મળ્યો.
આજે મયુર ઓફિસથી થોડો વહેલો ઘરે આવ્યો તેણે ઉધરસ ખાતાં ખાતાં ફોરમને કહ્યું. "આજે મને માથું દુખે છે અને શરીર પણ થોડું ગરમ છે. હું થોડી દવા લાવ્યો છું મેડિકલ માંથી. સારું થઈ જશે." એમ કહી તે બેડરૂમમાં જઈ સૂઈ ગયો.બે દિવસ થવાં છતાં તબિયત ન સુધરતાં ગામનાં સરકારી દવાખાનામાં કોરોનાનો ટેસ્ટ કરાવ્યો.તેમાં ફોરમ અને મયુર બંનેને પોઝિટિવ આવ્યા.ધીમે ધીમે મયુર તેમજ ફોરમને શ્વાસ લેવામાં તકલીફ પડવા લાગી.મિત્રોને ફોન કર્યા પણ તે શહેરનાં સ્વાર્થી મિત્રો કોઈને કોઈ બહાનાં કાઢી ઘરે બેસી રહ્યા. છેવટે **108**ને ફોન કરી મયુર અને ફોરમ સિવિલ હોસ્પિટલમાં દાખલ થયાં. મયુરનું ઓક્સિજન લેવલ **46** થઈગયું.જ્યારેફોરમને **55** તાત્કાલિક હોસ્પિટલમાં તેમને ઓક્સિજન ચઢાવવામાં આવ્યો.
આજે લગભગ દોઢ વરસ બાદ મયુરે તેનાં પિતાને ફોન કર્યો અને કહ્યું કે "પિતાશ્રી હું અને ફોરમ કોરોના પોઝિટિવ છીએ.દવાખાનામાં દાખલ છીએ.એ

નાનકડાં ધ્રુવને તમે સાચવજો.તેના આલીશાન બંગલામાં પગ ન મૂકવાનો સંકલ્પ કરનાર પિતા થોડાં પીગળી ગયા.ગાડું લઈને ઘરે આવ્યા. ધ્રુવને તેમની સાથે ખેતરમાં લઈ ગયા.ધ્રુવ નાનકડાં છોડવાને ક્યારા કરતો, પાણી પાતો તે જોઈ પિતાશ્રી ખૂબ પ્રસન્ન થતાં. આ બાજુ દવાખાનામાં મયુરનું ઓક્સિજન લેવલ ધીમે ધીમે સુધરતું હતું.

પિતાશ્રી દરરોજ ફોન કરી બંનેની તબિયતના સમાચાર પૂછી લેતાં. ઘરેથી ટિફિન મોકલાવતા પાછા ફરતાં.પંદર દિવસની ડોક્ટરની સારવાર ને માતા-પિતાની સાચી પ્રાર્થના બાદ આજે મયુરને રજા આપવાની હતી. ફોરમ હજુ ઓક્સિજન પર હતી.

મયુરદવાખાનેથી ઘરે આવી પોતાની ગાડી લઈને ખેતર આવે છે.ધ્રુવ તે નાનકડાં પાંચ છોડનેપાણીપીવડાવે છે.તે દ્રશ્ય જોવે છે.આંખમાંથી આંસુ સારે છે. માતાપિતાને પગે લાગે છે. અને ચોધાર આંસુએ રડે છે."ખરેખર પિતાશ્રી, આજે મને વૃક્ષોનું મહત્વ સમજાય છે. ઓક્સિજનની એક બોટલ હજારો રૂપિયા આપવાં છતાં પણ નથી મળતી. ખરેખર મેં 5 વૃક્ષ કપાવીને મોટી ભૂલ કરી છે મેં કુદરતનો ગુનો કર્યો છે મને મને માફ કરજો."

પિતાશ્રી કહે છે,"બેટા માફ કરનાર હું કોણ? તમે થોડાં પ્રકૃતિને પ્રેમ કરતા શીખો. વધારે નહીં તો એકાદ વૃક્ષ તો ઉછેરજો. આ વૃક્ષો જ પૃથ્વી પરની સાચી સંજીવની છે. જે આવનારી પેઢીનું જીવન બચાવશે. તેથી વૃક્ષોને કાપશો નહીં. બીજીકોઈઅપેક્ષા અમે રાખતાં નથી." થોડા દિવસો બાદ ફોરમને પણ દવાખાનામાંથી રજા મળે છે.

ડૉક્ટર કહે છે કે,"તમારે સવારનો કોમળ તડકો વિટામીન-ડી મેળવવા માટે નિયમિત લેવો. વૃક્ષ નીચે બેસી પ્રાણાયામ કરવા.તો જતમારું ઓક્સિજન લેવલ પહેલાંની જેમ સામાન્ય બનશે." મયુર ફોરમને લઈને પોતાની ગાડી ખેતર તરફ લઈ જાય છે. ખેતરનાં શેઢા પર ઉભેલા વિશાળ લીમડાં નીચે ખાટલાં ઢાળે છે અને ત્યાં જ ફોરમ શુદ્ધ ઓક્સિજન મેળવીપ્રસન્ન અને તંદુરસ્ત થાય છે.

પંદર દિવસનાં  વિરામ બાદ ફોરમ માતા-પિતાનાં આશીર્વાદ લે છે. તેમ જ આગ્રહપૂર્વક પોતાના ઘરે રહેવાનું આમંત્રણ આપે છે. પરંતુ પ્રકૃતિના સાનિધ્યમાં રહેલાંમાતા-પિતા વિનંતીપૂર્વક સાથે આવવાની 'ના' પાડે છે. આજે ઘરના આંગણામાં મયુર પોતાના પુત્ર પાસે એક લીમડો વવડાવે છે પોતે પાંજરું રોપે છે. ફોરમ લીમડાને  પાણી પિવડાવે છે. મયુર અને ફોરમ  વૃક્ષો અને પુત્રનું કાળજીપૂર્વક જતન કરી સાચા માવતર બને છે.

થોડાંક મહિના બાદ આજે મયુરનો જન્મદિવસ છે. મયુર પોતાની ગાડીમાં ફોરમ અને ધ્રુવની સાથે ખેતરે આવે છે. માતા-પિતાના આશીર્વાદ લે છે.ઉગાડેલાં પાંચ વૃક્ષોને પાણી પીવડાવે છે.પિતાશ્રી મયુરના જન્મદિવસ નિમિત્તે એક સરગવાનો છોડ મયુર પાસેખેતરમાં જ રોપાવે છે કેમકે સરગવો મયુરને બાળપણથી જ પ્રિય હતો.આવા માવતરને ખુશ જોઈ ખેતરમાં ઊભેલો ગરમાળો જાણે પુષ્પવર્ષા કરી રહ્યો હતો. તેનાં પુષ્પની સુવાસ સર્વત્ર વ્યાપી રહી હતી.

બોધ : આ વાર્તા પરથી બોધ મળે છે કે આપણને બાપદાદા તરફથી પ્રકૃતિની ભવ્ય વિરાસત વારસામાં મળેલ છે તો તેની જાળવણી કરવી તે આપણી નૈતિક ફરજ છે.

રીત-રીવાજ, પરંપરા, ખાણીપીણી, આચાર-વિચાર, ભાષા, બોલી, રહેણીકરણી જેવા સંસ્કાર આપણાં  પ્રાચીન ગ્રંથો રામાયણ, મહાભારત,વેદ, ઉપનિષદમાંથી મળ્યા છે.

જે આપણાં સાંસ્કૃતિક વારસાને ટકાવે  છે. પ્રત્યેક ધાર્મિક ગ્રંથો કુદરતના ખોળામાં જ રચાયા છે, એટલે કે આપણો ધાર્મિક, સાંસ્કૃતિક વારસો, પ્રકૃતિ (વૃક્ષો)નાં ખોળામાં જ પાંગર્યોછે.જો આપણે વૃક્ષોનું જતન કરીશું તો સાંસ્કૃતિક વારસાનું જતન આપોઆપ થશે જ. તેથી જ કહેવાયું છે કે "વૃક્ષોનું રક્ષણ સંસ્કૃતિનું રક્ષણ"પ્રકૃતિએ વણમાંગ્યે મને ઘણું -બધું આપ્યું છે તો હું પ્રકૃતિનું રક્ષણ કરીશ.

માનવકો ફૂલ ઔર છાયા દેતે હૈ વૃક્ષ,
હવા કો શુદ્ધ કરતે ઓક્સિજન દેતે હૈ વૃક્ષ,
પશુ -પક્ષી- કીટ-  પતંગે સબકો  ઘર દેતે હૈ વૃક્ષ,

સભી જીવો કો કિતનાં કુછ દેતે હૈ વૃક્ષ.”

પ્રકૃતિ તેમજ સંસ્કૃતિ તરફ પાછાં  વળવામાં હું મારાં જીવનનો નવ ઉન્મેષ જોઉં છું. પ્રકૃતિ જ મારી માતા છે તેને શત શત નમન.

વાર્તા નંબર: 78

શિક્ષકનું નામ : જીગ્નેશ દેવેન્દ્રકુમાર ત્રિવેદી

શાળાનું નામ : આદર્શ પીંપણ પ્રા.શાળા -તા.સાણંદ

## સદાકાળ ભારત મહાન

સવાર સવારમાં મોબાઈલની રીંગ વાગી. સ્ક્રીન પર આવતું નામ જોઈને જયેશે બૂમ પાડી. મમ્મી અમેરિકાવાળા ગૌરવ કાકાનો ફોન છે. મમ્મીએ સામેથી કહ્યું ફોન ઉપાડીને વાત કર. જયેશે ફોન ઉપાડ્યો.

જયેશે કાકાને જય શ્રી કૃષ્ણ કહ્યું. 'Hello son' હું ત્રણ દિવસ પછી ઇન્ડિયા આવી રહ્યો છું. મમ્મીને જાણ કરજે. આટલી વાત કરીને ગૌરવકાકાએ ફોન મૂકી દીધો.

મમ્મી ઓ ! મમ્મી ! એવી બૂમો પાડતા જયેશે મમ્મી પાસે આવીને કહ્યું મમ્મી હું તને આ વખતે કહી દઉં જો કાકા આ વખતે ભારત વિશે સહેજ પણ ઘસાતું બોલશે તો હું નહીં ચલાવી લઉં.બેટા શાંત થા. એ તારા કાકા છે. વડીલોને માન - સન્માન આપવું એ આપણી સંસ્કૃતિ છે.

મમ્મી હું ઓછો અપમાન કરવાનો છું ! હા, પણ વળતો જવાબ જરૂરથી આપીશ. માન મર્યાદા સાથે.

ત્રણ દિવસ પછી ગૌરવ કાકા ઘરે આવી પહોંચ્યા. બરમૂડો- ટીશર્ટ અને ગોગલ્સ પહેરેલા અને હાથમાં બિસલેરીની બોટલ. જયેશ કાકાને પગે લાગ્યો. ગૌરવકાકા બોલ્યા: "It'sokdearnot needed."મમ્મી તરત બોલ્યા ભાઈ આ તો આપણી ભારતીય પરંપરા છે. એ એમ ઓછી ભૂલાય ! okok . ભાભીહું તો હોટલમાં રોકાયો છું. આ તો તમને મળવા આવી ગયો.અરે ! ભાઈ ઘર હોયને તમે આમ બહાર રહો તે કેમ ચાલે? ભાભી સાચું કહું મને અહીં નહીં ફાવે.

સારું ચાલો I come on topic.બોલોને ભાઈ શું વાત છે? વાત એમ છે કે જયેશે મને આજે હું જ્યાં કહું ત્યાં એની કારમાં લઈ જવાનું છે. ચાલ !જયેશ તૈયાર થઈ જા.જયેશ તૈયાર થવાનું કહી અંદરના રૂમમાં ગયો. જયેશે એની મમ્મીને અંદર બોલાવીને કહ્યું: "જો કાકા અમેરિકાની ગૌરવગાથા શરૂ કરશે તો હું એમને ભારતનો આયનો બતાવીને રહીશ.

એ પછી જયેશ ગૌરવ કાકાને લઈ નીકળ્યો. ગૌરવ કાકાએ બેસતાંની સાથે ભારતનું ઘસાતું બોલવાનું શરૂ કર્યું. જયેશ આજે પણ ગંદકીમાં ભારત નંબર વન લાગે છે. અમારે અમેરિકામાં જબરજસ્ત ચોખ્ખાઈ. એ પછી તો રસ્તા પર જ્યાં દેશની ખરાબી શોધી શકાય એ બધી ખરાબી ગૌરવકાકાએ શોધી. રસ્તા કેટલા ખરાબ છે? રસ્તા પર આટલા બધા ભીખારી ! જયેશ એક પછી એક વાત સાંભળી રહ્યો હતો પણ અસહ્ય થતા જયેશેવિનયપૂર્વક પ્રતિકાર કરવાની શરૂઆત કરી. ગૌરવકાકા તમે જે દ્રષ્ટિથી ભારતને જુઓ છો એ દ્રષ્ટિ ખોટી છે. ગૌરવકાકા અને જયેશ આગળના ચાર રસ્તા પર પહોંચ્યા.જયેશે કાકાને કહ્યું,"કાકા આ પેલો માણસ ટ્રાફિક ક્લિયર કરાવી રહ્યો છે તે કોણ છે?" કાકા તરત બોલ્યા: "ટ્રાફિક પોલીસ." જયેશે જણાવ્યું કે કાકા આ એક સામાન્ય નાગરિક છે પણ ટ્રાફિક પોલીસ નથી તો પણ ટ્રાફિક ક્લિયર કરાવી રહ્યો છે આ છે ભારત. જે બીજાને મદદ કરવા રસ્તો કરાવી આપવા હંમેશાં તત્પર હોય છે. આજ તો છે ભારતની સંસ્કૃતિનો વારસો.

આ વારસો આજે પણ વહે છે ભારતમાં. કાકા તમને બીજી વાત કહું કે તમે ભારતની ગરીબીની મજાક ઉડાવો છો પણ અમેરિકાના ખૂબ મોટા વિસ્તારમાં ૩૫ કરોડ લોકો રહે છે અને અમેરીકાની સરખામણીએ આપણો વિસ્તાર ઓછો અને તેમાં ૧૩૫ કરોડ લોકો રહે છે. આ કારણે ગરીબી, ગંદકી જેવી તકલીફો છે પણ હા, ભારત એને જીતવાપ્રયત્ન કરી રહ્યું છે. તમે વારે વારે વિજ્ઞાનમાં આગળ અમેરિકા એમ બોલ્યા કરો છો.એનો અર્થ એ નથી કે ભારત પાછળ. તમે પણ જાણો છો કે વિજ્ઞાનમાં પ્રાચીન સમયમાં ભારતનું યોગદાન. કેટલાય વર્ષોની

ગુલામી બાદ ભારત ધીરે ધીરે ઉભું થઈ રહ્યું છે અને બધી રીતે પગભર થઈ રહ્યું છે.

આ એ ભારત છે જેણે બધા ધર્મો બધી સંસ્કૃતિઓને પ્રેમથી આવકારી છે. સ્વીકારે છે તે છતાં પણ ભારતની સંસ્કૃતિ આજે પણ જીવિત છે. કાકા ગાડીના આગળના ખાનામાં તમે મંગાવેલી ગંગાજળની બોટલ મૂકી છે એ જરા કાઢો. કાકા ભારત શું છે એ ગંગાજળ કહેશે. આ ગંગાજળ વરસો વરસ બોટલમાં આમ જ રહે છે. કોઈ જીવાણુઓ કે બીજું કાંઈ આ જળમાં પડતું નથી. બાકી તમે રાખી જુઓ બીજું પાણી આ રીતે બોટલમાં ને પછી થોડા દિન બાદ જુઓ શું થાય છે? કાકા આ છે ભારત. વિજ્ઞાનથી પણ જ્યાં ન પહોંચાય ત્યાં પહોંચવાની ભારત વાત કરે છે.

કેટલીક વાતો વિજ્ઞાનથી પણ પરે છે. વિજ્ઞાન જ્યાં પાછું પડે ત્યાં ભારતનું આધ્યાત્મિક વિજ્ઞાન કામ લાગે છે. ભારત પ્રેમની ભૂમિ છે. જ્યાં રામ, કૃષ્ણ, મહાવીર,બુદ્ધ,આર્યભટ્ટ,મીરા,નાનક,ગાંધી,સરદાર,શિવાજી,રાણીલક્ષ્મીબાઈ જેવા મહાનુભાવોની ભૂમિ છે. તમને તો ખ્યાલ જ હશે તમારી ખ્યાતનામ કંપનીઓમાં ભારતીયોનું યોગદાન. આજે કાકાનો સાંભળવાનો વારો હતો. જયેશ બોલે જ જતો હતો. કાકાને પોતાની ભૂલ સમજાઈ. ગૌરવકાકાએ જયેશની માફી માંગી અને હસતા હસતા ગાવા લાગ્યા.

“હૈ પ્રીત જહાં કી રીત સદા,મેં ગીત વહાં કે ગાતા હું,
ભારત કા રહનેવાલા હું,ભારતકી બાત સુનાતા હું.”

હું પણ ગીતમાં જોડાયો અને હસતાં- હસતાં ભારતની વાતો કરતાં-કરતાં ગૌરવ કાકા અને જયેશ ઘરે આવ્યા.

મમ્મી! ઓ, મમ્મી! કાકાએ તને કંઈક કહેવું છે. હા! બોલોને ભાઈ! ભાભી, સાચું કહું છું, જયેશેમારા વિચારોમાં પરિવર્તન લાવી દીધું છે. ભારતમાં જન્મ્યો પણ અમેરિકાના રંગે રંગાઈ ભારતની સંસ્કૃતિ ભૂલી ગયો હતો. ભારત તો ભારત છે. જ્યાં સંકડાશમાં પણ પ્રેમની મોકળાશ છે. જ્યાં તકલીફમાં પણ લોકો આનંદથી રહે છે.

ભારતની સંસ્કૃતિ - વારસો હજુ વિસરાયો નથી. લોકો આધુનિક તો થયા છે. પણ હજુ ભારતની સંસ્કૃતિ તેમનામાં યથાવત છે. ભારત ગઈકાલે મહાન હતું, આજે મહાન છે અને આવતીકાલે પણ મહાન રહેશે. ભારત સદાકાળ મહાન છે. ભાભી – જયેશ અને તમે બન્ને મારી સાથે બોલો-

"ભારત માતાકી જય"

ભારત માતાના જય જય કાર સાથે આખું ઘર ગુંજી ઉઠ્યું.